# અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ ભગવાન
# શ્રી ડાહ્યાભાઇ મહારાજનું જીવન ચરિત્ર




અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઇ મહારાજ

# શ્રી પ્રગટ પુરુષોત્તમ (સ્વામિનારાયણ સંપ્રદાય) - ભાદરણ સંસ્થા

## ગુરુ પરંપરા



અક્ષરભુવનમાં દર્શન દેતાં ને લીલા કરી'તી મહારાજ,
એવી મૂર્તિને ઈદંગ કરવા (૨) આવો શાહપુરની માંહ્ય....



અમદાવાદ - "અક્ષર ભુવન" મંદિર, સંવત ૨૦૧૧




પ્રસાદીનો હિંચકો

શ્રી પ્રગટ પુરુષોત્તમ ભગવાન        અક્ષરમુક્ત શ્રી મણિબા


# પ્રગટ શ્રી ડાહ્યાભાઇ મહારાજના સ્વહસ્તે પ્રાણ-પ્રતિષ્ઠા કરેલ દિવ્ય મૂર્તિઓ



શ્રી પુરુષોત્તમ ભગવાન　　શ્રી નારાયણ મુનિ ભગવાન



## શ્રી ભાદરણ ધામ



અક્ષરમુક્ત શ્રી પુંજાભાઇ પટેલ




અક્ષરમુક્ત શ્રી ગંગાબા પટેલ



અક્ષરમુક્ત શ્રી જશુભાઇ પટેલ



અક્ષરમુક્ત શ્રી રમેશભાઇ પટેલ



અક્ષરમુક્ત શ્રી જગદીશભાઇ પટેલ



અક્ષરમુક્ત શ્રી સુરેશભાઇ પટેલ

II શ્રી પ્રગટ પુરુષોત્તમાય નમો નમઃ II

## અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ
## શ્રી ડાહ્યાભાઇ મહારાજ જન્મ શતાબ્દી મહોત્સવ
## તા. ૦૨/૦૩/૦૪ - ૦૩- ૨૦૧૨ અંતર્ગત

# અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રી ડાહ્યાભાઇ મહારાજનું જીવન ચરિત્ર

## બ્રહ્મવિદ્યા પીઠ
## બાકરોલ ધામ

: પ્રકાશક :
શ્રી પ્રગટ પુરુષોત્તમ (સ્વામિનારાયણ સંપ્રદાય) ભાદરણ સંસ્થા
શ્રી ડાહ્યાભાઈ મહારાજ મંદિર ટ્રસ્ટ
મુ.પો. બાકરોલ, તા.જી. આણંદ (ગુજરાત) પીનઃ ૩૮૮ ૩૧૫.

: પ્રકાશક :

© શ્રી ડાહ્યાભાઈ મહારાજ મંદિર ટ્રસ્ટ, બાકરોલ

: પ્રકાશન :

સંવત ૨૦૬૮, ફાગણ સુદ દસમ

તા. ૦૩-૦૩-૨૦૧૨ ને શનિવાર

આવૃત્તિ :- પ્રથમ

પ્રત :- ૨૦૦૦

અમદાવાદ નિવાસી
અક્ષર નિવાસી શ્રી પુંજાભાઇ સોમાભાઇ પટેલ તથા
અક્ષર નિવાસી શ્રી ગંગાબા પુંજાભાઇ પટેલના સ્મરણાર્થે
તેમની સુપુત્રી
કુમારી શ્રી લીલાબેન પુંજાભાઇ પટેલના
અનુદાનથી ઘટાડેલી

કિંમત :- રૂપિયા ૨૦/-

: પ્રાપ્તિ સ્થાન :

શ્રી પુરુષોત્તમ નિવાસ (ટાવર)

શ્રી પ્રગટ પુરુષોત્તમ મંદિર - શ્રી બ્રહ્મવિદ્યા પીઠ

મુ.પો. બાકરોલ, તા.જી. આણંદ.

: મુદ્રક :

પરફેક્ટ ગ્રાફિક્સ, આણંદ. ફોન : (૦૨૬૯૨) ૨૫૧૯૩૭

# : નિવેદન :

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીના આધ્યાત્મિક વારસદાર, વડવાનળસમ પુરુષોત્તમરૂપ એવા શ્રી ડાહ્યાભાઈ મહારાજના ૧૦૧મા જન્મ દિન મહોત્સવના આપણે સૌ સહભાગી થયા છે. આપણો જન્મ અને ભગવાનની કૃપા બંન્ને આ ફેરે અધિકને અધિક પ્રાપ્ત થઇ છે. ભાદરણનિવાસી શ્રી પુરુષોત્તમ ભગવાને મુક્ત-મુમુક્ષુઓમાં ઉચ્ચ સ્થિતિવાળા અક્ષરમુક્તોને ભેગા કરી પુરુષોત્તમરૂપ થવા માટેની ભાદરણ સંસ્થામાં બ્રહ્મવિદ્યાની શાળા ખોલી. આ બ્રહ્મવિદ્યાની શાળાની ઉત્તરોત્તર પ્રગતિ ભાદરણનિવાસી શ્રી પુરુષોત્તમ ભગવાનના સુપુત્ર શ્રી નારાયણ મુનિ મહારાજે ચાલુ રાખી. ત્યારબાદ બાકરોલનિવાસી પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઇ ભગવાને બ્રહ્મવિદ્યાના તમામ પાસાઓને આજના યુગ પ્રમાણે હરિભક્તોમાં આજ્ઞા અને ઉપાસના દ્વારા પ્રવર્તાવી.

શ્રીજી મહારાજના વખતથી આધ્યાત્મિક તાપમાં પોતાના જીવાત્માને શુદ્ધ કરતા અક્ષરમુક્તોને મહારાજશ્રીએ પોષ્યા, અતિ કરૂણા કરી પોતાની સાથે રાખી તેમના અંતરના ષટ્રીપુઓને દુર કર્યા. ગૃહસ્થાશ્રમી બાઇ-ભાઇને તેમની ઉંમર, અવસ્થા પ્રમાણે જ્ઞાન પીરસ્યું. કેટલાય વળી તેમાં આજીવન બ્રહ્મચર્ય વ્રત ધારી બન્યા. કેટલાક ભારે લૌકિક વ્યવહારમાં રચ્યા પચ્યા હોવા છતા પંચ વર્તમાન પાળવામાં અવ્વલ બન્યા. કેટલાક તન-મન-ધન સમર્પણની પ્રતિકૃતિ રૂપ થયા. તો વળી કેટલાક હંમેશા યોગીઓને દુર્લભ એવી ધ્યાન, ધારણા અને સમાધિને સહજમાં ધારણ કરવાવાળા બન્યાં. સંસારી હરિભક્તોએ પોતાની જીવન શૈલી અનેકાનેક લૌકિક દુઃખોથી પર અને પારલૌકિક સુખોમાં મસ્ત થાય એવી અવસ્થા વિકસાવી.

# શ્રી પ્રગટ પુરુષોત્તમ (સ્વામિનારાયણ સંપ્રદાય) ભાદરણ-બાકરોલ સંસ્થામાં શ્રી પ્રગટ પુરુષોત્તમ ભગવાને આપેલી કેટલીક વિશેષતાઓ

૧. ગૃહસ્થાશ્રમ માટેનું સાકેટમ કલ્યાણ : અહિં આ સંપ્રદાયમાં બાઇ-ભાઇ સત્સંગી મુક્ત-મુમુશ્રુઓને પ્રગટ મૂર્તિની ઉપાસના, પતિવ્રતાની ભક્તિ કરવામાં સુગમતા રહી છે. વળી શ્રી હરિની મૂર્તિના પ્રથમ ચાર સુખ દર્શન, વાતો, પ્રસાદીને મળવું તેમાં કોઇ પણ જાતના ભેદભાવ વગર ગૃહસ્થાશ્રમ માટેનુ સાકેટમ કલ્યાણ થઇ રહ્યું છે.

૨. પંચવર્તમાન ત્યાગીઓના જે ગૃહસ્થોને પણ પાળવાના એ જાતનો નવિન ચિલો ચાલુ કર્યો. ત્યાગીઓમાં પણ હવે આછાં પાતળાને લુપ્ત રહેલા એવા નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન સંસારી સ્ત્રી-પુત્રવાળા સત્સંગી હરિભક્તોને પણ દૃઢ ટેક કરી પાળવા માટેનો આદેશ અને અમલ. (શ્રી ગુરુ જ્ઞાન ગીતામાં સવિસ્તાર સમજણ છે)

૩. આજે પણ શ્રીજી મહારાજ વખતની સમાધીઓ ભાદરણ-બાકરોલ સંચાલિત સત્સંગ સભામાં વિદ્યમાન છે.

૪. ફક્ત મુક્ત-મુમુક્ષુઓને ભેગા કરીને અતિ ઉચ્ચ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય (છઠ્ઠો) સિદ્ધ કરાવી, મુક્તની શિક્ષાપત્રી, શ્રી પુરુષોત્તમ વિજ્ઞાનામૃતમાં નિયમો બતાવી પુરુષમાંથી પુરુષોત્તમરૂપ બનવા માટેના જ્ઞાન-વિજ્ઞાનના અનુભવો સિદ્ધ કરાવ્યાને આજેય થાય છે.

૫. અનેકાનેક જન્મો, યુગો અને દસકાઓથી શાસ્ત્રોમાં જે લખ્યું છે તેના સરળ રીતે અર્થો સમજાવી મુક્ત-મુમુક્ષુઓને તેનો પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો.

૬. આજે પણ અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઇ મહારાજ મૂર્તિ, પ્રતિમા, સંત અને શાસ્ત્ર દ્વારે પ્રગટ રહીને હરિભક્તોના આધ્યાત્મિક મનોરથો પૂર્ણ કરે છે.

૭. પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી ભગવાન અહિં પૃથ્વી ઉપર કે પછી બીજા કોઇ બ્રહ્માંડમાં કોઇક વારના ફેરામાં નહોતા આવ્યા તે પહેલાનું અક્ષરધામાધિપતિ ભગવાનનું અનાદિના ઓળખાણનું ફકત ''પુરુષોત્તમ'' નામનું જ ભજન, જપ અને મહા મંત્ર લેખન.

૮. સિમેન્ટ-પથ્થરના નહિં પરંતુ દહ્ય દેહ દેવળમાં દેવ(પ્રગટ પ્રભુ) પધરાવવા તે ન્યાયે, ફક્ત નિવૃત્તિના આધ્યાત્મિક માર્ગને અનુસરીને અક્ષરાતીત મૂર્તિ મુક્ત-મુમુક્ષુઓના પરમ ચૈતન્ય જીવાત્મામાં પધરાવી હાલતાં-ચાલતાં મંદિરો કરી તેમા અનંત ભગવાનના અવતારો (શ્રી કૃષ્ણનારાયણ, શ્રી લક્ષ્મીનારાયણ ઇત્યાદિ) તથા તેત્રીસ કોટિ દેવતા (સૂર્ય, ચન્દ્ર, વરુણ ઇત્યાદિ) ચોસઠ કરોડ જોગણીઓ (અંબા, કાળકા, ભવાની ઇત્યાદિ માતાજીઓ) ની મૂર્તિની પુજન-વંદન-ઉપાસનામાંથી ઊર્ધ્વ સ્થિતિ કરી ફક્ત શુદ્ધ (ઉપાસનારૂપી) એકાંતિક ધર્મ પળાવી (એક અને માત્ર એક મૂર્તિવાળું સ્વરૂપ) પરબ્રહ્મનું છેલ્લું આધ્યાત્મિક પ્રગટ સ્વરૂપ (અત્યારે પ્રગટ શ્રી ડાહ્યાભાઇ મહારાજની જ ઉપાસના ભક્તિ (ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય પાંચમા સુધી)) પ્રાપ્ત કરાવી અક્ષરધામના અધિકારી થવાય છે.

આમ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને પતિવ્રતાની અચલ ભક્તિરૂપ શુદ્ધ એકાંતિક ધર્મની સંસ્થાપના દ્વારા અનંત મુક્ત-મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ કરવા માટે પ્રગટ થયેલ શ્રી પ્રગટ પુરુષોત્તમ ભગવાને ભક્તોને આધ્યાત્મિક હિંડોળે સુખિયા કરવા ઘણો મોટો દાખડો કરેલ છે. તે હેતુથી અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ શ્રી

ડાહ્યાભાઈ મહારાજના જન્મ શતાબ્દી વર્ષના પાવન પ્રસંગે તેમનું જીવન ચરિત્ર પ્રકાશિત કરવાનો શ્રી ડાહ્યાભાઈ મહારાજ મંદિર ટ્રસ્ટે નમ્ર પ્રયાસ કર્યો છે તે તેમના સંપૂર્ણ મહાસાગરરૂપ આધ્યાત્મિક જીવનમાંનું અંજલીભર આચમન સમાન છે.

આ પુસ્તકમાંનું લખાણ મહદ્અંશે મહારાજશ્રીના પ્રીતિ પાત્ર સેવક અને સખા એવા શ્રી પુંજાકાકાની સાંખ્યયોગી સુપુત્રી શ્રી લીલાબેન પુંજાભાઈ પટેલના લખેલા પ્રસંગો પરથી ટૂંકમાં વર્ણન કરીને લખેલ છે. જે બદલ શ્રી ડાહ્યાભાઈ મહારાજ મંદિર ટ્રસ્ટ તેમનું સદાય ઋણી રહેશે.

આશા છે કે, આ જીવન ચરિત્રમાં પ્રકાશિત કરેલ વિવિધ પ્રસંગોને હરિભક્તો વાંચે વિચારે અને પ્રગટ પ્રભુને યાદ કરીને સંભારે તો તેમના ઉચ્ચ આધ્યાત્મિક જીવનના તમામ પાસાઓમાં ફેરફાર અચૂક થશેજ. કારણકે, આ પુસ્તકમાંનું જીવન ચરિત્રએ સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાનના આ પૃથ્વી પરના હજુરને હયાત એવા પ્રગટ સ્વરૂપનું છે.

અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઈ મહારાજના આદેશો અને ઉપદેશોને જેટલા જીવનમાં ઝડપથી અપનાવીએ અને તે પ્રમાણે વર્તીએ તેટલો ઝડપી ભગવાનનો રાજીપો આપણે શતાબ્દી વર્ષના આ દાયકામાં પ્રાપ્ત થાય તેવી હાર્દિક શુભેચ્છા સાથે..

શ્રી ડાહ્યાભાઈ મહારાજ મંદિર ટ્રસ્ટના દરેક ટ્રસ્ટીઓના સર્વેને...

**જયશ્રી પ્રગટ પુરુષોત્તમ**

# અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રી ડાહ્યાભાઈ મહારાજનું જીવન ચરિત્ર

## ❖ પરબ્રહ્મનુ મૃત્યુલોક વિશે અવતરણ :

અનેક અવતારો પૃથ્વી ઉપર પ્રગટ થયા પરંતુ પરબ્રહ્મ પુરુષોત્તમનો મૃત્યુલોકમાં જન્મ એ કંઈ નાની સુની વાત નહોતી. અનેક જન્મોથી જીવે ભવસાગર પાર કરવા અનેકાનેક વાર જન્મ લીધો અને મૃત્યુ પામ્યો. અક્ષરધામાધિપતિ શ્રી પૂર્ણ પુરુષોત્તમ ભગવાને દરેક અવતારોએ જીવો બ્રહ્મરૂપ થઈને અક્ષરધામમાં પધારે તે હેતુથી જન્મ ધરાવ્યો. પરંતુ દરેક અવતારોએ પોતાના જીવનકાર્ય કરતાં પણ વધારે વર્ષો આ ધરતી પર રહ્યા પણ પરબ્રહ્મ પુરુષોત્તમનો મહિમા, એકાંતિક ધર્મ પ્રવતાવવાને બદલે પોત પોતાના ધામના આશ્રિત કર્યા. ફકત મુમુક્ષુજીવોના આત્યંતિક કલ્યાણ કરવા તથા પોતાના ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા ઈત્યાદિ છ મહાહેતુઓ સાથે સર્વોપરી શ્રી પુરુષોત્તમનારાયણે છપૈયામાં ઈ.સ. ૧૭૮૧માં જન્મ ધર્યો. બાળપણમાંજ ગૃહત્યાગ કરી ભારત વર્ષમાં તીર્થાટન કરી પોતાના સંપર્કમાં આવતા અનેક મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરી ગુજરાતના સૌરાષ્ટ્રમાં લોજ ગામ ખાતે આવી વસ્યા. ત્યાર બાદ ગઢડાને પોતાનું ચિરંજીવી ધામ બનાવ્યું. પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીએ સ્વામિનારાયણ ધર્મની સ્થાપના કરી મોક્ષાર્થી માટે ધર્મના દ્વાર ખુલ્લા મુક્યા. શિક્ષાપત્રી દ્વારા સંસારીજનોના કલ્યાણ માટેનું અનન્ય કાયદાશાસ્ત્ર આપ્યું. વચનામૃત ગ્રંથ દ્વારા આમ જનતાને તથા મુક્ત-મુમુક્ષુઓને કલ્યાણનો સરલમાર્ગ બતાવ્યો.

ગઢડામાં પાંગરેલી આ ધર્મ વેલ પર અનાદિ મૂળ અક્ષરમૂર્તિ શ્રી

ગુણાતીતાનંદ સ્વામીએ શાશ્વત રાખી પરબ્રહ્મનું પુરુષોત્તમપણું પ્રવર્તાવી જુનાગઢને ધામ બનાવ્યું. સ્વામીની વાતો દ્વારા પામર થી લઈને ઉત્તમ મુમુક્ષુ આત્માઓનું પરમ કલ્યાણ કર્યુ. અને ત્યારબાદ આ મૂર્તિમાન અક્ષરધામે ગુજરાતના મહુવા બંદરના એક દરજી કુટુંબના હરિભક્ત એવા શ્રી પ્રાગજી મહારાજ પર પોતાની અઢળક પ્રસન્નાતા ઐશ્વર્યે સહિત ઉતારી. તેથી આ પરંપરાને ગુણાતીત પરંપરા પણ કહેવામાં આવે છે. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની પ્રાંગરેલી આ ધર્મ વેલના પરબ્રહ્મરૂપી પુષ્પોથી સુગંધે ભાદરણના પાટીદાર શ્રી પુરુષોત્તમ મહારાજને આકર્ષ્યા. શ્રી પ્રાગજી મહારાજનો સતત તેર વર્ષ સુધી અઢળક સેવા-સમાગમ કરી હવે, શ્રી પુરુષોત્તમ નામથી નહિં પણ કર્મથી પણ પુરુષોત્તમરૂપે પ્રગટ્યા. શ્રી પુરુષોત્તમ મહારાજના સુપુત્ર શ્રી નારાયણમુનિ મહારાજે પિતાના ઐશ્વર્ય, ગુણ, એકાંતિક પુરુષોત્તમપણાની સ્થિતિ પારખીને સાંસારિક બંધનોને તોડીને ઉપાસના કરી તેમની આધ્યાત્મિક સંપત્તિના સાચા વારસદાર બન્યા. ભાદરણમાં તેમણે ચૌદ વરસ સુધી જ્ઞાની, મોક્ષાર્થી સર્વને સાથે રાખી ત્રિવિધ તાપથી મુક્તિ અપાવવા માટે જ્ઞાન કર્યું ને ધ્યાન કરાવ્યું. એ સર્વેમાં બાકરોલ નિવાસી શ્રી ડાહ્યાભાઈ મહારાજે આધ્યાત્મિક મુક્તિ માર્ગના તમામ આવરણોને પાર કરી શ્રી નારાયણમુનિ મહારાજનું સાંગોપાંગ ધ્યાન, કીર્તન, કથા, સેવા અને સ્મરણ થકી પરબ્રહ્મની પ્રસન્નાતા મૂર્તિરૂપે પ્રાપ્ત કરી. તો ચાલો આપણે પરબ્રહ્મના અંતિમ સાકાર પ્રગટ સ્વરૂપ શ્રી ડાહ્યાભાઈ મહારાજના જીવન ચરિત્રમાં ડોકિયું કરીએ.

## ❖ પ્રગટ શ્રી ડાહ્યાભાઈ મહારાજનો જન્મ અને બાલ્યકાળ:

અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઈ મહારાજનો જન્મ ગુજરાતના આણંદ જીલ્લાના બાકરોલ ગામમાં શ્રી શંકરભાઈ

મથુરભાઇ પટેલ સદ્‌ગૃહસ્થના ઘેર માતાશ્રી હરિબાના ખોળે સંવત ૧૯૬૮ના ફાગણ સુદ પૂનમ તા. ૦૩-૦૩-૧૯૧૨ને રવિવારના રોજ થયો હતો. તેઓને નાનપણથી જ કૃષ્ણ ભક્તિમાં પ્રીતિ હતી. રમત રમતાં શ્રી ડાહ્યાભાઇ મહારાજ ઇંટો અને રેતી-માટીની ડેરી કરતાં અને તેમાં પૂજન અર્ચન મન મૂકીને કરતાં, રોજ ગામના મહાદેવના મંદિરમાં દર્શન માટે જતા અને એક પગે ઉભા રહીને મહાદેવજીની સ્તુતિ કરતા તથા અન્ય મંદિરોમાં અવશ્ય દર્શનનો લાભ લેવા જતા. ધંધો મૂળ ખેતી એટલે સવારથીજ કુટુંબના પુરુષ સભ્યોને ખેતીના કામકાજમાં જોતરાઇ જવું પડતું. બાકરોલની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા શ્રી ડાહ્યાભાઇ મહારાજને તેમના શિક્ષક અને બાકરોલના રહેવાસી રણછોડભાઇ માસ્તર ભણાવતાં. શ્રી રણછોડભાઇ માસ્તર પણ પ્રભુ ભક્તિ પરાયણ હતા. તેમને શ્રી ડાહ્યાભાઇ મહારાજ જેવા ઉચ્ચ મુમુક્ષુ મળતાં ભજન-ભકિતમાં વેગ મળ્યો. રોજ ગુરુ અને શિષ્ય ગામમાં ભેગા મળીને કીર્તન બોલતાં અને કથા-સત્સંગનો લાભ લેતા. ગામમાં કોઇપણ પ્રકારનો ધાર્મિક કાર્યક્રમ હોય તો આ ગુરુ-શિષ્યનો સંગાથ હંમેશ સાથે રહેતો ને ભેગા મળીને આધ્યાત્મિક પ્રસંગનો લાભ લેતા.

એક વખત ગામમાં વરસાદ ખેંચાયો. પાણીની ખેંચ અને અસહ્ય ગરમીથી બાકરોલની જનતા ત્રાહિમામ પોકારી ગયા. ગામ લોકોનું દુઃખ જોઇને આ ગુરુ-શિષ્યની મંડળીએ ગામની ભાગોળે ઉપવાસ આદર્યો. ત્રણ દિવસના સતત ઉપવાસ બાદ મેઘ-રાજા રીઝયા અને ગામમાં ખૂબ વરસાદ થયો. આ પ્રસંગ પછીથી શ્રી ડાહ્યાભાઇ મહારાજ તથા તેમના ગુરુ શ્રી રણછોડભાઇ માસ્તરને ગામના લોકો ખૂબજ સદ્‌ભાવથી જોવા લાગ્યા અને બંન્ને ગુરુ-શિષ્યનું ગામમાં માન વધ્યું. શ્રી ડાહ્યાભાઇ મહારાજે સાત ચોપડી સુધીનો અભ્યાસ બાકરોલની પ્રાથમિક શાળામાં કર્યો. ત્યારબાદ આઠ અને નવમું ધોરણ

કરમસદ માધ્યમિક શાળામાં પૂર્ણ કરી મહારાજશ્રી દસમાની (મેટ્રીક)ની પરીક્ષા ગરીબ પરિસ્થિતિને લીધે કરી શક્યા નહિં. ત્યારબાદ તેમનો પૂરો સમય ખેતી કામકાજમાંજ વીતવા લાગ્યો.

## ❖ યુવાન વયમાં પ્રગટશ્રી ડાહ્યાભાઈ મહારાજ :

શ્રી ડાહ્યાભાઈ મહારાજના કુટુંબમાં અન્ય એક મોટા ભાઇ શ્રી રણછોડભાઇ તથા ત્રણ બહેનો હતા. ત્રણેય બહેનોના લગ્ન અનુક્રમે ધર્મજ, નાપાડ અને આણંદ મુકામે થયા હતા. કુટુંબની જવાબદારી, ઓછી ખેતી અને વ્યવહારના કામો નિપટાવતા કુટુંબનું ગુજરાન ચલાવવા માટે મુશ્કેલ બન્યું. વળી આ અરસામાં શ્રી ડાહ્યાભાઇ મહારાજના લગ્ન પિતાશ્રી માવજીભાઇના પુત્રી મણિબા સાથે સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના માંડાવદર ગામમાં થયો હતો. પૂજ્ય શ્રી મણિબા પણ શ્રી ડાહ્યાભાઈ મહારાજની આજ્ઞામાં રહીને સંસારરૂપી રથને ચલાવતા હતા. શ્રી ડાહ્યાભાઇ મહારાજ તથા મણિબાને એક પુત્ર અને બે પુત્રીઓ સંતાનમાં હતા. પરંતુ બાલ્યકાળમાંજ એક પુત્ર અને એક પુત્રીનું અવસાન થયું હતું. આમ, મહારાજશ્રીને મધુબેન નામે એકમાત્ર પુત્રી હતી. જ્યારે તેમના વડીલ બંધુ શ્રી રણછોડભાઇના પત્નીનું નામ સૂરજબેન તથા તેમના થકી એક સંતાન શ્રી બચુભાઇ હતા. બે ભાઇઓના સંયુક્ત કુટુંબમાં અનેરો આનંદ અને ભજન-ભક્તિમાં અભિરુચિ હતી.

## ❖ અમદાવાદમાં ગુરુ બબુભાઈનો સમાગમ :

ગરીબ સ્થિતિને લઇને મહારાજશ્રી બાકરોલ છોડીને અમદાવાદ ખાતે સરસપુરમાં આવેલી શ્રી આચાભાઇની મિલમાં શાળ ખાતામાં નોકરીએ લાગી ગયા. અને મીલના ઝાંપાની સામે શણગાર શેરીમાં શિઝડાના ઝાડ પાસે એક નાની સરખી ઓરડીમાં ભાડેથી રહેવા લાગ્યા. શ્રી ડાહ્યાભાઇ મહારાજ, મણિબા અને મધુબેન સુખેથી રહેવા

લાગ્યા. નોકરી કરતા હવે આર્થિક પરિસ્થિતિ સુધરતી ગઇ. ધાર્મિક ભક્તિ ભાવનાને લીધે સરસપુરના મહાદેવના મંદિરે દર શનિવારે મહારાજશ્રી ગરીબ વ્યકિતઓને ભોજન-પ્રસાદ પીરસતા હતા. તેમની આવી ભક્તિ ભાવનાને જોઇને આચાભાઇની મીલમાં સાથે નોકરી કરતા એક ગૃહસ્થ હરિભક્ત શ્રી બબુભાઇએ ભાદરણમાં પ્રગટ ભગવાન બિરાજમાન છે ને અમે તેના આશ્રિત થયા છીએ એમ શ્રી ડાહ્યાભાઇ મહારાજને વાત કરી. પહેલેથી મહારાજમાં ઉત્તમ ભક્તિનો રંગ હતો ને આજના આ ઘોર કળિયુગમાં પ્રગટ ભગવાનની વાત સાંભળી, ડાહ્યાભાઇ મહારાજ તેમના ગુરુ બબુભાઇ સાથે પહેલવહેલા ભાદરણમાં ઇ.સ. ૧૯૩૯માં પધાર્યા. અને ગુરુ બબુભાઇએ શ્રી ડાહ્યાભાઇ મહારાજની ઓળખાણ શ્રી પુરુષોત્તમ મહારાજ તથા નારાયણમુનિ મહારાજને કરાવી ત્યારબાદ ડાહ્યાભાઇ મહારાજ ભાદરણમાં સમૈયા, પૂનમ, ઉત્સવોમાં જવા લાગ્યા. ને અહિં સરસપુરમાં શ્રી પુરુષોત્તમ ભગવાનના આશ્રિત એવા મોટા ખોડાભાઇ, નાના ખોડાભાઇ, પુરુષોત્તમભાઇ, કરસનભાઇ, વાલજીભાઇ, ભીખાકાકા ઉત્યાદિક મોટે ભાગે મીલમાં નોકરી કરતા હરિભક્તોના મંડળમાં ભજન-સત્સંગનો લાભ લેવા લાગ્યા. આ સર્વે હરિભક્તો શ્રી મોટા ખોડાભાઇને ઘેર ભેગા મળીને બબુભાઇ સાથે સમાગમ કરતા.

## ❖ પ્રથમ દૃષ્ટિ એ જ શ્રી પુરુષોત્તમ મહારાજની દૃઢ નિષ્ઠા :

ડાહ્યાભાઇ મહારાજ જ્યારે પહેલવહેલા ભાદરણ પુરુષોત્તમ મહારાજના દર્શને ગયા ત્યારે શ્રી પુરુષોત્તમ મહારાજે તેમને આવકાર્યા ને કહ્યું જે, તમે આજે આવેલા મુક્ત નથી પણ પૂર્વના ખૂબ જુના મુક્ત છો. વળી, પત્ર દ્વારા પણ કહ્યું જે, તેઓ ખૂબ જુના મુક્ત છે અને તેમનું પૂર્વેનું બીજબળ અધિક છે એટલે ડાહ્યાભાઇ મહારાજને કેડે જે ફરે તેના

મનોરથ પૂરા કરવા તથા કલ્યાણ કરવું એ પુરુષોત્તમ મહારાજ કહે જે, અમારે માથે કર છે. અને ભાદરણ આવો તો શાંતિ થાય છે તે સુખે ધરાઇ જવું નહિં પણ અધિક ને અધિક સુખ અને શાંતિ થાય એમ માગવું એવું શ્રી પુરુષોત્તમ મહારાજે શ્રી ડાહ્યાભાઇ મહારાજને પત્ર દ્વારા જણાવ્યું.

## ❖ શ્રી પુરુષોત્તમ મહારાજની કસોટીમાં પાર ઉતર્યા :

એકવાર શ્રી પુરુષોત્તમ મહારાજે શ્રી ડાહ્યાભાઇ મહારાજને પત્ર લખ્યો જે, જ્યાંથી ભગવાન ઓળખાયા ત્યાંથી નોકરી કરો છો. ત્યાંથી દસુંદનો ભાગ બાકી છે. તમે આપ્યો નથી. તે તમારો વાંક નથી કેમકે, પ્રભુ પાસે અષ્ટ સિદ્ધિ નવ નિધી. તે શું કરવા કોઇકને દસુંદ માગે જ? પણ આતો પાંચ પ્રકારના નિશ્ચયમાં દસુંદ માગીયે છીએ. તે બદલો નહીં આપે તેને ભાદરણ પેસવા નહીં દઇએ. કેમકે કર્યા ગુણને જાણે નહિ તે કૃતઘ્ની કહેવાય. આવો પત્ર વાંચીને કંઇ પણ બીજો વિચાર કર્યા વગર તરત જ ડાહ્યાભાઇ મહારાજ એ વખતે શાહપુર આવેલા શ્રી પુરુષોત્તમ મહારાજને દસુંદના પૈસા આપવા પહોંચી ગયા. પછી પુરુષોત્તમ મહારાજ કહે, હજુ તમે સત્સંગમાં નવા આવેલા છો ને અમારા પત્રથી તમને સહેજ પણ સંશય ન થયો તેથી તમારી નિષ્ઠા તે પાકી જણાય છે. ને આવી ને આવી ભક્તિ કરતા રહેજો.

## ❖ શ્રી નારાયણ મુનિ મહારાજની નિશ્રામાં :

તા. ૧૫-૦૯-૧૯૪૦ના દિવસે અક્ષરાતીત શ્રી પુરુષોત્તમ મહારાજ ધામમાં પધાર્યા. ત્યારબાદ સતત શ્રી ડાહ્યાભાઇ મહારાજ મુનિ મહારાજના સમાગમમાં રહેતા. તેમાં તા. ૦૯-૧૧-૧૯૪૦ના રોજથી વિધિવત શ્રી નારાયણ મુનિ મહારાજ પાટે બેઠા. તે અરસામાં અનેકાનેક હરિભકતોને ઐશ્વય, સમાધિ, પરચાનો અનુભવ થયો. શ્રી ડાહ્યાભાઇ મહારાજે પણ દઢપણે કરીને શ્રી નારાયણમુનિ મહારાજની પરબ્રહ્મ ભાવે ઉપાસના ભક્તિનો પ્રારંભ કર્યો.

શ્રી ડાહ્યાભાઇ મહારાજ સમૈયો આવે ત્યારે સેવા કરવા માટે પાંચ દિવસ અગાઉ જતા. અને સમૈયાની તૈયારીઓ બીજા સંતો સાથે શ્રી મુનિમહારાજને કરાવતા. સમૈયામાં કીર્તન ભક્તિ રાતો રાત કરતા, તેવી રીતે સમૈયો પૂરો થયા બાદ પાછળ રહેલી સેવા જેવી કે, અનાજ અને મંદિરની સાફસૂફી, સંડાસ/બાથરુમની સફાઇ વગેરે નીચી ટેલની સેવા પણ હર્ષથી કરતા.

## ❖ સરસપુરમાં મહારાજશ્રીનું કઠિન તપ :

હવે, ઘરે રહીને પણ શ્રી ડાહ્યાભાઇ મહારાજે કઠિન તપ શરૂ કર્યુ. સવારે મીલમાં જાય. સાંજના ઘરે આવીને સરસપુરના ભક્તો સાથે બેસી સંત-સમાગમ કથા વાર્તા વિશેષે કરતા. ત્યાર બાદ ઘરે આવીને રાત્રે ધ્યાનમાં બેસતા અને ધ્યાનમાં બેસી રાત્રી પૂરી કરતા. દિવસે દિવસે અખંડ ભક્તિ પરાયણ એવા શ્રી ડાહ્યાભાઇ મહારાજની ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની સ્થિતિ વધતી ગઇ. મહારાજે તેમના ધર્મપત્ની મણિબાને કહ્યું, હું તને આ રૂપિયાને મિલ્કત આપી દઉં છું તું અને મધુ બે વતનમાં ચાલ્યા જાવ. કારણકે, હવે મને મૂર્તિરૂપી ચિંતામણી મળી ગઇ છે. હવે મારે મારા જીવનું કલ્યાણ કરવું છે. શ્રી ડાહ્યાભાઇ મહારાજની આ વાતો સાંભળી પૂજ્ય મણિબા તેમને કહે જે, જો તમારે તમારા જીવનું કલ્યાણ કરવું હોય તો મારે પણ મારા જીવનું કલ્યાણ કરવું છે. માટે આપણે બે ભેગા મળીને પરબ્રહ્મની પ્રસન્નાતા મેળવીએ. ખરેખર, આવું કહેનારું કોઇ શૂરવીર ભક્ત જ નીકળે. કારણ કે, પૂજ્ય મણિબાએ સ્વયં શ્રીજીમહારાજ વખતના ઉદેપુરના રાજાના રાણી એવા ઝમકુબા (માતાજી)નો અવતાર હતા. જે શ્રી મુનિમહારાજે આ વાતની પુષ્ટિ સભામાં કરી હતી. માટે આવું બીજબળવાળુ પાત્ર જ સંસારમાં રહીને ભક્તિ-ભજનમાં એકસૂત્રતા આપી શકે છે.

શ્રી ડાહ્યાભાઇ મહારાજ મીલના શાળ ખાતામાં નોકરી કરતા ને

સંચો ચલાવતા પોતાના અંગૂઠાના નખમાં શ્રી મુનિ મહારાજની મૂર્તિ ધારીને પ્રગટ પ્રભુના ધ્યાન, ધારણા કરતા. સામાન્ય રીતે એક વ્યક્તિ એકજ સંચો ચલાવે જ્યારે મહારાજશ્રી બે હાથે એક સાથે બે મશીન ચલાવતા ને અખંડ અંતરમાં ભગવાનના નામનું ઉચ્ચારણ મોંઢે અથવા મનમાં કરતા. તથા બહાર મૂર્તિ દ્વારે કે અંતરથી શ્રી નારાયણમુનિ મહારાજનું ધ્યાન કરતા. જો બહુ ઘોંઘાટ કે અકડામણ હોય તો મહારાજશ્રી સરસપુરની મસ્જિદના એકાંતમાં બપોરના પહોરમાં જતા ને ત્યાં ધ્યાનની ધૂણી લગાવતા. મહારાજશ્રીએ આ અરસામાં ઘરે રહીને પોતાની રીતે ૨૭૩ વચનામૃતમાંથી તેનો સાર (મુખ્ય ઉપદેશ, વાક્ય) લખ્યો. અને તે અવશ્ય મીલમાં રોજ લઇ જતા. ને સંચે એક કોરે મુકીને તેનું વાંચન અને ત્યારબાદ સતત મનન કરતા. જેમ બને તેમ ભગવાનમાં અખંડ વૃત્તિ રહે તેમ કરતા. વૃત્તિને કુંવારી રાખવાનો અભ્યાસ કરતા.

કોઇ કામ વિશે કોઇક હરિભક્તના ઘેર જવાનું થાય તો મહારાજશ્રી ઘરના બારણે ઉભા રહીને ટૂંકમાં વાર્તા કરીને પછી તરત જ નીકળી જતા. સરસપુરમાં કામ સિવાય કોઇ પણ હરિભક્તના ઘેર મહારાજશ્રી જતા નહોતા. ને અખંડ વૃત્તિ ને ધ્યાન કેમ થાય તેનો અભ્યાસ કરતા. વૃત્તિ તૂટે તો જેટલીવાર વૃત્તિ ટૂટે એટલો દંડ ભરતા. વળી, નાની સરખી ઓરડીમાં રહેતા શ્રી ડાહ્યાભાઇ મહારાજ ભૂલથી જો મણિબાને પગ કે હાથ અડે તો તેટલી વખત દસ પૈસા લેખે ભાદરણ મુનિમહારાજને દંડ ભરતા. એવો નિષ્કામી વર્તમાનનો દૃઢાવ કરતા. વળી, પોતાની દિકરી મધુને જો કોઇ શેરીના છોકરા-છોકરીઓ માર મારે તો મધુબેન મહારાજશ્રીને ફરિયાદ કરતા તો વળી, મહારાજશ્રી કહે, ક્યા છોકરાઓએ તને માર્યુ છે તું બોલાવી લાવ. એટલે મધુબેન એ છોકરાઓને બોલાવી લાવે તેથી મહારાજશ્રી તે દરેક છોકરાઓને મુઠી મુઠી ચણા આપતા. મધુબેન તેનો વિરોધ કરે એટલે મહારાજશ્રી તે છોકરાઓને કહે, જે લે મુઠી વધારે ચણા તે મારી છોકરીને રીઢી કરી

એટલે હું તને ચણા આપું છું. આમ મહારાજશ્રીએ નિઃસ્નેહ વર્તમાન પાળીને સગા-સંબંધી પ્રત્યે સ્નેહ ઓછો કર્યો. મહારાજશ્રીને જે પગાર જે તારીખે મળે એટલે તરત જ ભાદરણ મુનિ મહારાજને જઇ પગારના મોટા ભાગના પૈસા આપી આવતા. ને રેશનીંગના એ જમાનામાં સારા ચોખા રેશનીંગથી મળતા તો તે સારા ચોખા ભાદરણ મંદિરમાં આપી આવતા. ને પોતે દુકાનેથી કણકીવાળા ચોખા ઘર માટે લેતા. આ રીતે મહારાજશ્રીએ નિર્લોભ વર્તમાન પાળતા. વળી, જમવામાં મહારાજશ્રી ફક્ત રોટલોને મગ લેતા. એક વખત એક લોટો ભરીને બજારમાંથી છાસ લાવતા તે પીતા ને વળી બીજે દિવસ એ અડધા લોટામાં એટલું જ પાણી ઉમેરી પીતા તે જ્યાં સુધી ફક્ત પાણીજ ન રહે ત્યાં સુધી તે છાસવાળું પાણી પીતા. આ રીતે મહારાજશ્રીએ નિર્સ્વાદ વર્તમાનની ટેવ પાડી. જ્યારે મહારાજશ્રી, સમૈયામાં સેવા કરતા તો દેહની બિલકુલ દરકાર રાખતા નહિં. જે સેવા મુનિ મહારાજ કહે તે અતિ હોંશેથી દોડી દોડીને કરતા. તેથી કંઇ પણ સેવા માટે મહારાજશ્રી ઉભા રહેતા. એક વખત સભામાં મહારાજશ્રી ઘણા દિવસની સેવા અને ઉજાગરા બાદ સમૈયામાં મુનિ મહારાજનું સભામાં ઊભા ઊભા દર્શન ધ્યાન કરતા અચાનક અશક્તિને લીધે ભરી સભામાં નીચે ફસડાઇ પડ્યા હતા. કોઇ હરિભક્ત ગમે તેમ બોલે, કહે, કરે પણ મહારાજશ્રી સદા આનંદમાં મુનિમહારાજની મૂર્તિમાં તલ્લીન રહેતા. જેથી મહારાજશ્રીનું નિર્માની વર્તમાન પોષાતું હતું.

મુનિમહારાજશ્રી અવારનવાર અમદાવાદ દર્શન દેવા આવતા. ત્યારે શ્રી ડાહ્યાભાઇ મહારાજ ટ્રેનમાંથી ઉતરે ત્યારથી સાથે જ રહેતા. અને કેટલીકવાર તો તેમને પાછા ભાદરણ મૂકી આવતા. આ આખો સમય એક ચિત્તે પ્રભુની મૂર્તિ ઉતારવામાં ગાળતા. રવિવારે રજાના દિવસે સરસપુરનું મંડળ લઇ શાહપુર વગેરે જગ્યાએ ભક્તોને મળવા જતા. અને આખો દિવસ ધ્યાન-ભજન-કીર્તનમાં ગાળતા. શ્રી

ડાહ્યાભાઈ મહારાજે સતત ચૌદ વર્ષ સુધી મુનિ મહારાજની અહોનિશ સેવા-ભક્તિ-ઉપાસના કરી છે. ચૌદ વર્ષ સુધી ઊંઘનુ પૂર્ણ સુખ લીધું જ નથી. દેહ વહેવારમાં અને મન ભગવાનમાં એમ ને એમ ચાલુ રાખ્યું. મુનિમહારાજશ્રીનો તેમના પ્રત્યેનો જ્ઞાન-સમાગમ તેમને લખેલા કેટલાક પત્રમાંથી જણાય આવે છે.

## ❖ મહારાજશ્રીનો પત્ર દ્વારા સમાગમ :

હે ભાઈ ડાહ્યાભાઈ જેટલી ભૂખ તેટલું ભાવે. ઘણા હરિભક્તો કહે છે કે જે નોકરી છોડીને ભજન કરીએ, પરંતુ એના એ જ માણસો પેન્શન આવે ત્યારે વલખાં માર્યા કરે છે. માટે દેહ વહેવારમાં અને મન ભગવાનમાં એમ રાખે તો જ એમને એમ ઠેઠ પાર પડે. માટે સો વાતની એક વાત જે ભગવાન સંભાર્યા કરવા એમાંથી જેમ થાય તેમ એક મુદ્દો રાખવો.

વળી તા. ૨૭-૧૨-૪૦ રાત્રે ૧-૪૦ વાગ્યાના પત્રમાં છે જે, હે ડાહ્યાભાઈ સાંભળો જે આશ્રિત કહેતાં આશરો તે પ્રથમ પ્રકરણ ૩૩ના વચનામૃતમાં આશરાનું રૂપ બતાવ્યું છે તે વાંચો. જુઓ તમે પહેલવહેલા નવા આવ્યા, તમને તાવી જોયા જે દસુંદ આપે તો આવે, તે પ્રમાણે તમે અઢી માસની તરત દસુંદ આપી, તો તમને ચઢતો ને ચઢતો રંગ આનંદ થતો ગયો. તેનું કારણ જે, પ્રભુનું વચન તમે પાળ્યું. પાછું ઠેલ્યુ નહિ. પ્રભુને પૈસાની ખોટ નથી. છતાં પ્રભુના કાગળથી જ તમે શાહપુર આપી ગયા. જુઓ કાગળથી તમને સંશય થયો નહિં. માટે તમારો આશરો ખરો. લોયાના ૧૨ પ્રમાણે તો નિશ્ચય છે. તો પ્રભુએ ઉન્મત પેઠે વાણી ઉચ્ચારી તો પણ તમે બંને નવા આવેલા છતાં કોઈ રીતે અભાવ આવેલો નહિં. તે અત્યારે તમે પાકા થયા. જેમ કુંભાર હાંડલું આપે છે અને ખખડાવી જુએ છે - રણક રણક બોલે છે. માટે તમે રણક્યા કહેતાં મોંઢુ શોકાતુર થયું નહિ અને આનંદ વરત્યા કરતો. હું

શાહપુર હતો અને તમારે અને અમારે ગાઉનું છેટું પણ દરરોજ સાંજે આવતા માટે હે ભાઇ, આશરો તમારો પાકો છે, નહિ તો પહેલવહેલા આવેલા અને એવી ઉન્મત દશા પ્રભુની જોઇ જરા પણ શંકા ના થઇ. આનંદ આનંદ થયો. માટે આ જન્મના નવા પણ પૂર્વના જૂના છો, નહિ તો આપણા શાસ્ત્ર પ્રમાણે શંકા થયા વિના રહે જ નહિં. માટે હે ભાઇ આશરો પાકો છે. માટે શી ફિકર કરો છો? ધણી સમર્થ છે. આનંદમાં રહો. અને નિશદિન આનંદ વધે એવો ઉપાય કરવો તે મધ્યના ૪૯માં લખ્યું છે જે કથા વાર્તા કીર્તન અને ધ્યાન તમે પણ કરજો અને અમે પણ કરીએ છીએ. એ આજ્ઞા થઇ. તે આજ્ઞા પ્રમાણે વરતીએ એટલે માલીક આનંદ કેમ નહિ વધારે? વરતાલ ૧૮માં છે જે ગમે તે ભાવે આશરો કરે તો તે નિર્ગુણ થઇ જાય તો હે ભાઇ તમોએ તો ભક્તિભાવે આશરો કર્યો છે તો હવે શું બાકી છે?

વળી પત્રદ્વારા એ શ્રી મુનિમહારાજનો સંગ અઢળક હતો. મુનિ મહારાજને પણ સરસપુરના હરિભક્તો પ્રત્યે ખૂબજ હેત હતુ તે નીચેના પત્ર દ્વારા જણાય આવે છે.

## ❖ સરસપુરના ભક્તો પ્રત્યે મુનિ મહારાજની પ્રીતિ :

સરસપુરના ભક્તોનો પ્રેમભર્યો પત્ર વાંચીને હૈયું ભરાઇ આવ્યું. જેથી તરત ઉત્તર લખાયો નહિ, તેથી અનંતવાર માફી માગુ છું કહેતા હંમેશાં વાટ જોતા હતા તેમ જોતા હશો. કારણકે પ્રભુના માયિક ચરિત્ર જોઇને પણ નિશ્ચયમાં ડગમગાટ થાય નહિ અને મન જાણે જે પ્રભુ અર્થે શું કરું? એમ ઊલ્ટો પ્રેમ વધતો જાય એવા સરસપુરમાં પેટના પોષણ માટે ઉદ્યમ કરવા રહેલા અને પ્રભુ પરાયણ છે – તન મન ને ધન જેમનું એવા ભક્તોનો અનહદ પ્રેમરૂપી પત્ર વાંચીને ઘણો જ આનંદ થયો કે અહો શું ! આપણું ભાગ્ય છે. ગમે તેવાં ચરિત્ર જોઇને પણ કુતર્ક થાય નહિ – એવાં બાઇ ભાઇ પ્રત્યે મારા અનંતવાર જયશ્રી પુરુષોત્તમ છે.

આવી રીતે શ્રી નારાયણ મુનિ મહારાજ તેમની ભક્તિને વખાણતા, વળી મુનિ મહારાજનો બીજો પત્ર તેમની પ્રત્યે છે જે- સરસપુરથી પત્ર પોત્યો ઉત્તર જે હે ડાહ્યાભાઇ હાલ મારાથી સરસપુર અવાય તેમ નથી, કારણકે, ભરૂચથી આવવા પત્ર આવ્યો છે જે અમે આવવાના છીએ. વળી છોટાઉદેપુરના તો હાલ છે જ. બીજા આવવાના છે. જેથી રોકાણ થયું છે. નહિ તો બે કલાક આવી જાત. વળી બે ત્રણ દિવસ સુધીમાં પુનમ આવે છે. માટે શું કરું? મારું મન સરસપુરના ભક્તો તરફ જ છે, તેવું બીજે હાલ કોઇ જગ્યાએ નથી. જેવું સ્વામિનારાયણે ભક્ત-ચિંતામણીમાં લખ્યું છે કે, જેવી ભક્તિ ગુજરાતની એવી નથી ત્રિલોકમાંય. તેમ સરસપુરના પ્રેમીભક્તોથી મન તણાય છે કે ક્યારે સરસપુર જવુ. પણ શું કરું? ધીરે ધીરે રસ્તો કરવા રાતદિવસ વિચાર રહે છે કે કયો રસ્તો કરું તો સરસપુર જવાય પણ ઉપરાઉપરી સંજોગો એવા આવે છે તે બની શક્તું નથી. એમ રાતદિવસ સરસપુરના ભક્તોનું જ ધ્યાન રહ્યા કરે છે. જેવી ઇચ્છા છે તમને અમારી, તેવી ઇચ્છા છે અમને તમારી. માટે ખરી વાત લખી છે.

એક વખત ભાદરણમાં સમૈયો ભરાયો હતો. બધા હરિભક્તો ભજનમાં બેઠા હતા. શ્રી ડાહ્યાભાઇ મહારાજ કોઇ દિવસ સભામા બેસે ત્યારે પાછળ કે વચ્ચે ના બેસે, હંમેશા મહારાજ સન્મુખ આગળ જ બેસતા. એટલે મુનિ મહારાજે ભગતોને પૂછ્યું જે, આ ભાઇ બેઠા છે તેમને તમે ઓળખો છો? ત્યારે બધા કહે, હા મહારાજ આ ડાહ્યાભાઇ છે અને અમદાવાદ સરસપુરમાં રહે છે. ત્યારે મુનિ મહારાજ બોલ્યા જે, આ ડાહ્યાભાઈ છે તે બહુ સમજણવાળા છે. બહુ ભાવવાળા છે અને નિર્માની છે. મહારાજ આવુ બોલ્યા એટલે બધા ભગતો તેમની સામુ જોઇ રહ્યા. આ પ્રમાણે શ્રી મુનિ મહારાજે તેમના વખાણ કર્યા. શ્રી મુનિ મહારાજ બારેજા, મિરોલી, ગામડી, ભરૂચ, લીંગડ, છોટાઉદેપુર વગેરે જગ્યાએ જતાં શ્રી ડાહ્યાભાઇ મહારાજ તેમની સાથે જતા અને ઘણી વાર

તો મુનિ મહારાજને પાછા ભાદરણ સુધી મૂકવા જતા. શ્રી ડાહ્યાભાઇ મહારાજે પ્રભુ પ્રસન્નાતા માટે કોઇ ઉપાય બાકી નહોતા રાખ્યા. અમદાવાદ સરસપુર અને ભાદરણમાં સમૈયા ઉત્સવો દરમિયાન શ્રી ડાહ્યાભાઇ મહારાજની કઠોર તપશ્ચર્યા વૃધ્ધિ પામતી ગઇ.

એક વખત ઉનાળામાં મુનિ મહારાજ શાહપુર આવેલા ત્યારે સોમાકાકાનો કાગળ આવ્યો કે હે, મહારાજ અત્યારે બધાને વેકેશન છે. તમે બધાને લઇને ભરૂચ આવો. હરિબેન, કપીલાબેન, બચીબેન, લીલાબેન અને મણીબેન અને સાથે શ્રી ડાહ્યાભાઇ મહારાજ બધા ભરૂચ ગયા. ત્યાં સોમાકાકા અને કાશીબા બંન્ને શિવ-પાર્વતીનો અવતાર હતા. તેઓએ મુનિ મહારાજ તથા અન્યોની ખૂબ સરભરા કરી. દરરોજ સવાર બપોર કથા-વાર્તા અને રાત્રે કીર્તન થતા. એક રાત્રે હરિબેન ભજન બોલ્યા જે,

હોલોને હોલી ભજન કરે છે,
ઇંડા મુક્યા ચાર હો તારા લટકાને,
પર ખેતરમાં પંખી વીયાણા,
ઇંડા મુક્યા ચાર હો તારા લટકાને..

આ ભજનની છેલ્લી લીટી બોલ્યા ને મુનિ મહારાજ જે ખાટલામાં બેઠા હતા તેની જમણી ઇશ તૂટી ગઇ. બધા ખાટલામાંથી ઉભા થઇ ગયા ને ગાદલાનો પથારો જાડો કરી તેની ઉપર મુનિ મહારાજને બેસાડ્યા. હવે, મહારાજ અહિંયાથી માંદગી ગ્રહણ કરે છે. જ્યારે ભાદરણ સમૈયો હોય ત્યારે બધાને કહે જે, આ ભરૂચ ગયો ને વા આવ્યો છે. પછી લાકડીના ટેકે પંદર દિવસ સુધી ચાલ્યા ને પછી લાકડી મૂકી દીધી. પછીથી મહારાજે બહારગામ જવાનું છોડી દીધુ. ફક્ત ભાદરણ અને શાહપુર આવતા. ભાદરણ ગરમી બહુ પડતી ત્યારે શાહપુરમાં નારાયણ કુંજમાં રહેતા. મહારાજ નીચેના રૂમમાં ખાટલા ઉપર સૂતા. બંને બારણે ખસની ટટ્ટીઓ બાંધે અને આખો દિવસ

વારાફરતી બધા પાણી છાંટતા. ભીનું ધોતિયું ઓઢીને સૂતા તો પણ ખૂબ ગરમી લાગતી. એક ટેબલ ઉપર બરફની પાટ મૂકતા અને બીજા ટેબલ ઉપર પંખો મૂકતા ત્યારે મહારાજને ગરમીમાં રાહત લાગતી. ઉનાળામાં મુનિ મહારાજ નારાયણ કુંજ શાહપુરમાં જ રહેતા તેમની દરેક પ્રકારે સેવા, ભક્તિ, ધ્યાન વગેરેનું સતત શ્રી ડાહ્યાભાઈ મહારાજ, ભીખા કાકા ઇત્યાદિક ખ્યાલ રાખતા.

## ❖ શ્રી ડાહ્યાભાઈ મહારાજની અનન્ય સેવા :

એક વખત રસીલાબેન શ્રી રજનીકાંતભાઇ મહેતાના માતૃશ્રી મુનિ મહારાજના દર્શને આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા આ ખાટલો બહુ નાનો પડે છે મોટો હોય તો સારું. ત્યારે રસીલાબેન કહે, મારા ઘેર મોટો ખાટલો છે કોઇકને મોકલો તો હું લારીમાં મોકલી આપું. શ્રી ડાહ્યાભાઇ મહારાજ હાજર હતા. તેમણે કહ્યું મહારાજ હું કાલે લેતો આવીશ. ખાટલો તેઓ ખભા ઉપર મુકી છેક ખાડીયાથી શાહપુર ચાલતા લઇ આવ્યા. તેમને પૂછ્યુ તો કહે, લારીવાળાને કહીએ તો તેની પાછળ મારે દોડવું પડે માટે હું જ ખાટલો લઇ આવ્યો. મુનિ મહારાજ શાહપુર આવતા ત્યાં સુધી એ જ ખાટલા પર તેઓ સૂતાં.

સરસપુરમાં મહારાજશ્રી જ્યારે તપ કરતા હતા ત્યારે એકવાર ભાદરણ સમૈયામાં સરસપુરના હરિભક્તો સાથે મણીબા, મધુબેન તથા મહારાજશ્રી ગયા હતા. પણ શ્રી ડાહ્યાભાઇ મહારાજ એમને આણંદ સુધી છોડીને બાકરોલ આવ્યા. એટલે મુનિ મહારાજશ્રીએ મણિબા તથા મધુબેનને પૂછ્યું જે, ડાહ્યાભાઇ કેમ આવ્યા નથી? ત્યારે મણિબાએ કહ્યું જે, તેમણે અમને બસમાં બેસાડ્યા છે અને કહ્યું જે, હું બાકરોલ ખેતરમાં જઇને આવું છું. એટલે મુનિ મહારાજશ્રી બોલ્યા કે, શું બાકરોલમાં સમૈયા ભરવાના છે તે ગયા છે. આમ મુનિ મહારાજે ગર્ભિત રીતે બાકરોલમાં શ્રી ડાહ્યાભાઇ મહારાજના હસ્તે સમૈયા થશે એવી વાણી ઉચ્ચારી હતી.

ઇ.સ. ૧૯૩૯માં મુનિ મહારાજની તબિયત નરમ ગરમ રહે. મહારાજ અષાઢ મહિનામાં અમદાવાદ આવેલા. ત્યારે રથયાત્રાના દિવસે મહારાજે ગોવિંદભાઇને કહ્યું જે, મારે ભાદરણ જવું છે. ગોવિંદભાઇ કહ્યું જે, આજે રથયાત્રા છે અને વળી રવિવાર છે એટલે ગાડીમાં બહુ ભીડ હશે. પછી મહારાજ કહે મારે આજે જ જવુ છે. એટલે મહારાજે કોઇકના મારફતે બે ટિકીટ મહારાજની અને ડાહ્યાભાઇ મહારાજની મંગાવી. ગાડીના ડબ્બામાં બેસાડ્યા ને પછી મહારાજ ભાદરણ ગયા પછીથી શાહપુર આવ્યા નહિં. નારાયણ કુંજનું મંડળ દર શનિવારે ૧-૩૦ની ગાડીમાં જતા અને રવિવારે પાછા આવતા. શ્રી ડાહ્યાભાઇ મહારાજ અને ગુરુ બબુભાઇ પણ દર શનિવારે ભાદરણ જતા અને રવિવારે પરત અમદાવાદ આવતા. વેકેશનમાં તો નારાયણ કુંજના બાલ-ગોપાલનું મંડળ બહુધા ભાદરણમાં જ રહેતું. એ વખતે ભાદરણ મંદિર પાંચ વીઘાની જમીન જેટલો વિસ્તાર ધરાવતું હતું. તેની ફરતે ઉભા પતરાનો કોટ અને અંદર ખેતર, ફળ-શાકભાજીની વાડી, મંદિર, પાણીના મોટા ટાંકા, મહારાજશ્રીના રહેવાની રૂમો બધું જ હતું. હવે, મહારાજે માંદગી ભાદરણમાં ગ્રહણ કરી, તેમની સાથે બચુકાકા અને કપિલાબેન બે રહેતા. મહારાજને જે ભાવે તે અધોળ ઢીલી ખીચડી, ભૈડકી દૂધમાં બનાવેલી બનાવી આપતા. એ વખતે અમદાવાદના આ બે સંતો મહારાજશ્રીના જોડે રહેતા હોવાથી બચુકાકાએ બી.કોમના બીજા વર્ષની તેમજ કપિલાબેને બી.એસ.સીના બીજા વર્ષની પરીક્ષા આપી નહોતી.

## ❖ શ્રી મુનિ મહારાજની અંતર્ધ્યાન લીલા :

મુનિ મહારાજે જોયું કે, બાકરોલના શ્રી ડાહ્યાભાઇ મહારાજે દઢ શ્રધ્ધા અને એકાંતિકની ભક્તિ, અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યવ્રતનું પાલન વળી તેમણે મહારાજશ્રીને તેવીસ કલમો આપેલી તે પ્રમાણે શ્રી ડાહ્યાભાઇ

મહારાજે તેમનું જીવન બનાવી દીધું હતું. લોયાના -૧૨મા વચનામૃત પ્રમાણે પાંચમા પ્રકારનો નિશ્ચય તથા છઠ્ઠા પ્રકારનો નિશ્ચય પૂરો થયેલો જણાયો. મહારાજે જોયું જે, હવે પાત્ર તૈયાર થઇ ગયુ છે, ઇયળની ભમરી તેમ તેમનું થઇ પરિવર્તન થઇ ગયુ હતું. મુનિ મહારાજે અઠવાડિયા પહેલા બધું સીધુ-સામાન મંગાવી દીધું હતું. પછી ગોવિંદભાઇને કહે જે, બધાને કાગળ લખો ને બે દિવસમાં બોલાવો. ગોવિંદભાઇએ એ પ્રમાણે બધી સગવડ કરી. મહારાજશ્રીની બે સુપુત્રીઓ કમુબેન અને સીતાબેનને પણ મહારાજશ્રી પાસે બોલાવી લીધા.

ગોવિંદભાઇને કહ્યું જે, મણિકાકા (વિઠ્ઠલભાઇના પિતા) કેમ આવ્યા નથી? ત્યારે ગોવિંદભાઇએ કહ્યું જે, બારેજા ફોન કર્યો છે ને તેઓ નીકળી ગયા છે હમણાં આવતા જ હશે. મહારાજશ્રીના પગ આગળ બેચરકાકા બેઠા હતા ને ઓશિકે શ્રી ડાહ્યાભાઇ મહારાજ બેઠા હતા. બીજા બધા હરિભક્તો મહારાજશ્રીના ખાટલા પાસે બેઠા હતા. શ્રી મુનિ મહારાજે પહેલા સંત સભા સામે જોયુ અને પછી શ્રી ડાહ્યાભાઇ મહારાજ સામું બે થી ત્રણ મિનીટ એક તાર વૃત્તિએ જોઇ રહ્યા. ને પછી પ્રભુએ પાસુ ફેરવી લીધું. ને ત્યારે સંવત ૨૦૧૦ને પોષ વદ ચોથ તાઃ ૨૧-૦૧-૧૯૫૪ને ગુરુવારના રોજ સાંજના પાંચ વાગ્યે અક્ષરાતીત શ્રી નારાયણ મુનિ મહારાજ સ્વતંત્ર થકા પોતાના અક્ષરધામમાં પધાર્યા. આખી રાત ભજન ચાલુ રહ્યું ને ત્યાર બાદ બીજે દિવસે સવારમાં પાલખીમાં બેસાડી શ્રી મુનિ મહારાજને બેન્ડ વાજાં સાથે સાકરનો પ્રસાદ વહેંચતા વહેંચતા સુથારિયાવાળા ખેતરમાં અગ્નિ સંસ્કાર કર્યો. બધા હરિભક્તો મંદિરમાં આવીને નાહી, ધોઇ જમીને છૂટા પડ્યા. શાહપુર નારાયણ કુંજવાળા ભગતોએ કમુબેન, સીતાબેનને મંદિર સોંપ્યુ. મહારાજે તુલસી કાકાને તથા ભીખાકાકાને કહ્યું જે, તમે અહિં રહો ને દાદાની સેવા કરો. પણ ભીખાકાકા ત્યાંથી નીકળી ગયા. એટલે

કમુબેન બોલ્યા જે, બધાની ભક્તિ ગઇ. બાર વર્ષ મંદિરમાં રહ્યા મહારાજ, તે મહારાજ વિના તો મંદિરમાં કોઇ જ ન રહે.

કમુબેન અને સીતાબેને ભાદરણમાં મંદિરમાં દવાખાનું કરવા માટે રૂમો બનાવી આજુબાજુની તમામ જગ્યા ભાદરણ શ્રી મુનિ મહારાજના કુટુંબી શ્રી ચુનિકાકાએ વેચાતી છોકરીઓ પાસેથી રાખી લીધી. રાત પડે એટલે ધાબામાં મોટા મોટા પથ્થરો પડે તે ઢડિંગ ઢડિંગ અવાજ આવે તે સવારે ધાબામાં જોયું તો મોટા મોટા પથરા પડ્યા હતા. પછી છોકરીઓ ચુનિકાકાએ કહ્યું જે, અમારે અહિં રહેવું નથી રોજ રાત્રે ખૂબજ અવાજ આવે છે. તેથી તે દવાખાનું બંધ રાખ્યુ ને મંદિરને તાળુ મારીને શ્રી પુરુષોત્તમ મહારાજની મૂર્તિ લઇને કમુબેન ધુવારણ જતા રહ્યા.

## ❖ મુનિ મહારાજના દેહ છોડ્યા નિમિત્તે માસિયાનું ભજન :

મુનિ મહારાજના અંતિમ સંસ્કાર પછી અમદાવાદના આશ્રિતજનો શાહપુર નારાયણકુંજમાં ભેગા થયા. સાંજે બધાએ ભેગા થઇ નક્કી કર્યુ કે, શ્રી મુનિ મહારાજના દેહ છોડ્યા નિમિત્તે એક પંદર દિવસે અને બીજું માસીયા નિમિત્તે એમ બે વાર બધા ભક્તોને કાગળ લખીને બોલાવીએ અને સૌ ભેગા મળીને ભજન કરીએ. જેમાં ખાનપુરવાળા ડાહ્યાકાકા તથા સરસપુરના મંડળ સાથે શ્રી ડાહ્યાભાઇ મહારાજ પણ હતા. ભજનમાં જગ્યા નાની પડે તે માટે ધાબા ઉપર મંડપ બાંધ્યો હતો. તે વખતે બધાનું સળંગ ધાબુ હતું, જે બધાને બેસવા ઉઠવા માટે સુગમ પડે તેમ હતું. નીચે રસોઇ પાણી જમવાનું હતું ને ઉપર બધાએ ભેગા મળી ખૂબ ભજન કરતા. સર્વે ભેગા મળીને સીધું-સામાન લાવ્યા. ઘીના બે ડબ્બા ખાનપુરવાળા ડાહ્યાકાકા કહે અમારે ત્યાં ચોખ્ખું ઘી મળે છે. હું ભરાવીને રાખીશ. ભજન પહેલા માણસ મોકલજો હું

મોકલી આપીશ. ઘીના ડબ્બા ભરાય એટલે શ્રી ડાહ્યાભાઈ મહારાજને મોકલ્યા. આણંદથી ગાડીએ બેસી કાલુપુર સ્ટેશને ઉતરી શ્રી ડાહ્યાભાઇ મહારાજે એક ડબ્બો ખભે ઉચક્યો અને બીજો ડબ્બો કડીવાળો હતો તે હાથથી ઉચકીને કાલુપુરથી ચાલતા શાહપુર આવ્યા. આવી એમની સેવાભાવી ભક્તિ હતી. તેઓ સેવા દોડીને કરતા.

## ❖ શ્રી નારાયણ મુનિ મહારાજનો સંકેત :

શ્રી નારાયણકુંજમાં દરરોજ સાંજે ભજન થતું. શહેરના હરિભક્તો દરરોજ સાંજે આવતા ને મોડી રાત્રે છૂટા પડતા. પંદર દિવસના ભજનમાં બધાએ ખૂબ કીર્તન કર્યા. ખૂબ સમાધિઓ થઇ. રાવજીભાઇ (બારેજાવાળા)ને ભગવાનનો પ્રવેશ થયો. ગોવિંદભાઇએ પૂછ્યું જે, મહારાજશ્રી તમે આવ્યા છો તો ઐશ્વર્ય જણાવો જે હવે તમે કોનામાં રહ્યા છો? ત્યારે મુનિ મહારાજશ્રીના પ્રવેશવાળા શ્રી રાવજીભાઇએ કહ્યું જે,''સૂર્ય ઊગશે તે છાનો નહિ રહે.'' પછી બહુ આગ્રહ સંતોનો જોઇને તેમણે કહ્યું જે, માસીયા નિમિત્તે કહીશ. (એક મહિનાના ભજનમાં) ત્યાર બાદ બધા હરિભક્તો પ્રભુ પ્રગટશે તેવી આશાએ છુટા પડ્યા.

મુનિમહારાજ અંતર્ધ્યાન થયા પહેલા બારેજાના છોટાકાકાને દિવ્ય દેહે દર્શન આપ્યા અને શ્રી મુનિ મહારાજે દિવ્ય સ્વરૂપે શ્રી ડાહ્યાભાઇ મહારાજને મુગટ પહેરાવ્યો. અને કહ્યું જે હું શ્રી ડાહ્યાભાઇમાં રહ્યો છું. ગામડીવાળા કાશીબેનને તો દરરોજ મુનિ મહારાજ દેખાય તેથી તેમણે મુનિ મહારાજને કહ્યુંજે, હવે શું કરવું? એટલે તેમણે જરકશી જામો પહેરેલા શ્રી ડાહ્યાભાઇ મહારાજને હાથ ઝાલીને બતાવ્યા. પછી કાશીબેન કહે જે, સમાસ કરાવો. એટલે બંને મૂર્તિ દિવ્ય દેહે પંદર દિવસ સુધી ગઇ. વળી મહેમદાવાદના શ્રી ધનલક્ષ્મીબેનને શ્રી મુનિ મહારાજ અંતર્ધ્યાન થયા એટલે ખૂબ ચિંતા

થઇ જે, હવે પ્રભુ તો ગયા, ક્યાં જઇશું, શું કરીશું. એવામાં એમની બેનને અમદાવાદમાં શ્રી મુનિ મહારાજે દર્શન આપ્યા ને કહ્યું જે "તમારી બેનને રોતા રાખો, હું શ્રી ડાહ્યાભાઇમાં રહ્યો છું."

શાહપુરમાં વલ્લભભાઇને ઉઘાડી આંખે શ્રી મુનિ મહારાજે દર્શન દઇ કહ્યું જે, હું ક્યાંય ગયો નથી, હું તો શ્રી ડાહ્યાભાઇમાં સાક્ષાત રહ્યો છું. તેવી જ રીતે શાહપુરના શ્રી પસાભાઇને મીલમાં શ્રી ડાહ્યાભાઇ મહારાજના લક્ષ્મીજી સાથે દિવ્યરૂપે દર્શન થયા. વળી તેમના મિત્ર અસારવાના શ્રી રામભાઇને તેજમાં પીળાં પીતાંબર, જરકસી બંડી તથા શેલું પહેરેલા શ્રી ડાહ્યાભાઇ મહારાજના દર્શન થયા. એ સિવાય એક નજરે પ્રભુશ્રી સામું જોવાથી પ્રગટ પ્રભુશ્રીનું તેજોમયરૂપ બચુકાકા, હરિબેન, કપિલાબેન, પુજાકાકા વગેર ઘણા ખરા શ્રી નારાયણકુંજમાં વસતા હરિભક્તોને દેખાયું.

વલાસણના બહેચરદાસ કવિ ધ્યાનમાં બેઠા અને વિચાર થયો કે, હવે ભગવાન તો ગયા. ક્યાં જઇશું? શું કરીશું? એટલામાં શ્રી મુનિ મહારાજ, શ્રી પુરુષોત્તમ મહારાજ અને વચ્ચે શ્રી ડાહ્યાભાઇ મહારાજના દિવ્યરૂપે દર્શન થયા અને બંન્ને મહારાજોએ કહ્યું જે, હવે ડાહ્યાભાઇ મહારાજને જોતા શીખો હું તેમનામાં અખંડ રહ્યો છું.

ભરૂચવાળા સોમાકાકા માસીયાના દિવસે શાહપુર આવેલા. સવારના પહોરમાં શ્રી ડાહ્યાભાઇ મહારાજ તેમની પાસે આવીને બેઠા અને તેમની સામે શ્રી નારાયણ મુનિ મહારાજનો ફોટો મુકેલો હતો. પછી મુનિ મહારાજના ફોટામાંથી તેજ નીકળીને શ્રી ડાહ્યાભાઇ મહારાજમાં પેસી ગયું. પછી સોમાકાકાને થયું જે આતો પરચો થયેલો ગણાય. બીજે દિવસે હજામત કરવા બેઠા ત્યારે તેમને સંકલ્પ થયો જે શ્રી ડાહ્યાભાઇ મહારાજ ભગવાન હોય તો મારી હજામત કરે. તેમનો આ સંકલ્પ અંતર્યામીપણે શ્રી ડાહ્યાભાઇ મહારાજે જાણીને ફરતા ફરતા તેમની પાસે આવીને કહ્યું જે, સોમાકાકા લાવો તમારો હાથ ધ્રુજે છે તો હું

તમારી હજામત કરી આપું. ખાનપુરવાળા શ્રી ડાહ્યાકાકાની જોડને તો શ્રી ડાહ્યાભાઈ મહારાજના લક્ષ્મીસ્વરૂપ મણિબા સાથે તેજોમય દર્શન મુનિ મહારાજની હયાતિમાં જ થયા હતા. ગોકળ બાપાને પણ શ્રી ડાહ્યાભાઇ મહારાજના રાત્રે દર્શન થયા. ને દિવ્ય મૂર્તિ તેમની આગળ દેખાઇ તેથી તેમના હૃદયમાં શાંતિ થઇ. આ ઉપરાંત ઘણા ખરા હરિભક્તોને સમાધીઓ થતીને તેજમાં શ્રી ડાહ્યાભાઇ મહારાજના દર્શન થતા. આથી મુનિ મહારાજનો વિયોગ વિસરાઇ ગયો ને ભક્તોમાં આનંદ આનંદ થઇ ગયો.

## ❖ અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઈ મહારાજનો પ્રાગટ્ય દિન :

આ પછી માસિયા નિમિત્તે અમદાવાદમાં શ્રી નારાયણ કુંજમાં ભજન રાખ્યું. બધા હરિભક્તોને કાગળો લખીને તેડાવ્યા. બધા ભક્તોને ધાબામાં મંડપ બાંધીને બેસાડ્યા કેટલાક હરિભકતોને સમાધીના તેજમાં શ્રી ડાહ્યાભાઇ મહારાજ તથા શ્રી નારાયણ મુનિ મહારાજના દર્શન થયા. પછી રાવજીકાકામાં પ્રવેશ થયો. પછી તેમને ગોવિંદભાઈને પૂછ્યું ત્યારે તેમને કહ્યું જે, હું ડાહ્યાભાઈમાં રહ્યો છું. શ્રી ડાહ્યાભાઇ મહારાજમાં પરબ્રહ્મ પ્રાગટ્ય થયું ને મુનિ મહારાજ તેમનામાં પ્રગટ્યા એ વાત જાણી બધા હરિભક્તોના આનંદનો કોઇ પાર રહ્યો નહીં. હરિભક્તોને પ્રગટ પુરુષોત્તમની આ પ્રગટ મૂર્તિની પરંપરા ચાલુ રહી તે બાબતનો ખૂબ હર્ષ થયો. આમ હવે પંદર દિવસની મુદત વીતી ગઇ. ઠેરઠેર શ્રી ડાહ્યાભાઇ મહારાજની દિવ્ય મૂર્તિ હજુરને હયાત દેખાવા લાગી. સંવત ૨૦૧૦ને મહા વદ ચોથ તા. ૨૨-૦૨-૧૯૫૪ના દિને બધા ભક્તો ખૂબ અનેરા આનંદમાં જણાતા હતા. બપોરના ૧૨-૦૦ વાગ્યાથી ભજનની શરૂઆત થઇ એક એકથી ચડિયાતા સૂરના ભજનોની વણજાર છુટી આનંદનો કોઇ પાર રહેતો

નહોતો. શ્રી ડાહ્યાભાઇ મહારાજને પીળા પીતામ્બર, જરકશી બંડી અને તોરાવાળી ટોપી પહેરાવી શણગાર કર્યા. કેટલાક હરિભક્તોને સમાધી થઇ. સમાધીવાળા હરિભક્તો શ્રી ડાહ્યાભાઇ મહારાજ તરફ આકર્ષવા લાગ્યા. સર્વે શ્રી ડાહ્યાભાઇ મહારાજની દિવ્ય મૂર્તિને નીરખવા લાગ્યા. સમાધીવાળા હરિભક્તો શ્રી ડાહ્યાભાઇ મહારાજનો હાથ પકડી ઉભા થઇને ગાવા લાગ્યા, નારાયણ કુંજમાં ખૂબ ખૂબ આનંદ વર્ત્યો. પછી કમળાકાકીએ પ્રભુ પ્રગટ થયાના શુકનમાં ગોળ વહેંચ્યોં ને જડાવબાએ ખાંડ વહેચી. એમ ભક્તોમાં નવો આનંદ અને ઉછરંગનો મહોલ સ્થપાયો રાત્રે ૧-૦૦ વાગ્યા પછી બધા છૂટા પડ્યા.

બીજે દિવસે સવારમાં શ્રી ડાહ્યાભાઇ મહારાજ વહેલા ઉઠી મીલમાં સરસપુર જવા કુંજમાંથી તૈયાર થઇને ગયા. પછી તો મહારાજશ્રી અગિયાર વાગ્યે મીલમાંથી ઘરે જમવા આવે ત્યારે તથા બપોરે સાડા ત્રણ વાગ્યે છૂટે ત્યારે અમદાવાદ તથા બહારગામના બે-ચાર હરિભક્તો ભગવાનનો દર્શન સમાગમ કરવા પહોંચી જતા. તેમના મીલમાં પહેરવાના તથા બહાર પહેરવાના કપડા જુદા જુદા રાખતા હતા. મીલમાં મહારાજશ્રી ફાટેલુ બાયો ચડાવેલું ખમીસ પહેરતા ને પગમાં જુના ચંપલ પહેરતા. સાડા ત્રણ વાગે મીલમાંથી છુટી, પ્રભુ ઘેર આવી મીલના કપડા કાઢી નાખી ધોતીયા ભેર થઇ બેસતા. થોડી વાર આરામ કરી ધોળો રૂમાલ બદલી નીચે નાહ્યવા માટે પધારતા. એ પછી મહારાજશ્રી દર્પણમાં જોયા વિના જ કાંસકો મારી દેતા. કપાળ પાણીથી ભીનું કરી આંગળી પણ પાણીથી ભીની કરી હાથમાં કંકુ લઇને ચાંદલો કરતા. ત્યારબાદ, જમવાનું થયુ હોય તો જમી લેતા.

### ❖ મહારાજશ્રીને વિધિવત્ પાટે બેસાડી પૂજા-શણગાર તથા આરતી કરતા સંતો :

નારાયણ કુંજમાં બીજે દિવસે સોમવારની રાત્રે શ્રી રાવજીકાકાએ

કાશ્મીરી ટોપીને હાર શ્રી ડાહ્યાભાઇ મહારાજને પહેરાવ્યા. ધીરે ધીરે મહારાજશ્રીના કપડા વિગેરે બદલાતા ગયા. બુધવારે પુંજાકાકાને ઘેર આરતી કરીને શીરાનો પ્રસાદ કર્યો. ગુરુવારની રાત્રે બહેચરભાઇને ત્યાં પ્રગટ પ્રભુને પધરાવ્યાને થાળ જમાડી વીંટી પહેરાવી. શુક્રવારે ગોવિંદભાઇને ત્યાં શ્રી ડાહ્યાભાઇ મહારાજને પધરાવી તેમણે દોરો, ઘડિયાળને વીંટી મહારાજશ્રીને પહેરાવી. પછી શનિવારે રાત્રે સર્વે નારાયણ કુંજના મંડળે સરસપુર જઇને શ્રી ડાહ્યાભાઇ મહારાજને વારાફરતી નવડાવ્યા ત્યારબાદ સુંદર વસ્ત્રોથી મહારાજશ્રીને નવાજ્યા. નવી સફેદ ધોતી પહેરાવી, રેશમી બોસ્કીનો ઝભ્ભો પહેરાવ્યો. ગોવિંદભાઇની મોટરમાં મહારાજશ્રી રાત્રે આઠ વાગે પધાર્યા. કુંજ આખું ચિક્કાર ભરાઇ ગયુ હતું. સર્વે પ્રગટ પ્રભુ શ્રી ડાહ્યાભાઇ મહારાજની રાહ જોઇને ઉભા હતા. નારાયણ કુંજ વતી શ્રી ચંચળબા તથા ગંગાબાએ મહારાજશ્રીને પોંખી લીધા. શ્રી ડાહ્યાભાઇ મહારાજને શ્રી પુંજાકાકાને ત્યાં પધરાવ્યા. પીળું પીતાંબર પહેરાવ્યુ, રેશમી આડી લીટીવાળો ઝભ્ભો પહેરાવ્યો. ઉપર રૂડી લીલા કલરની બંડી પહેરાવી. માથે જરકશી કિનખાબની ભરત ભરેલી ચળકતી ટોપી પહેરાવી, તોરાને કલગી પહેરાવી. લક્ષ્મીસ્વરૂપ શ્રી મણિબાને બનારસી કેરી રંગની સાડી ધારણ કરાવી મહારાજશ્રીની પાસે બેસાડ્યા. તથા મધુબેનને પણ ફાલસા કલરના નવા કપડા પહેરાવી બાજુમાં બેસાડ્યા. સર્વે હરિભક્તોએ મહારાજશ્રીની સુંદર આરતી ઉતારી, સરસ પકવાન બનાવી જમાડ્યા.

નારાયણ કુંજના મોટેરા હરિભક્તોએ મહારાજશ્રીને મીલમાં રાજીનામું આપવા માટે મજબૂર કર્યા પછી મહારાજશ્રીએ મીલમાં જઇને કાયમને માટે રાજીનામું લખીને આપી દીધું. તેમની સાથે કામ કરતા અન્ય વ્યક્તિઓ, કારીગરો ખૂબ ખુશ થયા તેમણે જાણ્યું જે, ભગતની ભક્તિથી ભગવાન તેમના પર પ્રસન્ન થઇ ગયા.

## ❖ અમદાવાદ અક્ષરભુવનનું નિર્માણ તથા પ્રથમ સમૈયાનો દિવ્ય આનંદ :

સમૈયા માટે મંદિર બાંધવાનો વિચાર કર્યો અને તે નારાયણકુંજની પાસે જમીન મળે તો બધાને જવા આવવા માટે અનુકુળ પડે. તપાસ કરતા માલુમ પડ્યું કે, નારાયણ કુંજની જોડે એક પઠાણની ચુનો પીસવાની ચક્કી હતી. અને તે પઠાણની જમીન હતી. તે પઠાણને મળ્યા તેણે જમીન આપી. પછી તો શ્રી ડાહ્યાભાઇ મહારાજે એક જ વર્ષની અંદર મંદિર તૈયાર કર્યું. તેનું નામ અક્ષરભુવન રખાવી સંવત **૨૦૧૧ને પોષ વદી ચોથ તાઃ ૧૨-૦૧-૧૯૫૫થી પ્રથમ સમૈયો** ચાલુ કર્યો. સમૈયા માટે કંકોત્રીઓ છપાવી સર્વે સત્સંગ મંડળને આમંત્રણ મોકલ્યુ હતુ. આમંત્રણ મળતા સર્વે સત્સંગ સમાજને આનંદનો કોઇ પાર ન રહ્યો. ભગવાન પ્રગટ્યાને સારું સ્થળ મળ્યુ. જીવનનું જે ધ્યેય હતું પ્રભુ ભજવાનું તે સિદ્ધ થયું. એટલે એનો આનંદ કોને ન થાય? મુક્ત-મુમુક્ષુની મંડળીને આત્યંતિક કલ્યાણની જરૂર છે તે કલ્યાણ પ્રગટ પ્રભુની મૂર્તિથી સહેલાઇથી થઇ શકે છે. મૂર્તિની ચાલેલી પરંપરા મળી આવી તેનો બધાને ખૂબ આનંદ થયો.

સમૈયામાં શ્રી નારાયણ મુનિ મહારાજના તમામ ગામો ગામના સત્સંગી હરિભકતો, નવા હરિભક્તો તથા છોટાઉદેપુર બાજુના હરિભક્તો આવ્યા. પ્રગટ પ્રભુની મૂર્તિ નીહાળી આનંદ પામ્યા. મુનિ મહારાજશ્રીના સમૈયા ભાદરણમાં જે શાંતિ અને આનંદ મળતા હતા તે હરિભક્તોને શાહપુર અક્ષરભુવનમાં શ્રી ડાહ્યાભાઇ મહારાજના સન્મુખ મળવા લાગ્યા. અને તેવોને તેવો આનંદ ચાલુ રહ્યો. કે જેની કોઇ સીમા નહોતી. મંદિરની બાજુમાં નારાયણ કુંજ સત્સંગ મંડળ, મંદિરની પાછળની જગ્યામાં રસોઇ પાણી તથા જમવાની સારી સગવડ મળી આવી.

અમદાવાદ અક્ષરભુવન મંદિરમાં પ્રગટ શ્રી ડાહ્યાભાઇ મહારાજે ત્રણ સમૈયા ભરવાના નક્કી કર્યા જેમ કે...

(૧) પોષ વદી ચોથ

(૨) વૈશાખ સુદ આઠમ (શ્રી મુનિ જયંતી)

(૩) ભાદરવા સુદ ચૌદશ/પૂનમ

સમૈયા પહેલા ને પ્રગટ્યા પછી તરત જ પ્રગટ શ્રી ડાહ્યાભાઇ મહારાજ ભરૂચ, લીંગડ, સોખડા, સાધી તથા છોટાઉદેપુર જઇ આવી ત્યાંના હરિભક્તોને ભક્તિ પ્રેમ રસમાં ગરકાવ કરી દીધા.

## ❖ અમદાવાદના હરિભક્તો ઉપર મહારાજશ્રીની અનન્ય પ્રસન્નતા :

ઉનાળાના વેકેશનમાં ૪૫ હરિભક્તો સાથે મહારાજશ્રી છોટાઉદેપુર ગયા હતા. નાસ્તા, પાણીના ડબ્બા, સુખડી સાથે લીધા. સવારે બધાને ચ્હાની સાથે નાસ્તો આપતા. દરેક હરિભક્તને ઘેર સવાર-સાંજ પધરામણીઓ થતી. સર્વે હરિભક્તો પણ મહારાજશ્રીના પીળા પીતામ્બર, જરકશી ઝભ્ભો, બંડી, તોરાવાળી ટોપીના દર્શન કરી ધન્ય બની આરતી ઉતારતા. પોતાથી જે થાય તે મહારાજશ્રી તથા સંત-મંડળનું યથાશક્તિ સ્વાગત કરી જમાડતા. મહારાજશ્રીના પુનિત પગલે હરિભક્તોનું લૌકિક દુઃખ દુર થઇ ગયુ ને પારલૌકિક સુખની અવસ્થાઓ પામવા લાગ્યા. ગરીબ, અજ્ઞાની હરિભક્તોને પ્રગટ પ્રભુએ આત્યંતિક જ્ઞાન અને ભક્તિ રસમાં તરબોળ કરી દીધા.

અમદાવાદના હરિભક્તોને તો જાણે લોટરી લાગી હોય તેમ અખંડ પરબ્રહ્મ સામીપ્ય આપ્યુ. જેઓ રોજ પ્રગટ પ્રભુના દર્શનનો લાભ લેતા. વાર-તહેવાર હોય કે રવિવાર હોય તો મહારાજશ્રી મંદિરમાં ભજન-સત્સંગનો લાભ આપતા એ રીતે સમયનો સદુપયોગ કરતા. અક્ષરભુવનમાં શ્રાવણ માસ કે પુરુષોત્તમ માસ આવે ત્યારે સવાર,

બપોરને સાંજ ત્રણ વખત કથા વંચાવતા. પહેલા અડધો કલાક ભજન પત્યા બાદ સતત વચનામૃત વંચાવી તેના અર્થો સમજાવતા. તે વખતે મોટા ભાગના શહેરના હરિભક્તોને કોઇક બહારગામના હરિભક્તો સમાગમનો લાભ લેતા. એ રીતે મહારાજશ્રી હરિભક્તોના મનના કષાયોને દૂર કરી ઉત્તમ નિર્વિકલ્પની સ્થિતીને પાર પામવાની વાતો કરતા. કેટલાક હરિભક્તોના મન તૂટતા તો મહારાજશ્રી મનમેળ કરાવી આપતા. બબુભાઇ તથા તેમના પત્ની ચંચળબેન અને ચંપાબેન તથા મોહનભાઇ મિસ્ત્રીનું કુટુંબ મહારાજશ્રીના પ્રયત્નોથી ભેગુ કરી આપ્યુ. ખરેખર, મહારાજશ્રી સમજાવવા માગતા હતા કે, અત્યારે ગૃહસ્થાશ્રમમાં ભગવાન પ્રગટ થયા છે ને મુખ્યત્વે ગૃહસ્થ હરિભકતોનું આત્યંતિક કલ્યાણ થાય, તેમનું સાકેટમ કલ્યાણ થાય તે હેતુથી સંસાર વ્યહવારમાં ભેગા મળીને બે વાસણો ખખડે તો પણ આસક્તિએ રહિત થઇને વર્તમાન પાળીને જીવમાંથી સંસાર સંબંધી વાસના દુર કરવાની જરૂર છે. વળી મહારાજશ્રી કહેતા કે, ગૃહસ્થ હરિભક્તોએ સંસાર વ્યવહારમાં સગા-સબંધી પ્રત્યેનું હેત ઓછુ કરવું. અને હેતરૂપી જ ભગવાનની માયા છે ને એ માયાને ટાળવી.

## ❖ ભાદરણમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ :

નારાયણ કુંજના હરિભક્તો અક્ષરભુવનમાં ભેગા થયા અને વિચાર કર્યો કે, આપણે શ્રી મુનિ મહારાજની મૂર્તિ ઘડાવીએ. પુરુષોત્તમ મહારાજની મૂર્તિ છે કમુબેન પાસે તે મંગાવી લઇશું. ગોવિંદભાઇએ ભીખાકાકા અને રાવજીભાઇને ધુવારણ કમુબેન પાસે મૂર્તિ લેવા માટે મોકલ્યા. પછી તેઓએ કમુબેન પાસે જઇને કહ્યું કે, અમને પુરુષોત્તમ મહારાજની મૂર્તિ આપો, અમારે તે ભાદરણ મંદિરમાં પધરાવી છે. એટલે તેમણે પહેલા ના પાડી પણ તેમના પતિ (કાંતિલાલ)ની સમજણ સારી હતી. તેમણે કમુબેનને કહ્યું જે, મૂર્તિ તેમને આપી દે, મૂર્તિ અહિં અપૂજ પડી છે ને

તેઓ લઇ જશે તો પૂજા, આરતી થશે, થાળ ધરાવશે માટે મૂર્તિ આપી દે. પછી ભીખાકાકા અને રાવજીભાઇએ ટ્રક ભાડે કરી તેમાં અડધે સુધી રેતી પાથરી પુરુષોત્તમ મહારાજની મૂર્તિને સુવાડીને ભાદરણ લાવ્યા. બીજી બાજુ શ્રી નારાયણ મુનિ મહારાજની મૂર્તિ અમદાવાદમાં સારંગપુરના દોલતખાનામાં ઘડાવા મૂકી. પહેલા પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિ ઘડતા અને ત્યારબાદ આરસ પહાણની મૂર્તિ ઘડાતી. ઘણીવાર કારીગરો ઘડતા મુઝાય તો શ્રી મુનિ મહારાજ દિવ્ય રૂપે દર્શન આપીને તેમને આમ કરો, તેમ કરો, આવી રીતે ઘડવાનું એમ સમજાવતા. છ માસમાં મૂર્તિ તૈયાર થઇ ગઇ. ખટારામાં નીચે બે ફુટ રેતી પાથરીને સર્વે હરિભક્તો સાથે ઉમળકાભેર ભાદરણ મંદિરમાં મુનિ મહારાજની મૂર્તિ લાવવામાં આવી. શ્રી ડાહ્યાભાઇ મહારાજે ગોવિંદભાઇની મદદથી ભાદરણમાં શ્રી પુરુષોત્તમ નારાયણ સ્મારક મંદિર ટ્રસ્ટ બનાવ્યું. મંદિરની મધ્યમાં જગા મેળવી શિખર કરી સિંહાસન ગોઠવી તેમાં ઉભય અવતારો શ્રી પુરુષોત્તમ મહારાજ તથા મુનિ મહારાજની મૂર્તિઓને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સંવત ૨૦૧૭ને મહા સુદ પાંચમ, તાઃ ૨૧-૧-૧૯૬૧ના વસંત પંચમીના દિવસે યજ્ઞ-પૂજન, શોભા યાત્રા કરી સંપ્રદાયના સર્વે મોટા મુક્ત-મુમુક્ષુઓની હાજરીમાં લક્ષ્મીસ્વરૂપ મણિબા સાથે મૂર્તિઓમાં પ્રાણ-પ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરી. વળી મુનિ મહારાજશ્રીના પગલા શ્રી સુથારિયાવાળા ખેતરમાં બપોરે વાજતે ગાજતે, કાંસી જોડા અને ભજનની ધૂન સાથે શ્રી પુરુષોત્તમ મહારાજના પગલાની બાજુમાં જ્યાં મુનિ મહારાજશ્રીનો અંતિમ સંસ્કાર વિધિ સંપન્ન થયો હતો તે જ જગ્યાએ પધરાવ્યા. અને સારી રીતે ચણી ઉપર નાના શિખર સાથે ધજા પધરાવી. ભાદરણ ધામમાં સાકરનો પ્રસાદ વહેચવામાં આવ્યો હતો. આ રીતે બે દિવસ અખંડ ભજન, ધૂનમાં અવિરત ગુજારી મહારાજશ્રી રૂદેલવાળા તુલસીકાકાને મંદિર સોંપી અમદાવાદ આવવા રવાના થયા. મહારાજશ્રીએ ભાદરણ ધામમાં વસંત પંચમીનો સમૈયો નક્કી કર્યો, તે

દિવસે કંકોત્રી લખાવીને સંપ્રદાયના તમામ હરિભક્તોને તેડાવી ભજન-સત્સંગનો લાભ આપતા.

## ❖ બાકરોલમાં શ્રી પુરુષોત્તમ નિવાસ (ટાવર) નું નિર્માણ તથા ભિખાકાકાની નિષ્ઠાપૂર્વકની સેવા :

શ્રી ડાહ્યાભાઇ મહારાજે પોતાના વતન બાકરોલમાં અક્ષરભુવન મકાન બનાવી દેવદિવાળી તથા રામનવમી એમ બે સમૈયા નક્કી કર્યા. મકાન નાનુ હોવાથી હરિભક્તોને સુવા, બેસવા, ન્હાવાની ખૂબજ તકલીફ પડતી હતી. તેથી ગામની ભાગોળે એસ.ટી બસ સ્ટેન્ડ સામે જગ્યા મેળવી સંવત ૨૦૨૧, ઈ.સ. ૧૯૬૫માં મોટુ મંદિર બાંધવાની શરૂઆત કરી. તેનુ નામ શ્રી પુરુષોત્તમ નિવાસ રાખવામાં આવ્યું. એક વર્ષમાં વિશાળ મંદિર તૈયાર થઇ ગયું. આગળનો ભાગ ઊંચો બનાવી ત્યાં ટાવર મુક્યુ. ટાવર મુકવાથી ગામની શોભામાં વધારો થયો. સમૈયા ઉપર હજાર સુધી હરિભક્તો આવે તો તેમને કંઇ તકલીફ ના પડે તેવી સુંદર વ્યવસ્થા મંદિરમાં કરવામાં આવી. પાછળની બાજુ સિમેન્ટના પતરાવાળો આલિશાન ભજનનો હોલ હતો. અને મંદિર ફરતે હરિભક્તોને રહેવા માટેની રૂમો બનાવવામાં આવી હતી. બાકરોલમાં શ્રી પુરુષોત્તમ નિવાસ બાંધવાની શરૂઆત કરી ત્યારથી જ ભિખાકાકા બાકરોલમાં રહેતા હતા. મંદિર બાંધવા માટેની વસ્તુઓ, માલસામાન, મજુરોને પૈસા ચૂકવવા, કારીગરોને પૈસા ચૂકવવા, સામાન કેટલો આવ્યો, તેના રૂપિયા ચુકવવા વગેરે નોંધ રાખતા.

એક દિવસ પૈસા ખૂટ્યા. ભિખાકાકાએ શાહપુર અક્ષરભુવનમાં પત્ર લખ્યો ને કહ્યું જે, મહારાજ પૈસા ખૂટી ગયા છે માટે મોકલી આપશો. મહારાજે શ્રી પૂજાકાકાના દિકરા રમેશભાઇને તૈયાર કર્યા કે, બાકરોલ ભિખાકાકાને આ પૈસા આપવા જવાનું છે. રમેશભાઇએ કહ્યું

જે, મહારાજ હું જઇશ પણ મારી સાથે બાબુભાઇને મોકલજો. પણ મહારાજશ્રી કહે જે, ના તારે એકલા એ જ જવાનું છે. પછી તેમને કહ્યું જે, તારી પાસે કોટ હોય તો લાવો. એ વખતે રમેશભાઇ પાસે કોટ હતો નહિ. એટલે મહારાજશ્રીના કહેવાથી, મનુભાઇ(વકીલ)નો કોટ લાવ્યા તેમા અંદરની બાજુએ રૂપિયા મુક્યા ને તેની ઉપર શીવી લીધું. કોટ પહેરાવી બધા બટન વાખી દીધા. ટીકીટ લાવી આપીને કહ્યું જે, કોટના બટન ખોલવાના નહિં, આણંદ આવે એટલે ઊતરી જવાનું, થોડું ચાલી આણંદ બસ સ્ટેન્ડે જઇને બાકરોલની બસમાં બેસવુ છે એમ કહી બસમાં બેસી કોઇની જોડે વાતચીત કર્યા વગર બાકરોલ જવાનું. બસ સ્ટેન્ડની સામે ટાવરવાળા મંદિરમાં જવુ છે એમ કહેવું. વળી રમેશભાઇને ચિઠ્ઠી લખી આપી એટલે તેવીજ રીતે ભિખાકાકાએ રમેશભાઇને અમદાવાદની ગાડીમાં બેસાડ્યા. મહારાજશ્રીએ રમેશભાઇને કહેલું જે, કોઇ પૂછે કે, તું કોનો છોકરો છે તો તારે કહેવાનું જે, શ્રી ડાહ્યાભાઇ મહારાજનો છોકરો છું.

ભિખાકાકા બાકરોલમાં મંદિરનું કામકાજ પુરુ થયુ ત્યા સુધી અક્ષરભુવનમાં રહીને મંદિરના કામકાજની દેખરેખ રાખતા. તેમણે ભાદરણમાં મુનિ મહારાજની સાથે સખાભાવે ૧૨ વર્ષ સુધી રહીને સેવા સમાગમનો ખૂબ લાભ લીધો હતો. ભાદરણ, અમદાવાદ, બાકરોલ મંદિરોમાં મંદિર કે મકાન બાંધતી વખતે કામકાજના સમયે ઊભા રહીને શ્રી ભિખાકાકાએ ખૂબ જ પ્રભુ પ્રસન્નતા મેળવી હતી.

## ❖ પ્રગટ શ્રી ડાહ્યાભાઇ મહારાજનું સત્સંગ વિચરણ તથા એકાંતિક સંતોને દિવ્ય સુખનો અનુભવ :

શ્રી ડાહ્યાભાઇ મહારાજ દર વર્ષે ફાગણ મહિનામાં છોટાઉદેપુર જતા. નોકરી કરતા હરિભક્તો દસ દિવસની રજાઓ લઇને ભજનમાં

જતા. અને જેમને ભજનમાં જવાનુ હોય તેમણે નામ લખાવુ પડતું. પ્રગટ પ્રભુશ્રી છોટાઉદેપુરમાં ગાડીમાં બેસીને ડોમણ ભગતને ઘેર સુસ્કાલ ઉતરતા ને ત્યાંથી પછી જે તે ગામમાં વિચરણ માટે પધારતા. ત્યાં દરેક હરિભક્તોના ગામમાં સવાર-સાંજ પધરામણિએ જતાં અને રાત્રે હજારો ભગતોના સમુહમાં પ્રભુ ભજન કરાવતાં. જમવામાં ફક્ત ખીચડી અને છાશ લેતાં અને ખવડાવતા. પીળાં પીતાંબર, જરકશી ઝભ્ભો પહેરી હરિભક્તોને દર્શનનું સુખ આપતા. અને આનંદ આનંદ કરાવતા. આમ ભજનમાં આવતા હરિભક્તોને અક્ષરનું સુખ આવતું.

મહંદઅંશે શ્રી ડાહ્યાભાઈ મહારાજ અક્ષરભુવન મંદિર અમદાવાદમાં રહેતા અને પોતાના ભક્તજનોને દર્શન-સેવા-સમાગમનું સુખ આપતા.

એક વખત ફાગણ વદીમાં છોટાઉદેપુર જ્ઞાન-સત્સંગ કરવા જવાનુ હતુ. બધા નોકરીવાળાએ દસ દિવસની રજા લીધી. પન્નાબેન પણ આવવાના હતા. તેમના બાપુજીની તબિયત નરમગરમ રહેતી હતી. શ્રી ડાહ્યાભાઈ મહારાજે અંતરજામીપણે જાણ્યુ જે, શાંતિલાલ નહિં રહે, એટલે એમણે પન્નાબેનને કહ્યું જે, આ વખતે તમે છોટાઉદેપુર ના આવશો. તમારા પિતાજીની સેવામાં રહો. સર્વે નીકળ્યા ત્યારે તબિયત સારી હતી. પછી બીજે જ દિવસે શાંતિલાલ ધામમાં ગયા. પન્નાબેન મહારાજશ્રી સાથે આવ્યા હોત તો તેમને પાછુ આવવું પડત. એવીજ રીતે પુજાકાકાના પિતાશ્રી સોમાદાદા તથા શ્રી ગોવિંદભાઈના દાદા શ્રી ઈશ્વરબાપાને પણ મહારાજશ્રી આગોતરી જાણ કરીને તેમના કુટુંબીજનોએ કહ્યું તે મુજબ સમય, સંજોગ અને તારીખ પ્રમાણે પોતાના ધામ પરાવરમાં લઈ ગયા.

શ્રી ડાહ્યાભાઈ મહારાજશ્રી ગાદીએ બેઠા પછી અમદાવાદ, બાકરોલ, છોટાઉદેપુરના હરિભક્તો ખૂબ સુખી થઈ ગયા. અક્ષરભુવનના ત્રણેય સમૈયામાં મહારાજશ્રી પુરુષોત્તમ મહારાજ, મુનિ

મહારાજ વખતના ભગતો જે આવતા તેમને કંકોત્રી લખીને તેડાવતા. અમદાવાદનું મંદિર પણ લગભગ ૫૦૦ હરિભક્તો સુધીની સુવા, બેસવા, નાવા, ધોવા, ખાવા, પીવાની સુખ સગવડ વાળું હતું. સમૈયામાં મહારાજશ્રી જરકશી જામો, પાયજામો, તોરાવાળી ટોપી, અને સોનાના બધાજ આભુષણો પહેરીને પાટ ઉપર બેસતા. સમૈયામાં કેટલાય હરિભક્તોને સમાધીઓ થતી, સમાધીમાં પ્રગટ પ્રભુની મૂર્તિ જેવી આ લોકમાં છે તેવીજ અક્ષરધામમાં શણગારે સહિત જોતા. શ્રીજી મહારાજ વખતની સમાધીઓ હજુ પણ ચાલુ છે તેવો અહેસાસ દરેકને થતો. વળી, ગમે તેવા ત્રિવિધ તાપમાંથી હરિભક્તો મહારાજશ્રી સન્મુખ આવતા તો તેમને અનેરો શાંતિનો અનુભવ થતો. સંકલ્પો વિરામ પામતા. કષાયો અંતરના ટળતાને લૌકિક રાગ ઓછા થતા હોય તેવો અનુભવ થતો. વળી, કેટલાક શાસ્ત્રના જાણકાર પણ આવતા, તેમને પણ શાસ્ત્રોક્ત પ્રમાણો સહિત પ્રગટ પ્રભુ પરચા પૂરતા, જેને શાસ્ત્રોમાં ગુચવાડો હોય તેમની મનની મૂંઝવણ પ્રભુશ્રી દુર કરતા. સમૈયામાં ભજન સત્સંગની સાથે સાથે મોડી રાતે રાસની રમઝટ જામતી. મહારાજશ્રીને જોડીનો રાસ બહુ ગમે તેથી હરિભક્તો પાસે જોડીનો રાસ વારંવાર કરાવતા ને પોતે સાથે રમતા. સમૈયામાં મિરોલીના ચિમનભાઇ, બારેજાના છોટાબાપા તથા રૂદેલના અંબાલાલ મુખ્યત્વે રસોઇમાં જે બનાવવાનું હોય તે મહારાજશ્રીને પૂછીને જ બનાવતા.

આ સિવાય ગુજરાતના દરેક ક્ષેત્રમાં જેમા ખાસ કરીને સાધી, સોખડા, બારેજા, લીંગડ, નવસારી, ભરૂચ, છોટાઉદેપુર દરેક જગ્યાએ જતા. દુર જવાનું હોય તો મહારાજશ્રી વેકેશન કે રજાઓનો પીરીયડ પસંદ કરતા જેથી ભણતા વિદ્યાર્થીઓ તથા નોકરીયાતોને સાથે આવવું હોય તો તેમને લઇ જતા. અક્ષરભુવનમાં મહારાજશ્રી નિત્યકાર્ય પરવારીને પાટ પર બેસતા. બધાજ નારાયણ કુંજના હરિભક્તો વારાફરતી મહારાજશ્રીના દર્શન કરવા આવતા. મહારાજશ્રી જ્યાં સુધી

બધા ના આવી જાય ત્યાં સુધી પાટ ઉપર જ બિરાજમાન રહેતા. બધા હરિભક્તો પણ જેવી જેની સગવડ હોય તે પ્રમાણે મહારાજશ્રી સન્મુખ બેસતા. શહેરના દૂરના હરિભક્તો પણ મહારાજશ્રીના દર્શન કરવા આવતા.

## ❖ મહારાજશ્રીનો શ્રી રજનીકાંતભાઇ પર રાજીપો :

મહારાજશ્રી ગાદીએ બેઠા ત્યારે રસીલાબેનનું ઘર ખાડીયામાં સેવકાની વાડીમાં હતું. રજનીકાંતભાઇ ગોવિંદભાઇને ત્યાં નોકરી કરતા હતા. તેઓ દરરોજ પહેલા સાયકલ લઇને અક્ષરભુવનમાં મહારાજશ્રીના દર્શન કરવા આવતા પછી નોકરીએ ગોવિંદભાઇની ઓફિસે જતા. બપોરે રસીલાબેન દર્શન કરવા આવતા. રવિવાર હોય તો સાંજના આખા ઘરના દર્શન કરવા આવતા. શાંતિભાઇની તબિયત બરાબર રહેતી નહોતી, પણ નોકરી કરતા. મહારાજશ્રીની એમના પર ખુબજ કૃપાદષ્ટિ હતી. મહારાજશ્રી રજનીકાંતભાઇને કહે કે, આટલામાં જમીન હોય તો જુઓ, મંદિર પણ પાસે પડે ને નોકરીએ પણ નજીક અવાય. ને સમૈયામાં કે રોજબરોજ દર્શન કરવા આવવા સુગમ પડે. મહારાજશ્રીને પૂછી શાહપુરમાં મંદિરથી થોડેક જ દૂર જમીન લીધી, મહારાજશ્રીની આજ્ઞા હતી કે, ઘર બે માળનું કરજો જેથી ભવિષ્યમાં ઓફિસ કરવી હોય તો બહાર જવુ ના પડે. ઘર થતા રજનીકાંતભાઇએ મહારાજશ્રી સાથે સંતો-ભક્તોને તેડાવ્યા ને જમણવારી કરી ભજનનો લાભ લીધો. પછી મહારાજશ્રીએ ગાવિંદભાઇને રજનીકાંતભાઇનો પગાર વધારવાની માગણી કરી. ગોવિંદભાઇ તરફથી જવાબ ના આવ્યો. એટલે મહારાજ કહે, એમને બે, ચાર કેસ આપો તેઓ જુદી ઓફિસ કરી એમનું આગવુ સંભાળશે. ભગવાન કેટલા દયાળુ છે કોઇકના અંતરમાં પેસીને કામ કઢાવે છે. પછી રજનીકાંતભાઇના ઘરની ઉપર ઓફિસ કરી તેમા એક ખુરશીને ટેબલ મહારાજશ્રીએ પોતાના

હસ્તે જ મુક્યુ. પછી તો રજનીકાંતભાઇ ખૂબજ સુખી થઇ ગયા. રજનીકાંતભાઇ કાયમ કહેતા કે, મહારાજશ્રી તથા બબુભાઇ (રજનીકાંતભાઇના પણ ગુરુ) જો અમને ન મળત તો અમે ભગવાનની સમીપે ન રહી શકત.

### ❖ મહારાજશ્રીએ બચુકાકાના વચનને સિદ્ધ કર્યું :

બચુકાકા નરોડા અરવિંદ મીલમાં નોકરી કરતા ને શાહપુરમાં ભાડાના મકાનમાં રહેતા. પણ તેઓ દરરોજ અક્ષરભુવન મહારાજશ્રીના દર્શન કરવા આવતા. છોટાબાપા તથા તેમનું કુટુંબ આખુ બારેજામાં રહેતા. એક વખત બચુકાકા દર્શને આવ્યા ત્યારે પુજાકાકાએ તેમને કહ્યું જે, અહિયા આટલામાં મકાન હોય તો ઘરના બધાજ દર્શન કરવા આવવાનું સુખ લઇ શકે. બચુકાકાએ મહારાજશ્રીને કહ્યું જે, મહારાજશ્રી રૂપિયાની પોટલી છોડો. મહારાજશ્રી કહે, અહિં ક્યાંય જમીન હોય તો જુઓ એટલે ભજન સમૈયા થાય. મહારાજશ્રીએ દયા કરી એટલે ઇન્દ્રપ્રસ્થમાં તેમને જગા મળી ને મકાન બાંધવાની શરૂઆત કરી. મહારાજશ્રીના ઘરમાં પગલા પાડ્યા. બે માળનું મકાન કરી નાખ્યું. પછી બારેજાથી બધા ઘરનાને લઇ અહિં અમદાવાદ રહેવા આવી ગયા. ઘરના બધાને મહારાજશ્રીના દર્શન સેવા, સમાગમનો લાભ સારો મળ્યો.

### ❖ મહારાજશ્રી દ્વારા અમદાવાદના ભક્તોનું પરમ કલ્યાણ :

શ્રી ડાહ્યાભાઇ મહારાજ ગાદીએ બેઠા પછી જે હરિભક્તો ભાડાના મકાનોમાં રહેતા હતા તેમને પોતાના ઊંચી મેડીવાળા મકાનો થયા. સારી નોકરીઓ મળી, સારી પદવીઓ મળી, કેટલાકને

મહારાજશ્રીએ ધંધાવાળા કર્યા, પોતાની ગાડીઓ વાળા કર્યા ટૂંકમાં મહારાજશ્રીએ શ્રી પુરુષોત્તમ મહારાજ તથા શ્રી નારાયણ મુનિ મહારાજ વખતથી પોતાની પતિવ્રતાની ભક્તિ કરતા એવા મુક્ત-મુમુક્ષુઓને બચુકાકાના કહેવા પ્રમાણે પોતાની સત્તાની પોટલી ખુલ્લી મુકીને અનેકાનેકને અઢળક આ લોકે સુખી કરી દીધા.

પુજાકાકા દિકરા જસુભાઇ રીફોમ સર્વિસમાં ભાગીદાર તરીકે પંપમાં જોડાયા. આ પંપ ઝવેરી વાણિયાનો હતો. તે ભાઇ એકલા ચલાવતા હતા. તે પહોંચી વળતા નહોતા એટલે જસુભાઇને પંપ સોપ્યો હતો. જસુભાઇ પંપે બેઠા ત્યારે બધા નારાયણ કુંજના હરિભક્તો સાથે પ્રગટ પ્રભુ શ્રી ડાહ્યાભાઇ મહારાજને પણ બોલાવ્યા. આઇસ્ક્રીમની પાર્ટી રાખી. મહારાજશ્રીના હસ્તે ઉદ્ઘાટન કરાવ્યુ. મહારાજશ્રીએ કહ્યું જે, આ પંપ મોકાનો છે. અને સારો ચાલે છે જો તે આપણને આપી દે અને પોતે ભાગીદારીમાંથી નીકળી જાય તો સારું. મહારાજશ્રીએ જેવુ ધાર્યુ હતુ તેવું જ થયું. તે પંપ બે વર્ષમાં જસુભાઇને મળ્યો. તેના ભાગીદારીના રૂપિયા આપી દીધા. પછી તો જસુભાઇ તથા તેમના આખા કુટુંબને મહારાજશ્રીના રાજીપાથી અમુલખ સુખની પ્રાપ્તિ થઇ. એક રામનારાયણ માસ્તર કરીને હરિભક્ત મહારાજ વખતે આવતા. તેઓ ૮ થી ૧૦ ધોરણના ટ્યુશન ક્લાસ ચલાવતા. તેથી તેમને બધા માસ્તર સાહેબ કહેતા. તેઓ ખાડીયા રહેતા. તેમની આવક બહુ હતી નહી તેમ છતા તેઓ અક્ષરભુવન ચાલતા દર્શન કરવા આવતા. મહારાજશ્રી તેમના દર્શનના પૈસા લેતા નહિ તો તેઓ મહારાજશ્રી માટે વિન્ટોજીનો બામ, ગેસની દવા, પેટના દુખાવાની દવા વગેરે દવા-ગોળી પાસે રાખતા તે મહારાજશ્રીને અતિ આગ્રહથી આપતા. મહારાજશ્રી તેઓને ના કહેતા તેમ છતા તે મહારાજશ્રીના પાટ ઉપર મુકીને જતા રહેતા. આવા અનન્ય ભકિતભાવવાળા હતા.

મોટીપોળવાળા દિવાળીબા દૂધ વેચવાનો ધંધો કરતા. સાંજ,

સવારે રબારીને ત્યાંથી દૂધ લાવે ઘરાકોને આપવા જતા. પણ મહારાજ માટે થાળ લાવીને જમાડતા. ઘણીવાર મહારાજશ્રી સાથે સંતમંડળને તેડાવી પોતાના ઘરે જમાડતા. પોતાની ઉપજમાંથી થોડુ થોડુ બચાવી મહારાજશ્રી માટે સોનાની જણસ કરીને પહેરાવતા, દિવાળીબા બપોરના સમયમાં જમીને અક્ષરભુવનમાં આવતા, પોતાની સાથે ચંદનની ગોટીઓ લેતા આવતા. પછી બપોરે મહારાજશ્રીને ચંદનની અર્ચા કરતા, તેઓની ભકિત ખૂબ વિશાળ હતી, તેઓ વચનસિદ્ધ હતા અને તેમને નિરાવરણ દૃષ્ટિ હતી. કોઇને કંઇ રોગ થયો હોય તો તેને સવા લાખ મંત્ર કરવાના આપે, તો તેને જે કંઇ રોગ થયો હોય તે મટી જાય. પરંતુ સ્વભાવ દુર્વાષા જેવો હતો. તેમની પાડોશમાં મણીભાઇ જૈન વાણિયા રહેતા હતા. તેમને ત્રણ દિકરી તથા બે દિકરા હતા. બધા કાયમ મહારાજશ્રીના સમૈયા ભરવા આવતા. આખુ કુટુંબ ખૂબજ ભક્તિભાવવાળુ હતુ. એક ચંપાબેન મોહનભાઇ મિસ્ત્રીનું કુટુંબ પણ મહારાજશ્રી વખતે આવતું હતું.

સ્વામિનારાયણ મંદિર પાસે શ્રી ઝીણાભાઇ પંચાલ કરીને સદ્‌ગૃહસ્થ રહેતા. તેઓ સોનુ ઘડવાનો ધંધો કરતા. મુનિ મહારાજ વખતથી બબુભાઇની સાથે ભાદરણ સમૈયામાં આવતા ને વાસણોની કલાઇ કરવાની સેવાનું કામ તેઓ બંને મળીને જાતે કરતા. મુનિ મહારાજ વખતે નાના બાળકોને ગળામાં પહેરવા માટે પુરુષોત્તમ મહારાજ તથા મુનિ મહારાજના ફોટા કાચમાં મઢતા તે જેને જોઇએ તે લેતા. મુનિ મહારાજશ્રી પહેલા ઝીણાભાઇને ત્યાં ઉતરતા શહેરની બહેનો બપોરે મહારાજશ્રીના દર્શન કરવા જતી અને સાંજે પુરુષ હરિભક્તો નોકરીએથી છુટીને દર્શન કરવા જતા. તે સર્વેને ઝીણાભાઇ ચ્હા-નાસ્તો આપતા. બહારગામના હરિભક્તોને હેતેથી જમાડતા. જીણાભાઇ નારાયણકુંજમાં દરેક હરિભક્તોને ઘેર જય પુરુષોત્તમ કહેવા આવતા. તેમને બળવંતભાઇ તથા બાબુભાઇ નામે બે છોકરા હતા.

શ્રી ડાહ્યાભાઇ મહારાજ પણ તેમને ઘેર જતા.

મહેમદાવાદવાળા ધનલક્ષ્મીબેન હતા. તેઓ દવાખાનામાં નોકરી કરતા. તેમની દીકરી ઊર્મિલાબેન હતા. ધનુબેન સાથે દવાખાનામાં નોકરી કરતા એક મહારાષ્ટ્રીયન ચમેલીબેન રહેતા હતા. તેમણે બંનેએ મહારાજશ્રીને દવાખાનામાં ચાર થી પાંચ વખત પધરામણીએ તેડાવ્યા. ધનલક્ષ્મીબેન ચમેલીબેનને ભગવાનની વાતો કરે તે તેમને ખૂબ ગમે. સમૈયામાં અક્ષરભુવનમાં આવ્યા. તેમને મહારાજશ્રીને જોતા જ સમાધી થઇ. સમાધીમાં મહારાજે તેમને તેજ તેજમાં દિવ્યરૂપે દર્શન આપ્યા. રજા હોય તો ધનુબેન અને ચમેલીબેન અવશ્ય મહારાજશ્રીના દર્શને અમદાવાદ આવતા. તેઓ જીવ્યા ત્યાં સુધી અક્ષરભુવન આવતા હતા.

ગામડીના ઇશ્વરભાઇ પંચાલ તેમના ઘેરથી ડાહીબા તેમના પુત્ર, વહુ બધાજ મહારાજ વખતે સમૈયા, ઉત્સવોમાં દર્શન માટે આવતા. ઇશ્વરભાઇના પુત્ર નટવરભાઇ ઇલેક્ટ્રીકનું કામ જાણતા. તેઓ વખતોવખત અક્ષરભુવનની લાઇટોની સેવા કરતા. લક્ષ્મીસ્વરૂપ મણિબાના ભાઇ-ભાભી અમદાવાદમાં રહેતા. તેઓ પણ વારતહેવાર અક્ષરભુવનમાં આવી મહારાજશ્રીનો રાજીપો મેળવતા.

રજનીકાંતભાઇના માસા-માસી શ્રાવણ માસ કર્યો હતો તેથી મહારાજશ્રીના દર્શન કરવા મંદિરે આવ્યા. મહારાજશ્રીએ બંનેને એક-એક લાડવો આપ્યો. ત્યારે માસી બોલ્યા કે, મહારાજ અમે શ્રાવણ મહિનો કર્યો છે. માટે અમારે ના ખવાય. ત્યારે મહારાજશ્રી કહે, આ લાડવો ખાવ તમારો શ્રાવણ મહિનો ભાંગશે નહિ. આતો પ્રસાદ છે. જે પાપ લાગે તે મને આપજો. પછી તેઓએ પ્રસાદ ખાધો. આમ મહારાજશ્રી ગઢડા મધ્યના આઠમા વચનામૃત પ્રમાણે ભક્તોને શીખ દેતા હતા કે, આપણે ખરી એકાદશી દસ ઇન્દ્રીયોને અગિયારમું મન એ ભગવાનના સ્વરૂપમાં હોમવાનું છે એવી નીત એકાદશી કરવાની છે.

એક દિવસની એકાદશી કરીને પછી વિષયરૂપી ચારો ચરવા ઇન્દ્રીયો દોડે તે તો ઢોરલાંઘણ કર્યુ કહેવાય.

## ❖ મહારાજશ્રી પર શ્રી લીંગડ-ભાટીયાના હરિભક્તોનો પ્રેમ તથા એકાંતિક સંતોના ઘરે મહારાજશ્રીની પધારામણી :

અક્ષરભુવનમાં સમૈયો હોય તો સુરત બાજુથી લીંગડ-ભાટીયાના હરિભક્તો ખાસ આવતા. મહારાજશ્રી તેમને ખૂબ સાચવતા. સમૈયામાં મોટા દુલભભાઇ, નાના દુલભભાઇ, મગનભાઇ, વસંતભાઇ વગેરે ખાસ આવતા. નાના દુલભભાઇનો નાનો દિકરો મગનભાઇ તેમને સમાધી બહુ થાય. તેઓ બારણામાં પેસે ત્યારથી ઘેર જાય ત્યાં સુધી સમાધી તેમની ચાલુ રહેતી. મિરોલીના સૂર્યાબાના સાસુ ચેહરબા જ્યારથી સમૈયામાં આવે ત્યારથી કૂદાકૂદ કરે, ત્યારે મહારાજશ્રી કહે, ચેહરબા તમે કેમ કૂદાકૂદ કરો છો. ત્યારે તે કહે, મારામાં મહારાજશ્રીની મૂર્તિ કૂદાકૂદ કરે છે. બહુજ પ્રકાશ દેખાય છે તેથી હું અંજાય જાઉં છુ. આ તેજ મારાથી સહન થતુ નથી એટલે હુ કૂદાકૂદ કરુ છું. સરસપુરમાં મામી અને શાંતિભાઈએ મહારાજશ્રીની પધરામણી કરાવી હતી. નારાયણકુંજના બધા હરિભક્તો સાથે મહારાજશ્રીને બોલાવ્યા. પ્રગટ પ્રભુને પાટે બેસાડી, મણિબા તથા મધુબેનને પણ ચાંલ્લા કરી આરતી ઉતારી. સાંજે બધા જમ્યાને આખી રાત ભજન કર્યુ.

ખાનપુરવાળા ડાહ્યાકાકાની દિકરી કમુબેન નવસારી રહેતા તેઓ અવારનવાર મહારાજશ્રીને કહે જે, તમે લીંગડ, ભરૂચ જાવ તો મારા ઘેર પધરામણીએ અચૂક આવશો. તેઓ તેમના ઘેર મહારાજશ્રીને બે-ત્રણ દિવસ રાખતા. ખૂબ ભજન અને સમાધીઓ થતી. સમાધીમાં તેઓ મહારાજશ્રી પાસે જ બેસી રહેતા. પણ મહારાજશ્રી પાસે શાસ્ત્રોની

વાતો વાંચી સત્સંગ વધારે કરતા.

મીરોલીવાળા અમદાવાદ રહેતા શાંતાબેન દુધવાળા સમૈયામાં આવતા ત્યારે તેઓ તેમના ઘરવાળા નારણદાસ સાથે આવતા સાથે ફુલનો હાર અને દૂધની બરણી લાવતા. આ બંને જણ બહુ ભાવવાળા હતા. તેઓ કહેતા કે, તમે બાકરોલ જાવ તો મારે ત્યાં પધરામણી કરીને જ જવાનું. મહારાજશ્રી તેમનો ભાવ પૂરો કરતા.

શ્રી ડાહ્યાભાઈ મહારાજના કાકા વૃધ્ધ હતા. તેઓ બે વરસ અક્ષરભુવનમાં રહ્યા હતા. પછી અક્ષરભુવનમાંજ ધામમાં ગયા હતા. નાપાડવાળા મહારાજશ્રીના બહેનના ભાણા અંબાલાલ અને જશભાઈ તેમને ખબર પડી મામા ભગવાન થયા છે તેઓ અમદાવાદ મળવા આવતા. ગોકળબાપાએ મહારાજશ્રીના કહેવાથી જશભાઈને સરકારી નોકરી અપાવી. તેમની પત્ની લલિતાબેનને પણ હાઈસ્કુલમાં નોકરી મળી હતી. તેઓ શાહપુરમાં ભાડાના ઘરમાં રહેતા હતા. ને દરરોજ સવાર-સાંજ દર્શને આવતા, સમૈયામાં પણ આવતા.

## ❖ દિવાળીના નવા દિવસોમાં મહારાજશ્રીનું ચરિત્ર :

ગોકળબાપાએ પણ તેમના ઘેર મહારાજશ્રીને પધરામણીએ બોલાવ્યાને મહારાજશ્રીને પીળા પીતાંબર, ગુલાબી ઝભ્ભો, જરી ભરેલા બુટ્ટાવાળી બંડી તથા તોરાવાળી ટોપી પહેરાવી પાટે બેસાડ્યા. શ્રાવણ મહિનાના છેલ્લા દિવસે હરિબેન સવારે પાંચ વાગ્યે નારાયણ કુંજમાંથી અક્ષરભુવન મહારાજશ્રીને તેડવા જતા. મહારાજશ્રીને ઘરના તમામ સભ્યો સાથે ભજન ગાતા ગાતા તેમને ઘેર લઈ જતા. પછી દાતણ, પાણી કરી ઘરના તમામ સભ્યો મહારાજશ્રીને વારાફરતી નવડાવતા. મહારાજશ્રીનું પૂજન કરી નવા વસ્ત્રો પહેરાવતા. આરતી ઉતારી મંદિરમાં બધા માટે નાસ્તાની વ્યવસ્થા કરતા. મહારાજશ્રીને શીરો કરી જમાડતા. ને મહારાજશ્રી પણ તેમના પર ખૂબ હેત વરસાવતા.

અક્ષરભુવનમાં મહારાજશ્રી સાથે ભીખાકાકા અને જેકા ભગત પણ રહેતા. સવારે નવ વાગ્યે બધા ભક્તો મહારાજશ્રીના દર્શન કરવા જતા. જીણાભાઇ પંચાલ, નટવરભાઇ દરરોજ મહારાજશ્રીના દર્શને આવતા. તો નોકરીવાળા હરિભક્તો સાંજના મહારાજશ્રીના દર્શને આવતા. કેટલાય દિવસોમાં આખો દિવસ ભજન થાય. શહેર અને ગામડાના હરિભક્તો આખી રાત ખૂબ ભજન કરતા. અને તેમાં ખૂબ સમાધિઓ થતી. આનંદ આનંદ થઇ જતો. મહારાજ ક્યારેક ટિખળ કરીને ભક્તોને ખૂબ હસાવે. રાતે અચૂક દાંડિયા રાસ થાય. તેનો લાભ સત્સંગી ભાઇઓ-બહેનો લેતા.

દિવાળીના પાંચ દિવસ મુખ્યત્વે મોટી સંખ્યામા હરિભક્તો રાત્રે આવતા. નવા વર્ષના નવલા દિવસોમાં રોજ રાત્રે ભજન-સત્સંગની હેલીઓ થતી. ધનતેરસના દિવસે રજનીકાંતભાઇ મહારાજશ્રી તથા બધાને તેમને ઘેર તેડાવી મહારાજશ્રીના હસ્તે ચોપડા પૂજન કરાવતા. બધાને જમાડે અને તેમના ઘેર ભજન કરાવતા.

લક્ષ્મીપૂજન(દિવાળી)ના દિવસે ગોવિંદભાઇ મહારાજશ્રી માટે પીતામ્બર, રેશમી ઝભ્ભો, રૂમાલો, નેપકીન, પ્રસાદ, સૂકો-મેવો લાવી મહારાજશ્રીના હાથે ચોપડા પૂજન કરાવતા. જસુભાઇ પણ આ દિવસે મહારાજશ્રીના હસ્તે ચોપડાપૂજન કરાવતા. મહારાજશ્રી માટે સૂકો-મેવો, પેંડાનો પ્રસાદ લાવતા. આ દિવસે બધા ભક્તો મંદિરમાં આવતા ને ચાર વાગ્યા સુધી ખૂબ ભજન થતું. ખરેખર, મહારાજશ્રીએ જાણે અમદાવાદના હરિભક્તો માટે જ જન્મ ન ધર્યો હોય તેમ હરિભક્તોના લાડ-કોડ વાર તહેવારે તથા જન્માષ્ટમી, હોળી, દિવાળી જેવા તહેવારો દ્વારા મહારાજશ્રી પૂરી કરતા. શ્રાવણ માસમાં બહેનોની સભા બપોરે ભરાતી, અને રાત્રે સર્વે માટે સભા ભરાતી, શ્રાવણ માસમાં ખીચડીને છાસનું બહુધા જમણ થતુ. એવી રીત રાખી, મહારાજશ્રી શહેરના સેવનમાં પણ સાત્વીક આહાર કરી બને તેટલુ પ્રભુમાં મન રહે

તેવો હરિભક્તોમાં દ્રઢાવ કરાવતા. વળી, જુવાન ભાઇ-બહેનોને ધ્યાન કરાવતા. કેટલાક જુવાનિયાઓને તો મહારાજશ્રી બાથરૂમમાં ધ્યાન કરવા બેસાડતા.

એક વખત મહારાજશ્રીને ગોવિંદભાઇએ પધરામણીએ બોલાવ્યા. મહારાજ પાટ ઉપર બેઠા. ઘરના બધા સભ્યો નારાયણ કુંજમાં હતા. પછી મહારાજશ્રીતો અંતરમાં ઉતરી ગયા. ન બોલે કે ચાલે. બધા ઘરનાએ મહારાજશ્રીને હચમચાવી નાખ્યા પણ મહારાજશ્રી કંઇ બોલે નહિં. પણ ગોકળ બાપા તથા પુંજાકાકા એ બધા પાકા નિશ્ચયવાળા હતા. તેમણે કહ્યું જે, કશું થયુ નથી મહારાજશ્રીતો અંતરમાં ઊંડા ઉતરી ગયા છે. પછી મહારાજશ્રી અડધો કલાકે પૂર્વવત બન્યા. બધાએ પૂછ્યુ જે, મહારાજ કેમ બોલતા નહોતા? ત્યારે મહારાજશ્રી કહે જે, મુનિ મહારાજ મારી પાસે બેઠા હતા. અને અમો વાતો કરતા હતા એટલે સહેજ ઊંડા ઉતરી જવાયુ હતું. પછી મહારાજશ્રીને થાળ આપી બધા જમ્યાને ખૂબ ભજન કર્યુ.

## ❖ સોખડા તથા બારેજામાં મહારાજશ્રીની પધરામણી :

સોખડા ગામના શનાભાઇ, ભાઇલાલભાઇ, આશાભાઇ, પરસોત્તમભાઇ, મૂળજીકાકા બહુજ ભાવવાળા હરિભક્તો હતા. મૂળજીકાકાનુ ઘર ખૂબ જ મોટુ હતું. મુનિ મહારાજ વખતથી સંતો અને મહારાજશ્રી એમને ત્યાં ઉતરતા ને ખૂબ ભજનો થતા. મૂળજીકાકાના ઘેરથી હરખાબા મહારાજશ્રીની ખૂબ સેવા કરતા. તેમનો દિકરો શંકરભાઇ તથા વહુ કમળાબેન પણ મહારાજશ્રી પ્રત્યે ખૂબ ભક્તિ ભાવ વાળા હતા. શંકરભાઇના ઘેરથી કમળાબેન દર સમૈયે અને ખાસ કરીને બાકરોલના સમૈયે મહારાજશ્રી માટે મઠીયાના મોટા બે ટોપલા ભરીને મોકલતા. મૂળજીકાકા અને હરખાબાના ધામમાં ગયા પછીથી મહારાજશ્રી શનાભાઇને ત્યાં ઉતરતા. વર્ષમાં બે વાર શનાભાઇ,

ભાઇલાલભાઇ, મણીબેન મહારાજશ્રીને બોલાવતા.

બારેજાના મણિકાકાના દિકરા વિઠ્ઠલભાઇને ભજનો બનાવવાનો ખૂબ શોખ. તેઓ રોજ બે ભજનો નવા બનાવતા. ભજનો ભગવાનની મૂર્તિના વર્ણન ઉપરથી બનાવતા. પીક્ચરના ગીતો ઉપરથી ભજનોના રાગ સેટ કરી ભજનો બનાવતા ને અક્ષરભુવનમાં સભા વચ્ચે બે-બે ફુટ સુધી ઊંચા થઇ કૂદીકૂદીને ભજન કરતા. હાથમાં મટૂકી લઇને પણ મટૂકીના ભજનો ઊંચે સાદે ગાઇને મહારાજશ્રી તથા સંતોને રાજી કરતા.

## ❖ મહારાજશ્રીએ સમૈયામાં કરેલી કસોટી તથા મધુબેનની સમાધી :

એક વખત અક્ષરભુવનમાં સમૈયો હતો. મહારાજશ્રીએ કસોટી કરી કે, કેટલા ભક્તો મારી આજ્ઞા પાડે છે. મહારાજે આજ્ઞા કરી કે, આજથી બપોરની ચ્હા બનાવવાની નથી. અને કોઇ ભગતે કોઇ ભગતના ઘેર અથવા બહાર હોટલમાં ચ્હા પીવા જવાનું નથી. પણ કેરીઆવીવાળા છોટાભાઇ તથા તેમના ઘરવાળા ગંગાબેન બંન્ને ચ્હાના બંધાણી તેમને ચ્હા પીધા વિના ચાલે નહિ. તેઓ મંદિરમાંથી નીકળી સામેની હોટલમાં ચ્હા પીવા માટે ગયા. થોડીવારમાં મંદિરમાં આવ્યા. મહારાજને પગે લાગ્યા. તેઓ સાચું બોલ્યા જે, ચ્હા પીધા વિના માથું દુઃખે છે, એટલે સામે હોટલમાં ચ્હા પીવા માટે ગયા હતા. મહારાજશ્રી તેમને વઢ્યાં એટલે છોટાભાઇ કહે જે, ક્યા વચનામૃતમાં ચ્હા નહિ પીવી તેવો ઠરાવ કરેલો છે. ત્યારે મહારાજશ્રી કહે, છોટાભાઇ મારે ત્યાં દૂધ, ખાંડની ખોટ નથી પણ ભક્તો કેટલા મારી આજ્ઞા પ્રમાણે વર્તે છે તે મારે જોવાનું હતું. આ બધા ચ્હા પીવા માટે બહાર ના ગયા ને મારી આજ્ઞા પાળીને તમે ના પાડી.

એક વખત અક્ષરભુવનમાં મહારાજશ્રીના સુપુત્રી મધુબેનને

સતત એક મહિના સુધી સમાધી રહી. સમાધીમાં તેઓ સૂતેલા જ રહેતા ફક્ત પગનો અંગૂઠો જ હલ્યા કરે. શરીર ફક્ત સ્થિર થઇ રહે. ખાવા-પીવા, સૂવા-જાગવા, ઝાડો-પેશાબ બધુ બંધ. પાણી વિના મોં સૂકાય જાય. મહારાજશ્રી અને બીજા મધુબેનને બેઠા કરી પાણી અને ચ્હા પીવડાવતા. પણ મધુબેન કશુંજ પીતા નહિ. સમાધીમાં તેઓ કહેતા કે, મને તો મહારાજશ્રી રોજ ચ્હા-નાસ્તો, જમવાનું આપે છે માટે મારે ખાવુ નથી. ચંદ્રીકાબેન (બેબીબેન)ને પણ ૧૦ દિવસ સુધી મધુબેનની જેમ સમાધીઓ થતી. અને તેઓ સમાધીમાં રહે ત્યાં સુધી પ્રગટ પ્રભુના સાંનિધ્યમાં લીન રહેતા.

## ❖ મહારાજશ્રીની કૃપા દ્દષ્ટિથી રજનીકાંતભાઇનું નવજીવન :

એક વખત રજનીકાંતભાઇને સખત તાવ આવ્યો હોવાથી ગરમી મગજ પર ચઢી ગઇ, કોઇ દવાની અસર ન થાય. ઉઠી ઉઠીને બહાર રોડ ઉપર જતા રહે, ઊંઘે નહિ. ડૉકટરને બોલાવ્યા, ડૉકટર કહે, તેમને ગાંડીયો તાવ આવ્યો છે. મગજનો કન્ટ્રોલ નથી. દવા પણ લેતા નહિં. મહારાજ, બહેચરકાકા, પસાકાકા, પૂંજાકાકા બધા નારાયણ કુંજના હરિભક્તો રજનીકાંતભાઇ પાસે બેસતા. ખૂબ બીજા પ્રયત્નો કરવા છતા તાવ મટતો નહોતો તે શ્રી ડાહ્યાભાઇ મહારાજે કૃપા કરીને તાવ મટાડ્યો. તેઓ ગાડી લાવ્યા, તેમાં મહારાજશ્રી તથા મોટેરા સંતોને બેસાડતા. બાકરોલ, ભાદરણના સમૈયા ભરતા. ધંધો પણ સારો ચાલતો હતો. થોડા વર્ષો પછી આંખે દેખાતુ બંધ થઇ ગયુ. આંખના ડૉકટરને બતાવ્યુ તો કહે, આંખની કીકીમાં કાણા પડ્યા છે. તેમને સારવાર અર્થે સીતાપુર લઇ જવા પડશે. પન્નાબેન નોકરી હોવાથી ઘેર રહ્યા જ્યારે ઘરના બધાજ સભ્યો રજનીકાંતભાઇની સારવાર માટે સીતાપુર તેમની સાથે ગયા. મહારાજશ્રીએ જતી વખતે રસીલાબેનને કહ્યું જે, સારું થઇ

જશે, હિંમત રાખજો. મહારાજશ્રીની દયાથી આંખે દેખાતું સારું થઇ ગયુ. આ બે દરદો રજનીકાંતભાઇને એવા હતા, કે સાજા થાય તેમ હતા નહિં, પરંતુ પ્રગટ પ્રભુ શ્રી ડાહ્યાભાઇ મહારાજની કૃપાદષ્ટીથી જ તેમને નવજીવન મળ્યું. કારણ એટલુંજ કે, તેઓમાં દઢ પતિવ્રતાની ભક્તિ, અચલ નિષ્ઠા હતી. મહારાજ સિવાય અન્ય કોઇ દેવી-દેવતાને નમતા નહીં.

## ❖ અમદાવાદ અક્ષરભુવનમાં મહારાજશ્રીના સાનિધ્યમાં ઉત્સવોનો આનંદ :

મહારાજશ્રીને ઉનાળામાં ખૂબ ગરમી લાગતી. ગરમી થાય અને ઝભ્ભો ભીનો થાય એટલે મહારાજશ્રી તેને બદલી નવો ઝભ્ભો પહેરતા. ગોવિંદભાઇ પહેલા એમના માટે ઊભો પંખો લાવ્યા. છતાએ મહારાજશ્રીને ગરમી ઓછી થતી નહોતી. પછી ગોવિંદભાઇ મહારાજશ્રી માટે કુલર લઇ આવ્યા. મહારાજશ્રીના ખાટલાની પાસે કુલરમાં વારંવાર હરિભક્તો પાણી નાખતા, આથી અક્ષરભુવનમાં ઠંડક રહેતી. સાંજે ગોવિંદભાઇના ઘરની પાછળ ખુલ્લી જગ્યા હતી. સાંજે ૬ વાગ્યે તેમનો નોકર પાણી છાંટતો, સાંજે મહારાજશ્રી મોટ પલંગ ઉપર બેસતા. ને આજુ-બાજુ સંતો બેસતા. બધા ભગવાનની વાતો કરતા, કપિલાબેન મહારાજશ્રી માટે દૂધ લાવતા. ને બધા સાંજે મોડે સુધી બેસતા.

જન્માષ્ટમીનો તહેવાર અક્ષરભુવનમાં ખૂબ ધામધૂમથી ઉજવાતો. આ દિવસે સમસ્ત સત્સંગ મંડળમાંથી ઉત્સવની ઉજવણી માટે સંતો હરિભક્તો આવતા. સવારથીજ આસોપાલવના તોરણ અને હજારી, ગુલાબના ફુલોના હાર ગુથવાની તજવીજ હાથમાં ધરતા, સાંજ સુધીતો આખું અક્ષરભુવન સંતો ફુલોના હારથી શણગારતા, રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી જોર જોરથી સર્વે કીર્તન બોલતા ને રાત્રે

૧૨-૦૦ વાગ્યે આરતી ને થાળ થાય.

અક્ષરભુવનમાં નાના-મોટા દરેક તહેવારોની ઉજવણી ખૂબ ભક્તિભાવ પૂર્વક રંગમાં ઉજવાતી. ફાગણ સુદ પૂનમ હોળીનો તહેવાર આવે ત્યારે, છોટાબાપા ગુલાલ છાંટવાના બહુ રસીયા. ભજન ચાલુ હોય ત્યારે તેઓ ગુલાલ ભરીને હરિભક્તો તરફ ઉછાળતાં. બધા મહારાજશ્રીને ગુલાલ છાંટે પછી મહારાજશ્રી બધા પર ગુલાલની છોળો ઉડાવીને નાંખે. અક્ષરભુવનમાં તો જાણે ગુલાલ-ગુલાલ થઇ જતું. પછી બીજા દિવસે ધૂળેટીના દિવસે મંદિરના પાછળના ભાગમાં કેસૂડાના ફુલો તથા રંગ નાખી પીપડા ભરી દે. પછી પીચકારીમાં તે પાણી લઇ હરિભક્તો અક્ષરભુવનમાં મહારાજશ્રીને આપે, મહારાજશ્રી દરેક હરિભક્ત ઉપર પીચકારીથી રંગવાળુ પાણી છાંટતા. હોળીના આ બે દિવસો દરમિયાન અક્ષરભુવનમાં પ્રગટ પ્રભુના દિવ્ય સાંનિધ્યમાં રંગ, રાગ અને ફાગની જાણે કે ત્રિવેણી ઉત્સવસમ આનંદ પથરાતો.

## ❖ જ્યાં ત્યાં, જ્યારે ત્યારે, જેવું તેવું ને જેમ તેમ વર્તવા માટેની મહારાજશ્રીની શિખામણ તથા બારેજાના મંગળભાઈમાં થતો પ્રવેશ :

ઉનાળામાં શ્રી ડાહ્યાભાઇ મહારાજ બાકરોલ રહેતાં ત્યારે ગામમાંથી આશાભાઇ, જશભાઇ વગેર મંદિરમાં આવતા, ખાટલાની આજુ-બાજુ ચોફેર પાણી છંટાવતા. ગામના વડીલ હરિભક્તો મહારાજશ્રી જેટલા દિવસ બાકરોલ રહેતા તેટલા દિવસ રોજ રાત્રે મોડા સુધી બેસવા આવતા.

એક વખત ઉનાળામાં મહારાજશ્રી બાકરોલ આવેલા ત્યારે તેમના મિત્ર આશાભાઇની દીકરીના લગ્ન હતા. તે વખતે તેમની સાથે રસીલાબેન, લીલાબેન, મામી, રૂપાળીબેન વગેરે હતા. વિદ્યાનગર લગ્નમાં સર્વેને જવાનુ હતું. મહારાજે રસીલાબેનને પૂછ્યું જે, બધાને

તૈયાર થતા કેટલીવાર છે? ત્યારે તેમણે કહ્યું જે, મહારાજ તેઓ તૈયાર થાય ને પાવડર મોંઢે લગાડીને તૈયાર થાય છે. પછી તો મહારાજશ્રીનો મૂડ ના રહ્યો. આખા રસ્તે બસ બોલવાનું શરૂ કરી દીધું. આ પાવડર આશાભાઇને બતાવવાનો છે? તે તમે બધાએ મોંઢે લગાવ્યો છે. પછી અમદાવાદ આવ્યા પછી એક સત્સંગી હરિભક્ત કંચનબેન વાણીયા મહારાજશ્રીના દર્શને આવ્યા. મહારાજે તેમને કહ્યું જે, અહિં દુકાનમાં શંખજીરૂ મળે છે? તેમણે કહ્યું, હા મહારાજ મળે છે. કેટલું લાવવું છે હું લાવી આપું. મહારાજશ્રી બાકરોલવાળી વાત યાદ કરીને કહે જે, એક ગુણ જોઇએ છે. ત્યારે કંચનબેન કહે, મહારાજ તમારે એટલુ બધું શંખજીરૂ શું કરવું છે? તમારે શામાં નાખવાનું છે? ત્યારે મહારાજશ્રી કહે, આ બધાને સમૈયામાં છાંટવા (મોંએ લગાવવા) મારે જોઇએ છે. એટલે કંચનબેન તો બહુ નવાઇ પામી ગયા. એ પછી તો તેઓ કંઇ જ બોલ્યા નહિં. ખરેખર, મહારાજશ્રી ગૃહસ્થાશ્રમી હરિભક્તોને સાદાઇથી રહેવાની રીત શીખવતા. તેમાય તે બાઇ માણસને કેવું વસ્ત્ર પહેરવુ, જાહેરમાં કેવી સભ્યતા રાખવી, કેવુ વર્તન કરવું અને કેટલા ચોટલાવાળીને બહેનોએ બહાર નીકળવું ત્યાં સુધીનો વિવેક મહારાજશ્રી બાઇ હરિભક્તોને શીખવતા. મહારાજશ્રી કહેતા કે, આપણે ગમે તેટલા સાધનસંપન્ન હોઇએ પણ આપણો આચાર જ્યાં ત્યાં, જ્યારે ત્યારે, જેવું તેવું ને જેમ તેમ પ્રમાણે હોવું જોઇએ. બને તેટલી ખપ જેટલી ક્રિયાઓ જ કરવી. જેટલું કંઇ ન ખપનું થાય છે તે અધર્મનું કામ થાય છે એમ મહારાજશ્રી વાત વાતમાં શીખ દેતા.

નવાવાસવાળા નારાયણભાઇ તેમના ધર્મપત્ની સમજુબા, તેમના બે દિકરા, વહુ અત્યંત ભાવિક હૃદયવાળા હતા. નારાયણભાઇ સમૈયામાં, વાર તહેવારે મહારાજશ્રીને ફેંટો બાંધતા અને છડી પોકારતા. ગામડીના જીવાભાઇ તેમના પત્ની કાશીબા વગેરે ખૂબ શૂરવીર ભક્તિભાવવાળા સંતો હતા. સમૈયો હોય તો આગળ પાછળ બે દિવસ

રહેવાય તેવું આવતાને અખંડ સેવાપરાયણ હતા.

બારેજાના રાવજીભાઇ તેમના પત્ની મણીબા તેમના બે દિકરા શંકરભાઇ તથા મંગળભાઇ અમદાવાદમાં જ રહેતા હતા. બહુ ભક્તિભાવવાળા હતા. રાવજીભાઇ તથા તેમના દિકરા મંગળભાઇને પુષ્કળ સમાધીઓ થતી. એક વખત અક્ષરભુવનમાં સમૈયો હતો. મંગળભાઇને પ્રવેશ થયો. તેમને થાળી ભરીને મોહનથાળ આપ્યો તે બધો પળવારમાંજ જમી ગયા. કલાક પછી પ્રવેશ ઉતરી ગયા પછી નારાયણકુંજમાં પસાકાકાને ઘેર ગયા. ને તેમના ઘેરથી હિરાબાને કહ્યું જે, તમારે ઘેર શું જમવાનું બનાવ્યું છે? મને ખૂબ ભૂખ લાગી છે. એટલે હિરાબાએ થાળી ભરીને હાંડવો આપ્યો તે પળવારમાં જમી ગયા ને કહ્યું જે, હાશ આજે મેં ખાધું.

## ❖ મિરોલીના અંબાલાલભાઇ તથા મૂળજીભાઇના પરિવાર પ્રત્યે મહારાજશ્રીની અનન્ય પ્રસન્નતા :

મીરોલીના અંબાલાલભાઇ તેમના પત્ની સાકરબા, તેમના ચાર દિકરા ચિમનભાઇ, શંભુભાઇ, નારણભાઇ, પરસોત્તમભાઇ તથા એક દિકરી શાંતાબેન હતા. તેઓ ખેતી કરતા હતા. પુરુષોત્તમ મહારાજ વખતથી પતિવ્રતાની રીત રાખી, જે કંઇ ખેતરમાં પાકે તેનો દસમો ભાગ મંદિરમાં આપી જતા. જેના પ્રતાપે તેઓનું કુટુંબ ખૂબ સુખી થઇ ગયું. વસાઇના ખુશાલકાકા તથા તેમના ઘેરથી ડાહીબા પણ અક્ષરભુવન સમૈયામાં આવતા. તેમની ઉંમર વધારે હતી. જ્યારે તેઓ સમૈયામાં આવતા ત્યારે ઋષિરાજનો કક્કો કક્કા કર સદગુરુનો સંગ, રૂદે કમળમાં રાખે રંગ બોલતા તેથી મહારાજશ્રી બહુ રાજી થતા. મીરોલીના મૂળજીભાઇ તેમના ભાઇ ધોરીભાઇ ખૂબ ભક્તિ-ભાવવાળા હતા. મૂળજીભાઇને અક્ષરભુવન જવાનો સંકલ્પ ખેતરમાં થયો હોય તો તેઓ ઘરે કહ્યાં વગર સીધા જ શાહપુર પહોંચી જતા. એવા વેગવાળા

હરિભક્ત હતા. એક વખત મીરોલીમાં વરસાદ ખેંચાયો તો મુળજીભાઇ વરસાદ પડે તે માટે રૂપિયા લઇને મહારાજશ્રી સમક્ષ અક્ષરભુવન આવ્યા ને, બોલ્યા કે વરસાદની ખેંચ છે તો હે દયાળુ પ્રભુ, વરસાદ પાડો. મહારાજશ્રી કહે જે, અઠવાડિયામાં વરસાદ પડશે. ત્યારે તે પ્રમાણે થતા રૂપિયાની પોટલી લઇ અક્ષરભુવનમાં મહારાજશ્રીના ચરણે ધરી.

મીરોલીના ચિમનભાઇના કહેવાથી મુનિમહારાજશ્રી વખતથી પરસોત્તમભાઇ અભ્યાસ માટે નારાયણ કુંજમાં રહેતા. અક્ષરભુવન બંધાવ્યુ ત્યારથી તેઓ અક્ષરભુવનમાં મહારાજશ્રી સાથે અભ્યાસ કરવા માટે રહેતા. પરસોત્તમભાઇનો એક પ્રસંગ છે તેઓ આઠ વર્ષ અક્ષરભુવનમાં રહ્યા, તેઓ ભાત-દાળ જમે ત્યારે દાળમાં રહેલું લાલ મરચું દાળમાં નીચોવી દાળ ખાવાની ટેવ હતી. મહારાજશ્રીએ એક સમયમાં રમૂજ કરી, તેમણે મણિબા તથા મધુબેનને કહ્યું જે, તમારે રોજ પરસોત્તમભાઇ જમી રહે ત્યારે તેમની થાળીમાંથી લાલ નીચોવી કાઢેલું મરચું લઇ લેવું ને ફરી બીજા દિવસે તેઓ જમવા બેસે તે પહેલા તેમની થાળી તૈયાર કરીને તે નીચોવાઇ ગયેલું મરચું તેમની દાળમાં મુકી દેવું. પરસોત્તમભાઇ તો નિત્ય ક્રમ મુજબ રોજ પેલું મરચું નીચોવીને દાળ પીવાની આદત તે મરચું નીચોવે પણ તેમાંથી કંઇ રસબસ નીકળે નહિં. આથી મહારાજશ્રી તથા સાથે સર્વે સંતો આ જોઇ ખૂબ હસવા લાગ્યા. અને પછી પરસોત્તમભાઇને બધી વિગત કહી સંભળાવી.

## ❖ દેવમોરીના જેકાભગતથી મહારાજશ્રીના કહેવાથી પણ વ્યસન નહી છોડ્યું :

દેવમોરીના જેકાભગત મુનિ મહારાજ વખતે શ્રી પુરુષોત્તમ મહારાજની સેવા પૂજા સાત વર્ષ મંદિરમાં રહીને કરી. શ્રી ડાહ્યાભાઇ મહારાજનું પ્રાગટ્ય અમદાવાદમાં થયુ ત્યારથી તેઓ અમદાવાદ

મહારાજશ્રી સાથે રહેતા પણ તેમને ચલમ પીવાનુ વ્યસન હતું તે મહારાજશ્રીના અતિ આગ્રહથી પણ છુટતું નહિં. મહારાજશ્રી કહે, જો વ્યસન ના છુટતું હોય તો મારા મંદિરમાં રહેવાનું નહિ. પછી તેઓ બીજા દિવસે દેવમોરી જતા રહ્યાં. આમ, સ્વયં ભગવાનના કહેવાથી પણ જીવ પોતાને વળગેલ ખોટા વ્યસનો, ફંદ, કુટેવો છોડી શકતો નથી.

## ❖ મહારાજશ્રીની એકાંતિક સંતો ઉપર પ્રસન્નતા :

મહારાજશ્રી કયારેક રમૂજ પણ કરતા હતા. હરિભક્તોના દુઃખદર્દના સહભાગી થતા. કોઈનું દુઃખ સહેજે મટાડી દેતા. પ્રારબ્ધનું દુઃખ હોય તો તે તેને માપમાં ભોગવાવતા. મહારાજશ્રીએ તમામ સત્સંગીઓના છોકરા, છોકરીઓને નોકરી અને તેમાં મોટી-મોટી પદવીઓ અપાવી ને સર્વે જીવોને સુખીયા કર્યા. એ વખતની જુવાનિયા પાર્ટીપણ જોવા જેવી હતી. લગભગ એક સરખી ઉંમર અને રૂચિ વાળાઓનું ટોળું ભેગું રહેતું. મહારાજશ્રી કીર્તન કરાવે ત્યારે બધા જુવાન સત્સંગી ભાઇઓ, બહેનો ઉંચે સાદે જોશથી ઢોંલ વગાડીને કીર્તનો બોલતા. તથા મોડી રાત્રે ભૂખ લાગે તો મહારાજશ્રી પાટ નીચે રાખેલા ડબ્બામાંથી લાડવાનો પ્રસાદ અને કોઇકવાર મઠીયા કાઢીને જમવા આપતા.

ભાદરણમાં ભીખાકાકાએ મુનિ મહારાજશ્રીની દસ વર્ષ સેવા કરી તથા તેમની આજ્ઞા પ્રમાણે રહ્યા. મંદિરનો તમામ વહીવટ દેખભાળ તેઓ કરતા. મુનિ મહારાજશ્રીના અંતર્ધ્યાન થયા પછીથી ભીખાકાકા નારાયણકુંજમાં રહેતા નીચેની રૂમમાં રૂપાળીબેન રહેતાને રસોઇ કરતાને ઉપર મેડે ભીખાકાકાને રહેવાનું એવું મહારાજશ્રીએ લખાણ કરાવેલ હતું. અક્ષરભુવન બંધાયા પછી ભીખાકાકા તથા જેકાભગત બંને મહારાજશ્રી સાથે રહેતા. ભીખાકાકા શાહપુરમાં અક્ષરભુવન, પાછળનું મધુભુવન, બાકરોલમાં અક્ષરભુવન તથા શ્રી પુરુષોત્તમ નિવાસ,

ભાદરણમાં મંદિર તથા મૂર્તિ પ્રતિષ્ઠાની તમામ વ્યવસ્થા, આયોજન, માલસામાનની ખરીદી-દેખરેખ તમામ સેવાઓ ખૂબજ ભક્તિભાવ પૂર્વક ફક્ત મહારાજશ્રીના રાજીપા માટે કરતા. બાકરોલ પાસે મોગરી ગામમાં ભીખાકાકાના બેન ઝવેરબેન તેમના બે ભાણા હરમાનભાઇ તથા ભાઇલાલભાઇ મહારાજશ્રી વખતે દરેક સમૈયામાં આવતા. ગામડીના બહેચરભાઇ ભુલાભાઇ તેઓ નારાયણકુંજમાં રહેતા હતા. તેમના પત્ની શારદાબેન તેમનો પરિવાર ખૂબ ભક્તિ-ભાવવાળો હતો. બહેચરભાઇના નાનાભાઇ મણીભાઇ પ્રભુના ધ્યાનમાં નિત્ય રહેતા. તેઓ બે ત્રણ દિવસે જમતા. સમૈયા દરમિયાન ઉકળતા તેલમાંથી હાથથી ઢેબરાં કાઢતા એવી સ્થિતિવાળા હતા.

પલાણાના રાવજીભાઇ તેમના નાના ભાઇ રમણભાઇ તથા તેમના ધર્મપત્ની મધુકાન્તા, બાળકો સાથે આખો પરિવાર ખૂબજ ભક્તિ-ભાવવાળો હતો. મહારાજશ્રીને સંત મંડળ સાથે અવશ્ય વર્ષમાં બે-ચારવાર બોલાવે. ભજન-સત્સંગ કરાવતા.

અમદાવાદ નારાયણ કુંજમાં પસાકાકા, તેમના ધર્મપત્ની હિરાબા, બે દિકરા બાબુભાઇ તથા કનુભાઇ હતા. તેઓનો પરિવાર ખૂબ ભક્તિભાવ વાળો હતો. વળી નારાયણ કુંજમાં વલ્લભકાકા પણ રહેતા હતા. તેમના ઘેરથી કમળાબા, પુત્રો કૌશિકભાઇ તથા કીરીટભાઇ અને પુત્રીઓ બચીબેન તથા સુશિલાબેન હતા. મહારાજશ્રી જ્યારે પ્રગટ્યા ત્યારે વલ્લભકાકાએ મહારાજશ્રીને તેમના ઘેર તેડાવી સહકુટુંબ સાથે મહારાજશ્રીની આરતી ઉતારી. વળી મુનિ મહારાજે વલ્લભકાકાને દર્શન દઇને કહ્યું જે, હું અત્યારે ડાહ્યાભાઇમાં રહ્યો છું. મેં જે ૨૩ કલમો આપી છે તે બાળી દેજો એવું શ્રી મુનિ મહારાજે વલ્લભકાકાને દર્શન દઇને કહ્યું.

નારાયણકુંજમાં પુંજાકાકા, ગંગાબા તથા પાંચ દિકરાઓ, મનુભાઇ, જસુભાઇ, રમેશભાઇ, જગદીશભાઇ તથા સુરેશભાઇ તથા

એક દિકરી લીલાબેન હતા. પુજાકાકા સવારમાં પહેલ વહેલા મંદિરમાં આવીને બારી-બારણા ઝાપટીને સફાઇ કરતા તથા મહારાજશ્રી માટે દાઢી કરવાનો સામાન તથા નાવા માટે ગરમ પાણી તૈયાર રાખતા.

ગોકળબાપાનું કુટુંબ એટલે કે જાણે જોઇલો દાદાખાચરના જેવો પરિવાર. ગોકળબાપા, તેમના પત્ની ચંચળબા. ગોવિંદભાઇ તથા તેમના પત્ની ચન્દ્રકાન્તાબેન, મનુભાઇ તથા તેમના પત્ની પુષ્પાબેન. છોકરીઓ હરિબેન, કપિલાબેન, બચીબેન વગેરે તન, મન અને ધનથી મહારાજશ્રીની સેવા પૂજા કરતા હતા. સમૈયામાં મહારાજશ્રી તોરાવાળી ટોપી, જરકશી જામો તથા પીળાં પીતાંબર પાટ ઉપર પહેરીને બેસતા હતા. આખી રાત ભજન થતા. મહારાજશ્રી હાથના લટકા કરીને ગાતા. તે હરિભક્તો પણ જોર જોરથી કૂદી કૂદીને કીર્તન કરતા.

મહારાજશ્રીને બજારમાં કંઇ વસ્તુ લેવા જવું હોય કે કોઇના ઘેર પધરામણીએ જવુ હોય તો મહારાજશ્રી પૂજાભાઇને બોલાવતા ને તેમને સાથે લઇ જતા. મહારાજશ્રી અમદાવાદ રહેતા એટલે પોતાના વતન બાકરોલમાં મકાન બંધ રહેતું. મહારાજશ્રીએ બાકરોલમાં મકાન ઉકેલી નવું મકાન બાંધવાનો સંકલ્પ કર્યો. એક જ વર્ષમાં ત્રણ માળનું વિશાળ મકાન બાંધી નાખ્યુ. તેમાં દરેક માળ ઉપર સંડાસ બાથરૂમની વ્યવસ્થા કરી હરિભક્તોને રહેવા ઉતારાની સારી સગવડ કરી. અક્ષરભુવન મકાનમાં મહારાજશ્રીએ ત્રણ વર્ષ સમૈયા ભર્યા. પણ મકાન હરિભક્તોની સગવડ અને ઉતારા માટે નાનુ પડવાથી બીજી કોઇ જગ્યા પર નવું મંદિર બનાવીએ તેની મહારાજશ્રી તથા વડીલ હરિભક્તોએ તજવીજ કરી. ગામની ભાગોળે મંદિરની જગા જોઇ તે ત્રણ-ચાર જણની સહિયારી હતી ને તેના પર ઝુપડા, અને ઉકરડા હતા. મહારાજશ્રીએ એમના નિયમ પ્રમાણે વેચાતી જમીન લઇ તેના પર એક સરખુ માટીનું પુરાણ કરીને સંવત ૨૦૨૧, ઈ.સ. ૧૯૬૫માં મંદિર બાંધવાની શરૂઆત કરીને એકજ વર્ષની અંદર આલીશાન શ્રી પુરુષોત્તમ

નિવાસ તૈયાર કરી દીધું. આગળનો ભાગ ઊંચો હોવાથી મહારાજશ્રીએ ટાવર મુક્યું જેથી ગામની શોભામાં સુંદર વધારો થયો.

## ❖ નિઃસ્વાદી વર્તમાન પાળવાની મહારાજશ્રીની આજ્ઞા :

એક વખત અક્ષરભુવનમાં સમૈયો હતો. સમૈયાની રસોઇ છોટાબાપા, રૂદેલવાળા અંબાલાલ કાકા અને મીરોલીના ચિમનભાઇ આ ત્રણેય રસોઇયા મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે રસોઇ કરતા હતા. મહારાજશ્રી દાળ-શાકમાં આંબલી નંખાવતા નહીં. પાકા ટામેટા નંખાવતા હતા. ખાવામાં ખટાશ પકડાય નહિં. એક દિવસ વલ્લવકાકાએ રસોડામાં જઇ ચિમનકાકાને કહ્યું જે, આજે દાળમાં ટામેટા નાખશો નહિં, અમારે ત્યાં મીઠામાં નાખેલા લીંબુ છે તે દાળમાં નાખશો. તે પ્રમાણે પછી તેમણે રસોડામાં લીંબુ મોકલી આપ્યા. તેમણે જરૂર હતી તે પ્રમાણે દાળમાં લીંબુ નાખ્યા પણ જરીક વધારે પડી ગયા. એટલે દાળ સ્વાદમાં સહેજ ખાટી અને કડુચી લાગતી હતી. મહારાજશ્રી જમવા બેઠા. દાળ સહેજ ખાટી, કડુચીને તેમા લીંબુની સુગંધ આવતી હતી. જમી રહ્યા બાદ મહારાજશ્રીએ ત્રણેય રસોઇયાને બોલાવ્યાં ને કહ્યું જે, દાળમાં શું નાખ્યું છે? દાળ સહેજ ખાટી લાગે છે. ત્રણેય હરિભક્તો બોલ્યા જે, મહારાજ વલ્લવકાકાએ દાળમાં લીંબુ નાખવા આપ્યા એટલે દાળ ખાટી થઇ છે. મહારાજશ્રીએ કહ્યું જે, મારી આજ્ઞા ન પાડી. એમ કહી ઉદાસ થઇ ગયા.

એક વખત જસુભાઇ મેટ્રીકની પરીક્ષામાં બે વખત નાપાસ થયેલા એટલે ખૂબ રડતા હતા. છાના રહેતા નહોતા. ઘરના બધા સમજાવે, પુંજાકાકા સમજાવે તો પણ છાના રહેતા નહોતા. ત્યારે મહારાજશ્રીએ પુંજાકાકાને કહ્યું જે, ભણેલો ભુલશેને અભણ કમાશે. શું કરવા પુંજાભાઇ ચિંતા કરો છો. પછી મહારાજશ્રીએ જસુભાઇને કહે જે,

આપણે ફરીથી પરીક્ષા આપવાની. આપણે ક્યાં ભણીને નોકરી કરવી છે? આપણે તો ધંધો કરવો છે. આમ પહેલેથી મહારાજશ્રીએ ધંધાની આગાહી કરી દીધેલી.

બચુકાકાના પિતાશ્રી છોટાબાપા ઇ.સ. ૧૯૬૨માં શાહપુર સ્વાતિ સોસાયટીમાં રહેવા આવ્યા હતા. તેઓ સવારે ૧૦ વાગ્યે મંદિરમાં મહારાજશ્રીના દર્શન કરવા આવે. મહારાજશ્રીને ચારથી પાંચ વાર પગે લાગે. મહારાજશ્રી ખાટલામાં આરામ કરતા હોય ત્યારે છોટાબાપા તેમની સામે ખુરશીમાં બેસીને દર્શનનો લાભ લેતા હતા. મહારાજશ્રીને પંખો નાખતા જાય અને વાતો કરતા જાય. પછી ઘેર જાય ત્યારે ચારવાર પગથિયે પગે લાગે અને પાછા પગે ચાલીને ઘેર જાય. એક વખત મહારાજશ્રી જોઇ ગયા ને કહે જે, સાચવીને જજો ટ્રાફિક બહુજ છે. ત્યારે છોટાબાપા મહારાજને કહે જે, રક્ષા તો તમારે જ કરવાની છે. તેઓ મહારાજશ્રીના ખૂબજ આજ્ઞા પાલક હતા. તેમના ઘેરથી ચંચળબા પણ મહારાજશ્રી પ્રત્યે ખૂબજ ભક્તિભાવવાળા હતા. એક વખત અક્ષરભુવન મંદિરના સમૈયામાં મહારાજશ્રીને ચંચળબાએ સોનાના સાંકળાની બંગડીઓ પપહેરાવી હતી.

## ❖ સમૈયા દરમિયાન પન્નાબેનની વિશેષ સેવા :

એકવાર અક્ષરભુવનમાં સમૈયામાં બધા હરિભક્તો જમવા માટે નીચે બેઠા હતા. મહારાજશ્રીને વિચાર થયો કે, મોટો રંગીન કાપડનો તાકો મળે તો તેના આસનો બનાવીએ. એટલે મહારાજશ્રીએ પૂંજાકાકાને કાપડની તપાસ કરવા કહ્યું. એટલે પુંજાકાકા લીલા રંગનો કાપડનો તાકો ૨૦ મીટર લાવ્યા. પછી દરજીને બોલાવાની વાત કરી ત્યારે રસિલાબેન અને પન્નાબેન મંદિરમાં હાજર હતા. તેમણે કહ્યું જે, દરજીને ના બોલાવશો અમે માપ લઇને લાંબા આસનો કાપીને સંચે સિવી દઇશું. પછી કુંજના બહેનો તથા પન્નાબેન તથા રસિલાબેને વાર તહેવારની

રજાઓમાં લાંબા આસનો તૈયાર કરી દીધા જેથી મહારાજશ્રી ખૂબજ રાજી થયા. જ્યારે સમૈયો આવે ત્યારે પંગતમાં લીલા આસનો ઉપર સંતો હરિભક્તો જમવા બેસતા. મહારાજશ્રી પંગતમાં ફરતા અને સર્વે સંતોને આગ્રહ કરીને જમાડતા. હરિભક્તો માટે ચ્હા-નાસ્તો પણ પાછળના રસોડા વિભાગમાં થતો હતો. પંગતમાં મહારાજશ્રી થોડીવાર સુધી ખુરશીમાં બેસતા ત્યાર બાદ અક્ષરભુવનમાં ખુરશી ટેબલ ઉપર બેસીને જમતા. કોઇકવાર પંગતમાં પણ જમવા બેસતા. ભજનની રમઝટ ચાલતી હોય ત્યારે મહારાજશ્રી ઈશારો કરીને પન્નાબેનને કહે, કબાટમાંથી દાગીનાનો ડબ્બો કાઢો. પછી બધા મહારાજશ્રીને કબાટમાંથી દાગીના કાઢીને પહેરાવતા. મહારાજશ્રી દાગીના પહેરવાના શોખિન હતા. મહારાજશ્રી પોશાકમાં તોરાવાળી ટોપી, પાયજામો બુટ્ટાવાળો જામો પહેરીને પાટ પર બેસતાં. ભજનો જોર જોરથી થતા. મહારાજશ્રી હાથના લટકાથી ભજનો બોલતાને તાળી પાડતાં. ઘણા બધા ભક્તો ઉભા થઈને ભજન કરતા હતા. ભજનની તો ઝડીયો પડતી. પછી રાત્રે ૧-૦૦ વાગ્યે આરતી-પ્રસાદ થાય. કોઇકવાર મંદિરમાં મહારાજશ્રી મઠીયાનો પ્રસાદ કરાવતા. દરેક હરિભક્તોને મઠીયા આપતા. તો કોઇકવાર ખમણ, ભજીયા, પૌંઆ, ઢોકળાં, ચવાણું ઈત્યાદિક વસ્તુઓનો પ્રસાદ થતો. ભક્તો રાત્રે પ્રેમથી પ્રસાદ આરોગતા. પછી થોડુ ઘણુ ભજન અને રાત્રિના ૩-૦૦ વાગ્યેથી રાસ ચાલુ થાય. મહારાજશ્રી જોડીનો રાસ રમાડતા. જ્યારે જોડી બદલવી હોય તો કોઇક હરિભક્તના કાનમાં કહેતા. જેથી જોડી રમનાર દરેકાદરેકના સન્મુખ મહારાજશ્રી આવે અને બધાને મહારાજશ્રીના સાથે રાસ-જોડી રમવાનો લાભ મળે. આમ પાંચ વાગ્યા સુધી રાસની રમઝટ જામે બધા બેસી જતા પણ મહારાજશ્રી થાકતા નહોતા. તેઓ છેલ્લે સુધી રાસમાં રમતા. સવારે પણ મહારાજશ્રી બધાને ચ્હા સાથે નાસ્તો આપતા હતા.

પન્નાબેને સીવણની બે પરીક્ષા આપેલી હતી. એટલે એમણે મહારાજશ્રી માટે બે પાતળા બોનના સફેદ સદરા શીવ્યા હતા. અને મહારાજશ્રીને પહેરાવી રાજીપો મેળવ્યો.

## ❖ મહારાજશ્રીના દર્શને આવતા વિવિધ સંતો :

નાના ખોડાભાઇ ઉનાવા ગામના હતા. તેઓ અમદાવાદ સારંગપુરના ભોઇવાડાની પોળે રહેતા હતા. તેઓ તથા તેમનો પરિવાર મહારાજશ્રી ગાદીએ બેઠા ત્યારથી અક્ષરભુવન આવતા હતા. તેઓ શૂરવીરની ભક્તિવાળા હતા. કરારીના નટવરભાઇ તથા તેમનું કુટુંબ મહારાજશ્રી ગાદીએ બેઠા ત્યારથી દર્શને આવતા હતા. તેઓ શાહપુર દરવાજાના ખાંચામાં રહેતા.

પુનાના વિજયભાઇ તથા તેમનો પરિવાર મોહનલાલ મુગુટવાળાએ તેમને મહારાજશ્રીની ઓળખાણ કરાવી હતી તેથી તેઓ સમૈયે આવતા હતા. વલાસણના બહેચરભાઇ કવિ તથા નડિયાદના નરસિંહભાઇ (કવિ) પણ મહારાજ વખતે સમૈયામાં આવેલા છે. નારાયણકુંજમાં રહેતા સુરેશભાઇ તથા ઝીણાભાઇના પુત્ર બળવંતભાઇ બંને સાથે નોકરી કરતા મિત્રો હતા. બળવંતભાઇને વાજાંપેટી વગાડતા આવડતું એટલે મહારાજશ્રી સુરેશભાઇ તથા બળવંતભાઇને વાજાંપેટી વગાડી કીર્તનો ગાવાનું કહેતા. તેઓ એ રીતે કહ્યુ વચન માનીને મહારાજશ્રીને રાજી કરતા. વળી અમદાવાદમાં રહેતા બાબુલાલ તેમના ધર્મપત્ની અતિલક્ષ્મી (માસીબા) મહારાજ ગાદીએ બેઠા ત્યારથી આવતા તેમની બે દિકરીઓ રાગીનીબેન તથા પિનાબેન પણ મહારાજશ્રીના દર્શને આવતા. મહારાજશ્રી પિનાબેન પાસે શમણાંની વાટે મેંતો જોયો ગીરધારી એ ભજન જ્યારે દર્શને આવે ત્યારે ગવડાવતા. માસી પણ ઘણા બધા ભજનો ગાતા હતા. માસી સતત ભગવાનના નામનું જ ચિંતન જાપ કરતા. તેમની આખો દિવસ હાથના વેઢાની માળા

ચાલુ જ હોય. બારેજાના મણીકાકા તેમના ઘેરથી સુરજબા તેમને એક દિકરો વિઠ્ઠલભાઇ અને એક દિકરી કમળાબેન હતા. તેઓ બધા ખૂબ ભક્તિભાવવાળા હતા. જ્યારે તેઓ અમદાવાદ રહેતા ત્યારે બપોરના દર્શન કરવા આવી જતા. કમળાબેનને દહેગામ પરણાવ્યા હતા. તેમના ઘરવાળા માતાને માનતા હતા. કમળાબેનને ભગવાનમાં દૃઢ વિશ્વાસ હતો. તેમના ઘરવાળાને બબ્બે વરસે બદલીઓ થાય તેમને મહારાજશ્રીના દર્શને આવવું હોય તેમ છતા આવી શકાય નહિ. મહારાજશ્રી સમૈયાનો કાગળ હરિબેન મારફત લખાવતા. ને કમળાબેન જોગ કરીને બહાનું બતાવીને મહારાજશ્રીના દર્શન કરવા આવી જતા.

## ❖ મહારાજશ્રીએ કરેલી કમુબેનની રક્ષા તથા ગામડીના ઝીણાભાઈ પંચાલની સમૈયામાં સેવા :

એક વખત કમુબેન બાથરૂમમાં નાહવા ગયા. ભીના હાથને લીધે ગીઝરની સ્વીચ ચાલુ કરતાંની સાથે જ એમને જોરથી ઇલેક્ટ્રીક શોર્ટ લાગ્યો. તેમણે મહારાજશ્રીને યાદ કર્યા તો તેમના હાથની જગ્યાએ વેઢ-વીંટી-પહોંચીઓવાળો શ્રી ડાહ્યાભાઇ મહારાજનો હાથ જોયો. તેમનો હાથ છુટી ગયો. એવા ભગવાનના દર્શન થયા. ખરેખર, કોઇપણ પરિસ્થિતીમાં ભગવાનને સંભારો તો ભગવાન અવશ્ય તમારી વહારે આવે છે. ભગવાન આપણાથી જરીયે છેટા નથી. ભગવાન પોતાના ભક્તોની પળે પળે રક્ષા કરે છે.

ઝીણાભાઇ પંચાલ ગામડીના હતા તેઓ સમૈયો હોય તેટલા દિવસ મહારાજશ્રી સાથે અક્ષરભુવનમાં રહેતા હતા. મહારાજશ્રીએ ઝીણાભાઇને કહ્યું જે, તમારે ઝાંપા પાસે બેસવાનું. અજાણ્યો કોઇ માણસ હોય તે ચંપલ લઇ ના જાય તેની સાચવણી રાખવી. મહારાજશ્રી પાછળ જાય ત્યારે પાટ સાચવવાની. દરેક કામ તેઓ ખંતથી કરતા હતા.

## ❖ મહારાજશ્રીની સેવામાં શ્રી પુંજાકાકા તથા

## લીલાબેનને આપેલા આશીર્વાદ :

નારાયણકુંજના પુંજાકાકાએ નોકરીમાંથી રાજીનામું આપી દીધુ હતું. એટલે મંદિરમાં સમય વધારે આપતા હતા. દિવસમાં ચાર વાર મંદિરમાં મહારાજશ્રીના દર્શને જતા હતા. મંદિરમાં કંઇ લાવવાનું હોય ત્યારે પુંજાકાકા તેને મહારાજશ્રીની આજ્ઞા લઇ લાવવાની તજવીજ કરતા હતા. પુંજાકાકા મહારાજશ્રી સાથે અમદાવાદમાં શુક્રવારી ભરાય ત્યાં કામની વસ્તુઓ લેવા માટે જતા હતા. જસુભાઇની બેબી હિના તથા રમેશભાઇની બેબી રૂપલને લઇ પુંજાકાકા મંદિરમાં મહારાજશ્રીના દર્શને સવારના ૧૦ વાગ્યે આવતા. ત્યારબાદ બંને પ્રપૌત્રીઓને પગે લગાડે. મહારાજશ્રી જે કોઇ નાના હરિભક્તોના બાળકો મંદિરમાં દર્શનાર્થે આવે તેને પાટ પર રાખેલી તળેલી દાળ, તળેલા કાજુની બરણીમાંથી જે તે વસ્તુઓ બાળકોને આપતા. બાળકો એ બહાને તેમના વડીલોને રોજ આગ્રહ કરી મંદિરમાં લાવતા. દરરોજ નવ વાગ્યે વલ્લભકાકા મંદિરમાં મહારાજશ્રીના દર્શને આવે મહારાજશ્રીને પગે લાગે પછી મહારાજશ્રીના હાથ પકડીને ખૂબ હલાવે. મહારાજશ્રી કહે, સરદાર વલ્લભભાઇ પટેલ આવ્યા. એટલે બધા ખૂબ હસતા. પછી થોડીવાર રાજકારણની વાતો ચાલે અને પછી ભગવાનની વાતો થાય. એક વખત છોટાઉદેપુર જવાની ચર્ચા ચાલતી હતી. એટલામાં દહેગામના મંગળભાઇના દિકરા વિઠ્ઠલભાઇ દર્શન કરવા મંદિરમાં આવ્યા, ત્યારે મહારાજશ્રી કહે, તમારે છોટાઉદેપુર ભજનમાં આવવું છે? ત્યારે વિઠ્ઠલભાઇએ કહ્યું જે, મહારાજ આવવું તો છે પણ મારી પાસે પૈસા નથી. ત્યારે મહારાજશ્રી બોલ્યા પૈસાની ચિંતા ના કરશો આ દિવસે સવારે આટલા વાગ્યે આવી જશો. જે સાંભળીને વિઠ્ઠલભાઇને અત્યંત આનંદ થઇ ગયો.

એક વખત પુંજાકાકાની દિકરી લીલાબેન મહારાજશ્રીના દર્શને

મંદિરમાં ગયા. ત્યારે મહારાજશ્રી હિંચકે બેઠા હતા. પછી મહારાજશ્રીએ લીલાબેનને પૂછ્યું જે, કેટલો પગાર મળે છે? ત્યારે તેમણે કહ્યું કે, ૧૨૦૦ રૂા. મળે છે. ત્યારે મહારાજશ્રી કહે કે, બીજા બધાને તો વધારે મળે છે અને તમને કેમ આટલો ઓછો પગાર મળે છે. ત્યારે લીલાબેને કહ્યુ જે, તેને માટે દર વર્ષે ટ્રેનીંગ લેવી પડે અને બહારગામ ગમે ત્યાં જવું પડે ને તેને માટે મારા બાપુજી ના પાડે છે. એટલે મહારાજશ્રીએ કહ્યું જે, હું તમારા બાપુજીને કહીશ કે તમને જવા દેશે ને જે ત્યાં જવાનો વધારે ખર્ચ ૪૦ રૂા. થાય છે તે દર મહિને તમારે મારી પાસેથી માંગીને લઇ જવા. ત્યારે લીલાબેન કહે જે, અમારી ઓફિસમાંથી સ્ટાઇપેન્ડ આપે છે ને છેલ્લે કાપી લે છે.આમ, મહારાજશ્રી હરિભક્તો કેમ કરીને વધારે નોકરી, ધંધાવાળા બને સારા પગારદાર બને તેવી તજવીજ હાથ ધરતા. કેટલાક, ઘરે બેસી રહેતા જુવાન છોકરા-છોકરીઓને મહારાજશ્રી મોટા વડીલ સંતોને કહીને ગમે તે જગ્યાએ સરકારી નોકરીમાં ગોઠવી દેતા. આથી બધા ભક્તો નોકરી-ધંધાવાળા બની ખૂબ સુખિયા થઇ ગયા.

વળી સમૈયા ઉત્સવોમાં ડભાણના નારાયણભાઇ તથા તેમના પત્ની બંને તેમની સાત દિકરીઓ અને એક દિકરા સાથે મહારાજશ્રીના દર્શને આવતા. તેઓ જ્યારે આવે ત્યારે થેલી ભરીને લીંબુ, અન્ય શાકભાજી મહારાજશ્રી તથા સંતો માટે લાવતા. તેઓનું આખુ કુટુંબ બહુજ ભકિતભાવવાળુ હતુ.

## ❖ મહારાજશ્રીની વિશેષ પ્રકારે સેવા કરતાં પુંજાકાકા તથા મધુબેન :

શિયાળામાં મહારાજશ્રી સવારમાં ૬-૩૦ વાગ્યે ઉઠી જતા હતા. પછી વોશબેશિન પાસે જઇને કોગળા કરતા અને આંખોમાં પાણી છાંટતા. ઘણીવાર પાણીથી આંખો પર પાણી છાંટતા હતા. પછી

નેપકીનથી મુખાર્વિંદ  લુછી નાખતા. પછી બ્રશ પર ફોરેન્સ લગાડી બરાબર દાંત બ્રશથી સાફ કરતા. ઉલ ઉતારતા હતા. પાણી છેક ગળા સુધી જવા દેતા ને ગળું ખોંખારીને સાફ કરતા. પછી મોં ધોઇને મહારાજશ્રી ખાટલા પર બેસતા. એટલામાં તો પુંજાકાકા આવે, દાઢીનો સામાન કાઢે, પ્રભુજી પાટ પાસે જવા-આવવાનું જે બારણું છે ત્યાંજ દાઢી કરતા. પુંજાકાકા મહારાજશ્રી પાસે બધો સામાન મૂકે. ડબ્બામાંનો સાબુ પલાળે, બ્રશ પર સાબુ લગાડી એમની જાતે જ સાબુ દાઢીએ લગાડે. સામે દર્પણ મુકેલું હોય તેમાં જોઇ મહારાજશ્રી લેઝરથી દાઢી કરતા. વોશ-બેશિનમાં મોં સાફ કરી આવે, પુંજાકાકા પાસે ઉભા હોય તેઓ મહારાજશ્રીનું મોં નેપકીનથી સાફ કરી આપે. પછી પ્રભુજી રસોડામાં ચ્હા-નાસ્તો કરવા બેસે. સાથે ભિખાકાકા, મધુબેન બેસે, મણિબા બધાને ચ્હા આપે. મહારાજશ્રી રસોડામાં ચ્હા પીવા જાય ત્યાં સુધીમાં તો પુંજાકાકા પીંછી લઇને આખા અક્ષરભુવનના બારી-બારણા ઝાપટીને સાફ કરી નાખે. મહારાજશ્રીના પાટની ચાદર ઝાપટીને વ્યવસ્થિત પાથરે, ખાટલાની ચાદર ઝાપટીને વ્યવસ્થિત ગોઠવે. ઓસિકાને સારી રીતે મુકે. ન્હાવા માટેનું પાણી ગરમ થયુ હોય તો પુંજાકાકા તે લાવીને બાથરૂમમાં મુકતા. સાથે એક ઠંડાપાણીની ડોલ મુકતા. મહારાજશ્રીને જેવું જોઇએ તેવું પાણી મિક્ષ કરીને પછી પુંજાકાકા, મણિબા ઇત્યાદિ જે હરિભક્તો અક્ષરભુવનમાં હાજર હોય તેઓ મહારાજશ્રીને લક્સ, મોતી કે હમામ સાબુ આખા શરીરે, માથે લગાડીને પછી નવડાવતા હતા. શિયાળામાં મહારાજશ્રીને વિશેષ ગરમ પાણી જોઇએ તે પ્રમાણે હરિભક્તો મહારાજશ્રીને નવડાવતા. જ્યારે હરિભક્તો મહારાજશ્રીના માથા પર પાણી રેડે ત્યારે મહારાજશ્રી કાનમાં પાણી ઘુસી ના જાય તે હેતુથી બે આંગળી કાનમાં દબાવી રાખતા. સ્નાનવિધિથી પરવાર્યા બાદ, રૂછાવાળા રૂમાલથી પુજાકાકા આખુ શરીર લુછી આપતા, માથાના વાળ કોરા કરી આપતા. પછી

મહારાજશ્રી ટુવાલ વીંટી પગલુછણીયા પર પગ કોરા કરી આપતા. માથામાં લોમા તેલ નાખી વાળ ઓળાવતા. મણિબા મહારાજશ્રીના કપાળે પાણી લગાડીને ચાંલ્લો કરતાં. બાકી જે હરિભક્તો મંદિરમાં હોય તે મહારાજશ્રીને ચાંલ્લો કરતા. પછી મહારાજશ્રી ગરમ ઝભ્ભો પહેરે. પાટલીવાળી ધોતી પહેરે. ઠંડી બહુ હોય ત્યારે ઝભ્ભા ઉપર સ્વેટર પણ પહેરતા. પછી પ્રભુજી પાટ પર બેસતા. ત્યારબાદ સાડા આઠ વાગ્યાથી મંદિરમાં હરિભક્તોની દર્શન માટે આવન-જાવન થતી. સર્વે હરિભક્તો મહારાજશ્રીના સત્સંગથી ભગવાનની વાતોનો આનંદ લેતા, કંઇ વાતો ના નીકળે તો સર્વે હરિભક્તો મહારાજશ્રીની મૂર્તિ ધારતા. જેને નોકરી ધંધે જવાનો સમય થાય તેઓ મહારાજશ્રીને પગે લાગીને ઉઠે. મહારાજશ્રી તથા ભીખાકાકા અક્ષરભુવનના ઝાંપે સામો તડકો આવે તેમ બેસતા. શરીર તપી રહે એટલે મહારાજશ્રી હિંચકા ઉપર બેસતા. સવારના અગિયાર વાગે એટલે મહારાજશ્રી તેમની બાજુમાં ભીખાકાકા, જેકાભગત બેસતા. મણિબા આગ્રહ કરતા ને મધુબેન બધાને પીરસતા. શિયાળામાં દાણાદાર શાક, રોટલી, દાળ, ભાત, પાપડ વગેરે મહારાજશ્રી સંતો સાથે જમતા. મહારાજશ્રીની થાળીમાં શાક વધારે હોય તો મહારાજશ્રી ભીખાકાકાની થાળીમાં મૂકતા. મધુબેન વધારે પીરસે ત્યારે ભીખાકાકા હાના હાના કરે પણ પછી મહારાજશ્રીના કહેવાથી ભાણામાં વધુ પીરસી દેતા. રસોઇ મધુબેન બનાવતા અને મણિબા તેમને રસોઇમાં મદદ કરતા. જમીને પ્રભુશ્રી થોડા આંટા મારીને પછી સૂઇ જતા ઠંડી લાગે એટલે રજાઇ ઓઢતા. કોઇ હરિભક્ત બપોરે આવે તો મહારાજશ્રીના પાટે પગે લાગીને બેસતા. મહારાજશ્રી બપોરે ત્રણ વાગે જાગીને કોગળા કરે, આંખો ધુવે પછી ચ્હા-પાણી કરતા. ટપાલ આવી હોય તો વાંચે કોઇનો સુખ દુ:ખનો કાગળ આવ્યો હોય તો મહારાજશ્રી સર્વને સુખ થાય તેવો ઉત્તર આપતા. સાજે શહેરના બહેનો દર્શન કરવા આવતા, કોઇકવાર બહારગામના હરિભક્તો આવ્યા હોય

ત્યારે મહારાજશ્રી સામે શેતરંજી પાથરીને બેસતા ને ભજનો બોલતા. રસોડામાં મધુબેનને મદદ કરવા પણ જતા. સાંજની રસોઇમાં મધુબેન શેકેલી ભાખરી, ખીચડી, શાક, દુધ બનાવતા. સાજે આઠ વાગ્યે મંદિરના તથા બહારગામથી આવેલા હરિભકતો મહારાજશ્રી સાથે બેસી જમતા. મહારાજશ્રી જમીને હાથ ધોઇને પાણી પી જતા. મધુબેન કહે જે, આવુ થાળી ધોયેલું પાણી પીવાતું હશે. ત્યારે મહારાજશ્રી કહે, મધુ તું એવું કર. ત્યારે મધુબેન કહે, તમે તો ભગવાન છો એટલે કરો મારાથી એવું પાણી ના પીવાય. મહારાજશ્રી જમીને મંદિરમાં આંટા મારે પછી પાટ પર બેસે. નારાયણકુંજના હરિભક્તો સાંજે પરવારીને ૯-૩૦ વાગ્યા સુધીમાં અક્ષરભુવનમાં આવે, બેસે ને સત્સંગ કરે. કોઇ ભગતોની વાતો થાય. ૧૦-૩૦ વાગ્યે બધા હરિભક્તો ઘેર જતા રહેતા. પછી મહારાજશ્રી સગડી ચેતાવીને તાપતા જે હરિભક્તો મોડે સુધી રોકાતા તેઓ મહારાજશ્રીની સાથે ૧૧-૩૦ વાગ્યા સુધી બેસતા. પછી પ્રગટ પ્રભુશ્રી રજાઇ ઓઢીને સુઇ જતા. કુંજના બાકી રહેલા હરિભક્તો રાત્રે ૧૨-૦૦ વાગ્યે અક્ષરભુવનમાંથી છુટા પડતા.

## ❖ શિયાળાના સમૈયાની મહારાજશ્રીની તૈયારીઓ :

શિયાળામાં પોષ વદ છઠ્ઠનો સમૈયો આવે ત્યારે મહારાજશ્રી અક્ષરભુવનમાં બજારમાંથી સીધુ સામાન, લાકડા, કોલસા ઇત્યાદિક વસ્તુઓ મંગાવી રાખે. જ્યારે રજાના દિવસો હોય ત્યારે બધા બહેનો આવી ઘઉં, ચોખા કોઇ ચાળે તો કોઇ ઝાંટકે, વીણે સાફ કરીને પીપડામાં ભરે. પાછળ ગેરેજમાં બે-ત્રણ ચૂલા હતા તે છાંદી-લીપીને તૈયાર કરે. પાછળના ભાગમાં લીંબુ, લીમડીના ક્યારા સાફ કરે. પાણીનું મોટું ટાંકુ મહારાજશ્રી હરિભક્તોના હાથે અંદર ઉતરીને સાફ કરાવે. પછી ટાંકામા ચકલીઓ ખોલી નાખેને ટાંકામાં પાણી છલોછલ ભરાવી રાખે. મોટી ચોકડી પાછળના ભાગે ત્યાં પણ ચાર ચકલીઓ મુકેલી કોઇને નાહવું,

ધોવું હોય કે કપડા ધોવા હોય તો મહારાજશ્રીએ બધી વ્યવસ્થા કરાવી રાખેલી. અક્ષરભુવન, તથા મુનિ મહારાજના નિવાસ સ્થાનમાં દરેક જગ્યા મહારાજશ્રી ઉપર-નીચે વાળીને સાફ સૂફ કરાવતા. લાઇટો-ગોળા ઉડી ગયા હોય તો નવા મંગાવીને નંખાવતા. કહેતાં, સમૈયાની તૈયારીમાં કોઇ કસર રહેવા દેતા નહોતા. સમૈયામાં મહારાજશ્રી પાટ ઉપર શણગાર ધરીને બેસતા. હરિભક્તો થેલીઓ લઇને આવતા મહારાજશ્રીની સામે બેસતાને ભજનો બોલતા મહારાજશ્રી તેઓને શાંત કરી કહેતા, ઉઠો હાથ-પગ ધોઇને ચ્હા-નાસ્તો કરો. ચ્હા-નાસ્તો કરી બધા મહારાજશ્રીની સન્મુખ બેસીને કીર્તનો બોલતા. સમૈયામાં તો ભજનોની ઝડીઓ પડે. કેટલાયને સમાધીઓ થતી. સમાધીવાળા હરિભક્તો મહારાજશ્રીની પાટ પાસે જઇને તેમને આખા વીજોળી નાખે અને મહારાજશ્રીને ઉભા કરી દે. પછી બધા પાછળના ભાગમાં જમવા માટે જાય. જમવા માટેની પંગતો પડતી. બધા બેસવાના આથર ઉપર લાઇનસર બેસીને શાંતિથી જમતા. પીરસનારા તૈયાર હોય તેઓ લાઇનસર પીરસતા. મહારાજશ્રી પંગતમાં આંટો મારવા આવતા. ઘણીવાર ખુરશીમાં પણ બેસતા. કેટલીકવાર મહારાજશ્રી સંતોને પીરસતા. પછી જમતા. જમીને બધા પાછા સભા મંડપમાં ભજન માટે આવી જાય. આમ ત્રણ દિવસ સુધી ખૂબ ભજન થાય. ત્રીજે દિવસે મહારાજશ્રી ઢેબરાં કરાવે દરેક હરિભક્તને સાત-સાત ઢેબરા આપતા. હરિભકતો સમૈયામાંથી વિદાય લે ત્યારે મહારાજશ્રી ઝાંપે ઉભા રહીને ભગતોને દર્શન આપતા.

## ❖ ઉનાળામાં મહારાજશ્રીનું ચરિત્ર :

ઉનાળામાં મહારાજશ્રી હિંચકાને બારણા પાસે ખાટલા પથરાવતા. જેથી ઝાંપેથી ઠંડો પવન આવે. ઉપર પંખો ફરતો હોય મહારાજશ્રી પાતળો મખમલનો સદરો પહેરીને સૂઇ જતા. બાજુમાં

ભીખાકાકા નીચે પથારી કરીને સૂઇ જતા. પ્રભુશ્રી સવારમાં ઉઠીને ઘડિયાળમાં જુએ છ વાગ્યા હોય એટલે મહારાજશ્રી ઉઠીને મોં ધુએ. અને બધી દૈહિક ક્રિયા પતાવે. ઉનાળામાં મહારાજશ્રી ઠંડા પાણીએ જ સ્નાન કરતા. ઠંડા પાણીની ડોલો ભરાવી રાખે. ઉપસ્થિત થયેલ હરિભક્તો મહારાજ ઉપર પાણીના ડબલા ભરીને રેડે. પછી મહારાજશ્રી કોરા થઇ આંટીવાળી ધોતી પહેરી લેતા. સફેદ સદરો સુંવાળો મખમલનો પહેરે. પછી મહારાજશ્રી પાટે બિરાજમાન થતા. મોટી પોળવાળા દિવાળી બા આવે તે ઉનાળામાં ચંદન ઘસીને તેની અર્ચા મહારાજશ્રીને કરતા. બપોરે જમી પરવાર્યા બાદ મહારાજશ્રીનો ખાટલો વચોવચ પાથરી દીધો હોય અને દરેક બારણે ખસની ટટ્ટીઓ બાંધી હોય તેની ઉપર સંતો વારેવારે પાણી છાંટતા એટલે અક્ષરભુવનમાં ઠંડક સારી જામતી. પછી સાંજે ૬-૦૦ વાગ્યાની આજુ-બાજુ મહારાજશ્રી ગાંધી પુલ ઉપર આંટો મારવા જાય તેમની સાથે પુંજાકાકા પણ આંટો મારવા જતા. ફરીને પાછા આવીને મહારાજશ્રી હિંચકા પર બેસતા. મધુબેન જમવા બોલાવે એટલે મહારાજશ્રી જમી લેતા. ત્યાં સુધીમાં તો રાત્રિના ૯-૦૦ વાગે, હરિભક્તો અક્ષરભુવનમાં ધીરે-ધીરે આવતા. મહારાજશ્રી તેઓને સત્સંગ કરતા. ત્યારબાદ મોડી રાત સુધી બધા બેસીને પોતપોતને ઘેર જતા. નીચે અક્ષરભુવનમાં બહુ ગરમી લાગે તેથી મહારાજશ્રી ધાબા ઉપર ખાટલો નંખાવીને સુતા. રાત્રે પણ ત્રણ-ચાર નારાયણકુંજના હરિભક્તો મહારાજશ્રી સામે બેસતા. મહારાજશ્રી ખાટલામાં સુતા સુતા ભગવાનની વાતો કરતા.

ઉનાળામાં વૈશાખ સુદ આઠમનો સમૈયો હોય ત્યારે બધી બહેનો આવીને નાની-મોટી સેવાઓ કરતા. પુરી વણવા માટે બધી બહેનો પાછળ રસોડામાં જતી. શાક, કોથમીર વગેરે સમારીને તૈયાર રાખતા. જેથી રસોઇયાને તકલીફ ના પડે. ઉનાળામાં બહુધા શીખંડ, પૂરીને ફરસાણ, રસ, પુરી, રોટલીના જમણ થતા. મહારાજશ્રી અને

હરિભક્તો એક-બીજાને પ્રેમથી જમાડતા. બે દિવસ આખો દિવસ, રાત ભજનની ઝડીઓ પડતી. રાત્રે બે વાગ્યે ચ્હા નાસ્તો ને ચાર વાગ્યાથી રાસ થતો.

## ❖ ચોમાસામાં મહારાજશ્રીનું ચરિત્ર તથા શ્રાવણ કથા અને જન્માષ્ટમી ઉત્સવ :

શ્રાવણ માસમાં મહારાજશ્રી ત્રણ વખત કથા-વાર્તા કરાવતા ને શ્રાવણ માસ ચાલુ થાય તે પહેલા ડબ્બામાં ચોખા-મગ ભેગા કરીને રખાવતા. એટલે રસોઇ કરતા બહુ સમય ના બગડે. શ્રાવણ માસમાં સવાર-સાંજે ખીચડીને છાસનું જમણ કરાવતા. અને હરિભક્તોને ઉપદેશ આપતા કે, જીવનમાં સાદાઇ અને આસક્તિએ રહિત રહેવું, સાંખ્ય વિચાર કરતા શીખવું, એકાંતિક ધર્મ પાળવો, પંચ વર્તમાન પાળવા આ બધુ કરીને સંકલ્પે રહિત થઇ હું આત્મા છું, હું અક્ષર છુ અને મારે વિશે આ પ્રત્યક્ષ પ્રમાણ પુરુષોત્તમ ભગવાન બિરાજમાન છે એવો બ્રહ્મનો મનન દ્વારા સંગ કરવો. સગા-સબંધી પ્રત્યે હેત ન રાખવું ને હરિભક્તોએ અંદરોઅંદર પૈસાનો વ્યવહાર ના કરવો અને કરો તો ગયા ખાતે કરવો. જેથી સત્સંગમાં સુમેળ રહે. કોઇ હરિભક્તનો અવગુણ લેવો નહિં. સદા ગુણ જ જોયા કરવા. આ પ્રગટ ભગવાનની પતિવ્રતાના ભાવે ભક્તિ કરવી. હરિભક્તોને ઉપાસના શુદ્ધિ અને નિયમ પાળવાના એ બે ઉપર મહારાજશ્રી હરિભક્તોને વારંવાર ટોકતા હતા.

શ્રાવણ માસમાં જન્માષ્ટમીના દિવસે અગાઉ કહ્યું તે મુજબ, આખુ અક્ષરભુવન ફુલોના હારથી શણગારાતું. રાત્રે તડામાર ભજનની હેલીઓ થતી, રાતે બાર વાગ્યે લક્ષ્મીસ્વરૂપ શ્રી મણિબા સાથે મહારાજશ્રી પાટ ઉપર બેસતા. બધા હરિભક્તો મહારાજશ્રીની આરતી ઉતારતા. સર્વત્ર આનંદ-આનંદ પથરાતો. પંચાજીરીને અન્યનો પ્રસાદ થતો. બીજે દિવસે પારણા થતા, બધાને માટે દુધ-પાક, પુરી ને પાત્રાનું

જમણ થતું. ભાગ્યશાળી હરિભક્તો આ સમગ્ર પ્રસંગનો લાભ લઈને પોતાને ધન્ય માનતા.

વરસાદ જો સહેજ ખેંચાયો હોય તો હરિભક્તો દુર દુરથી મહારાજશ્રી સમક્ષ વરસાદની માંગણી કરવા આવતા. મહારાજશ્રી તેમને વર્ષા થશે તેવું આશ્વાસન આપતા. હરિભક્તો વિદાય લઈ ઘેર જતા એટલે તરત જ વરસાદનું આગમન થતુ. વર્ષાઋતુમાં મહારાજશ્રી બહાર નીકળતા તો પોતાની સાથે છત્રી રાખતા. ક્યારેક શ્રીહરિ પલળી જાય તો જેવા મંદિરમાં આવે એટલે તરત જ હાજર રહેલા હરિભક્તો પ્રગટ પ્રભુને વસ્ત્રો બદલવામાં મદદ કરતા.

ચોમાસામાં અક્ષરભુવનમાં શ્રી પુરુષોત્તમ મહારાજના દેહ છોડ્યા નિમિત્તે સમૈયો શ્રી ડાહ્યાભાઈ મહારાજ રાખતા. સમૈયા અગાઉથી જ મહારાજશ્રી તેની તૈયારીઓ કરાવતા. સમૈયામાં મહારાજશ્રી દરેક ગામોના હરિભક્તોને કંકોત્રી છપાવી, મોકલીને આમંત્રણ આપી તેડાવતા. ઘણીવાર સમૈયામાં વરસતે વરસાદે છોટાઉદેપુરના હરિભક્તો આવતા ને મહારાજને પાયે લાગતાં ત્યારે મહારાજશ્રી કહે, પહેલા વસ્ત્રો બદલી દો અને પછી ગરમાગરમ ચ્હા પીવો. મહારાજશ્રી હરિભક્તોની નાની જરૂરિયાતોનું ધ્યાન રાખતા ને તેને માટે અગાઉથી જ ગોઠવણ કરાવી દેતા. સમૈયા દરમિયાન ઉત્તમ પકવાન જમાડી હરિભક્તોને તૃપ્ત કરતા. ભજન-સત્સંગથી હરિભક્તોનો જન્મોજનમનો થાક દૂર કરી દેતા.

ભાદરવા મહિનાના શ્રાદ્ધના દિવસો દરમિયાન અમદાવાદના હરિભક્તો મહારાજશ્રી તથા અક્ષરભુવનમાં જે કોઈ હરિભક્તો રહ્યા હોય તેમને થાળ આપતા. મોટે ભાગે આ પંદર દિવસોમાં બહારથીજ થાળ આવતો. અને ત્યાર બાદ નવરાત્રિના દિવસો આવતા. નવરાત્રિના નવલા દિને દરરોજ અક્ષરભુવનમાં રાસ-ગરબા થતા. મોડી રાત્રે મહારાજશ્રી જોડીનો રાસ રમતા. રાસમાં રમતા મહારાજશ્રી સોળે

શણગાર ધારણ કરતા, માથે તોરાવાળી ટોપી, પીળુ પીતાંબર, લાલ ઝભ્ભો, પગમાં ઝાંઝર ઇત્યાદિક પહેરતા. જેથી રાસ રમતા સર્વે હરિભક્તોના હૃદયમાં મહારાજશ્રીની મૂર્તિ ઇદંગ થઇ જતી. આવી રાસ-ગરબાની રમઝટ શરદપૂર્ણિમાના દિવસ સુધી થતી. શરદપૂર્ણિમાના દિવસે દૂધ-પૌંવાની જ્યાફત અને કોઇકવાર ગરમાગરમ ગોટાની લિજ્જત થતી.

## ❖ દિવાળીના દિવસે મહારાજશ્રીના અલૌકિક દર્શન તથા બેસતા વર્ષે સંતોને આશીર્વાદ આપતા મહારાજશ્રી :

દિવાળીના દિવસોમાં અક્ષરભુવનમાં પાંચ દિવસો દરમિયાન રોજે રોજ વધતોને વધતો આનંદ ઉભરાતો. દિવાળીના દિવસે મહારાજશ્રી હરિભક્તોએ ભેટ ધરેલા મિષ્ટાન્ન પકવાન આરોગતા. ધંધાદારી હરિભક્તો મહારાજશ્રી પાસે પોતાના વાર્ષિક હિસાબોના ચોપડામાં મુર્હૂત કરાવતાને લાભ શુભ લખાવતા. દિવાળીના દિવસે મહારાજશ્રી સોળે શણગાર પહેરીને લક્ષ્મીજી સાથે પાટ ઉપર બીરાજતા. અને કીર્તનની રમઝટ બોલાતી. આ દિવસે હરિભકતો વહેલા સૂઇ જતા.

બીજે દિવસે બેસતા વર્ષે સવારમાં અક્ષરભુવન આખું જાણે વહેલું ઉઠી જતું. સવારમાં પહેલેથીજ હરિભક્તો મહારાજશ્રીના આશિર્વાદ લેવા માટે પહોંચી જતા. ગોવિંદભાઇ બેસતા વર્ષે મહારાજશ્રી, લક્ષ્મીજી તથા મધુબેન માટે નવા કપડાની જોડ ભેટમાં આપતા. મહારાજશ્રી નવા વસ્ત્રો ને સોળે શણગાર ધરીને પાટ ઉપર લક્ષ્મીજી તથા મધુબેન સાથે બિરાજીત થતા. પછી મોટેરા હરિભક્તો મહારાજશ્રીની વારાફરતી આરતી ઉતારતા. ત્યારબાદ પ્રગટ પ્રભુશ્રી પોતાના શુભ હસ્તે હરિભક્તોમાં સાકરના પ્રસાદની વહેંચણી કરતા.

પ્રગટ પ્રભુના હસ્તે મળેલ શુભ શુકન દ્વારા હરિભક્તોના ભાગ્ય પુલકિત થઈ જતા. અને આખુ વર્ષ તેમના આધ્યાત્મિક, તથા લૌકિક સુખમાં પ્રભુ કૃપા રૂપી વર્ષા થતી.

## ❖ વતનમાં મોટા ભાઈના ઘરે મહારાજશ્રીની પધરામણી તથા ભત્રીજા બચુભાઈને આશીર્વાદ :

પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઈ મહારાજ ઈ.સ. ૧૯૬૦માં તેમના મોટા ભાઈ રણછોડભાઈના ઘેર પધાર્યા. તેઓશ્રી તેમની સાથે ભીખાકાકાને લઈને ગયા. તે સમયે નડીયાદ રેલ્વે સ્ટેશનેથી મરીડા ગામ સુધી ઘોડા ગાડીમાં બેસીને આવ્યા. એ સમય એવો હતો કે, ઘોડા ગાડીમાં બેસનાર કોઈ વીરલ વ્યક્તિઓ જ હોય. ગામમાં જ્યારે આવ્યા ત્યારે ઘણા લોકો વિસ્મય પામ્યા કે, રણછોડભાઈના નાના ભાઈ અમદાવાદથી આવ્યા છે. અતિ સુંદર ઝભ્ભો-ધોતી, માથે કાશ્મીરી ટોપી, કપાળમાં ગોળ રૂપાળો ચાંદલો, પગમાં મોજા સહિત કિંમતી બૂટ પહેર્યા છે એવા મહારાજશ્રીએ ગામના આજુ-બાજુના લોકો સાથે મળીને ભજન કર્યા. પછી મહારાજશ્રીએ તેમને કહ્યુ કે, તમે બધા અક્ષરભુવન ભેગા મળીને આવો ત્યાં આપણે બધા ભેગા રહીને ભગવાનનું ભજન કરીશું. મારા પર મારા ગુરુ શ્રી નારાયણમુનિ મહારાજ પ્રસન્ન થયા છે. હું અને બીજા હરિભક્તો ભેગા મળીને ભજન કરીએ છીએ માટે તમે પણ ચાલો. વળી મહારાજશ્રીએ તેમને કહ્યુ કે, જેની પેઢીમાં એક ભગવાનનો ભક્ત બને તો તેની એકોતેર પેઢીનો ઉદ્ધાર થાય. આપણી પેઢીમાં ભગવાન થાય તો પેઢીના ઉદ્ધારની વાત જ શી કહેવી? ત્યારબાદ રણછોડભાઈના પરિવારની આર્થિક સ્થિતિ સારી નહોતી તેથી તેમના દીકરા બચુભાઈને ગામના ત્રણ-ચાર માણસોએ સલાહ આપી કે, તમારા કાકા ભગવાન થયા છે, તમે આવી સ્થિતિમા રહો છો તો તે તમને મદદ ન કરે? થોડા દિવસ બાદ વિચાર-મંથન કરીને

બચુભાઇએ શ્રી ડાહ્યાભાઇ મહારાજને કાગળ લખ્યો કે, મારા ઘરની આર્થિક પરિસ્થિતિ સારી નહોવાથી ધંધો રોજગાર કરવા માટે મને એક લાખ રૂપિયા મોકલી આપો. એવી માગણી કરી. પછી શ્રી ડાહ્યાભાઇ મહારાજશ્રીએ પત્રનો જવાબ લખ્યો કે, આપનો પત્ર મળ્યો છે અને તમે જે પૈસાની વાત લખી છે તે તમારી સગવડે અમદાવાદ આવીને લઇ જશો. મહારાજશ્રીનો પ્રત્યુત્તર આવતા બચુભાઇના આનંદનો પાર ન રહ્યો. પણ કઠણાઇ એટલી બધી હતી કે, અમદાવાદ જવાના પૈસા હતા નહિં. પછી બે-ચાર મિત્રો પાસે ભાડાના પૈસા ઉછીના લઇને બચુભાઇ અમદાવાદ પહોંચી ગયા. સવારે અમદાવાદ પહોંચ્યા ત્યાં ઘણા હરિભક્તો આવ્યા હતા. તેઓ દર્શન કરીને ઘેર ગયા. બચુભાઇએ મહારાજશ્રીનો ચરણસ્પર્શ કર્યો. થોડીવારે બધા સાથે રસોડામાં જમી રહ્યા. પછી મહારાજશ્રીએ કહ્યું જે, અહિંયા આરામ કરો. તેમની આજ્ઞા મુજબ બચુભાઇ સૂઇ ગયા. બચુભાઇએ વિચાર કર્યો કે, મારે પાછા ફરવુ છે ને મહારાજશ્રી પૈસાની કંઇ વાત કરતા નથી. પછી નીચે જઇને મહારાજશ્રી અક્ષરભુવનના નીચેના હોલમાં આંટા મારતા હતા ત્યાં જઇને બચુભાઇએ મહારાજશ્રીને કહ્યું કે, શું તમને મારી ઓળખાણ ના પડી? બચુભાઇએ વાત કરી કે, મહારાજશ્રીએ પત્ર લખી રૂપિયા લેવા માટે બોલાવ્યો છે તે રૂપિયા લેવા આવ્યો છું. ત્યારે મહારાજશ્રીએ બચુભાઇને કહ્યું જે, સો રૂપિયાની નોટ કેવી હોય તે તમે જોઇ છે? ત્યારે તેમણે કહ્યું જે, ના અત્યાર સુધી તો મે સો રૂપિયાની નોટ જોઇ નથી. પછી બીજો સવાલ તેમણે બચુભાઇને પૂછ્યો કે, કેટલી સો રૂપિયાની નોટ હોય તો એક લાખ રૂપિયા થાય? ત્યારે તે પણ બચુભાઇને ખબર નહિં. ત્યારે મહારાજશ્રી તેમને કહે કે, ધારોકે, તને હું લાખ રૂપિયા આપું તો તે તને કેવી રીતે ખબર પડે? ત્યારે બચુભાઇએ ભોળા ભાવે મહારાજશ્રીને કહ્યું કે, મને તમારામાં વિશ્વાસ છે તમે જેટલા રૂપિયા આપશો તે લાખ રૂપિયા જ હશે. પછી મહારાજશ્રી બચુભાઇ પ્રત્યે

બોલ્યા જે, અહિં જે બધા આવે છે તે મારી પ્રસન્નતા અને રાજીપો મેળવવા સારું આવે છે. જેથી તેમના જીવનમાં આવતી બધી મુશ્કેલીઓમાંથી તેઓ પાર ઉતરી જાય. તેમ તમને પણ જોઇએ તો હું આશીર્વાદ આપી શકુ. ક્ષણીક વિચારીને બચુભાઇએ જોયું તો, રૂપિયા તો તેમને મળે તેમ નહોતા તેથી આશીર્વાદ મેળવવાનું જ યોગ્ય લાગ્યું. પછી મહારાજશ્રીએ તેમને થોડા રૂપિયા આપ્યાને જવા આવવાનું ભાડું આપ્યુ અને દિવ્ય આશીર્વાદ આપ્યા કે, તને જ્યારે જ્યારે મારી જરૂર પડે તો મને યાદ કરજે, તને કંઇ મુશ્કેલી નહિ પડે. પછી મહારાજશ્રીએ એ ઉપરાંત બચુભાઇને ભજનની ચોપડી તથા વચનામૃત શાસ્ત્ર ભેટમાં આપ્યું ને કહ્યું જે આનો અભ્યાસ કરવો જેથી પ્રભુ રાજી થાય.

## ❖ બાકરોલમાં શ્રી ચિમનભાઇ દાદુભાઇ દેસાઇની હવેલીમાં મહારાજશ્રીનું અલૌકિક દિવ્ય ચરિત્ર :

બાકરોલમાં શ્રી ડાહ્યાભાઇ મહારાજને તથા તેમના મિત્રો ઘણા બધા સરખી ઉમરના હતા. તેમાય તેમના ખાસ મિત્ર શ્રી વલ્લવભાઇ ઉમેદભાઇ પટેલના ઘરે મહારાજશ્રી જતા. તેમના ઘેર સાંજના ભજન રાખવામાં આવ્યુ. જમવાનું અને રહેવાનું પણ તેમના ઘેર હતું. સાથે પંદર-વીશ હરિભક્તો હતા. તે બધાય સવારમાં ન્હાવા ધોવાની તૈયારીમાં હતા ત્યારે વલ્લાવભાઇએ ગામમાં પ્રતિષ્ઠિત એવા શ્રી ચિમનભાઇ દાદુભાઇ દેસાઇની હવેલીમાં તેમની ઇચ્છાથી મળવા માટે મહારાજશ્રીને આગ્રહભરી વિનંતી કરી. મહારાજશ્રી હરિભક્તો સાથે તરત જ ચિમનભાઇ દાદુભાઇ દેસાઇની હવેલીમાં પધાર્યા. આ જોઇ ગામમાં વાત વાયુ વેગે પ્રસરી ગઇ ઘણા બધા ગામલોકો મહારાજશ્રીને જોવા માટે દેસાઇની હવેલીમા જઇ પોક્યા. ત્યાં મહારાજશ્રી ભજન બોલાવે છે ને હરિભક્તો ભજન કરે છે. આ જોઇ શ્રી ચિમનભાઇ દેસાઇએ ઘરમાં વાત કરી કે, મહારાજશ્રી તથા તેમની સાથે આવેલા

હરિભક્તો માટે ચ્હા બનાવો. એટલે રકાબી - કીટલી ચ્હાની લઇને નોકર આવ્યો. ત્યારે મહારાજશ્રી બોલ્યા કે, આ ચ્હા પહેલા અહિંયા જે ગામલોકો ઉપસ્થિત થયા છે તેમને આપો. પછી આ બધા હરિભક્તો અને મને આપો. ત્યારે શ્રી દેસાઇ બોલ્યા કે, અહિંયાના જે લોકો છે તેમના માટે બીજી ચા બનાવીશું આ ચા તમારા માટે બનાવી છે માટે તે ગ્રહણ કરો. ત્યારે મહારાજશ્રીએ હાથમા કીટલીને રકાબી લઇને ચા આપવા માંડી લગભગ એકસો માણસને ચા આપી ત્યાર બાદ કીટલી મહારાજશ્રીએ પાછી આપી દીધી. ત્યાર બાદ નોકરે ચ્હાની કીટલી લઇને રસોડામાં આપી દીધી. શ્રી દેસાઇના ધર્મપત્ની શ્રીમતી વિમળાબેન કીટલી ઉઘાડીને જોવે છે તો, અંદર ચ્હા એટલી જ ભરેલી દીઠી. આ જોઇને તેમણે શ્રી ચિમનભાઇ દેસાઇને વાત કરી કે, ચ્હા કેમ કોઇએ પીધી નહિં. ત્યારે શ્રી દેસાઇને ખબર પડી કે, ચ્હા તો બધાયે પીધી છે મેં નજરે જોઇ છે તો કીટલીની અંદર ચ્હા કેવી રીતે વધી છે? આ પ્રસંગ બાદ શ્રી ચિમનભાઇ દાદુભાઇ દેસાઇ મહારાજશ્રીને માનતા. જ્યારે મહારાજશ્રી બાકરોલમાં હોય ત્યારે તેઓ અચૂક વિદ્યાનગર ઓફિસે જતા પહેલા મહારાજશ્રીને ટોપી ઉતારીને પંચાંગ પ્રણામ કરીને જતા.

વળી એક વખત મહારાજશ્રીને આંખમાં મોતીયાનું ઓપરેશન કરાવ્યું હતું. હવે એ વખતે જેનું આંખમાં ઓપરેશન કરાવ્યું હોય તેને બે-ત્રણ મહિના સુધી અંધારામાં રહેવાનું. તેની રૂમમાં અજવાળુ (સૂર્યપ્રકાશ) જવુ જોઇએ નહિં. તેની તકેદારી લેવાતી. પરંતુ મહારાજશ્રીને અમદાવાદમાં બુધવારે આંખનું ઓપરેશન કરાવ્યું ને ગુરુવારે તો શ્રી ચિમનભાઇ દેસાઇની પુત્રીના લગ્નમાં હાજરી આપવા માટે બાકરોલ આવી ગયા. તે પણ પાછુ ચશ્માનો ઉપયોગ કર્યા સિવાય આવ્યા. અમદાવાદના હરિભક્તોએ મહારાજશ્રીને ઘણાય સમજાવ્યા પણ મહારાજશ્રીએ પોતાની સત્તા વાપરીને બધાને આશ્ચર્ય ચકિત કરી

દીધા.

## ❖ મહારાજશ્રીની સેવામાં દરેક પ્રકારના દર્દો :

મહારાજશ્રીને દરેક પ્રકારના દૈહિક દર્દો હતા. જેવાકે, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, શ્વાસ ચઢવો, શરીરની ચામડી ઉપર ફોલ્લીઓ થવી, ખૂબજ પરસેવો થવો, પેશાબ ઓછો થવો વિગેરે વિગેરે. અમદાવાદના ખ્યાતનામ ડૉકટરની દવા લેતા એક વખતની દશ-બાર ગોળીઓ લેતા. તેમજ શ્વાસોશ્વાસની ગોળીઓ રાખતા. પરંતુ જો શ્વાસ ઝડપથી ન બેસે તો ઈંજેકશન લેવું પડતું. પરંતુ આ બધાય દર્દો વચ્ચે મહારાજશ્રી સ્વસ્થ રીતે હરીફરી શકતા હતા. પરંતુ યુવાનને શરમાવે તેવી રીતે હરી-ફરી શકતા. ચાલવામાં ઘણીજ ઝડપથી ચાલતા. રાત-દિવસ ભજન કરાવતા. કોઈપણ જાતનો થાક નહિં, આરામ નહિં વળી મોડી રાત્રે ચારવાગ્યાથી રાસ રમતા. ઊંઘ-આરામ નહિં છતાયે મુખારવિંદ પર અનેરી તાજગીને તેજ દેખાતુ હતુ. એક વખત બાકરોલમાં બચુભાઇ મહારાજશ્રીને દવા સાથે પાણી આપવા માટે ગયા ત્યારે મહારાજશ્રી કહે કે, આ બધા દર્દો મારા સેવક છે હું જ્યારે તેમને બોલાવું ત્યારે આવે અને ના પાડું ત્યારે જતા રહે. બચુભાઈને આ વાત સમજાય નહિ.

## ❖ ડૉ. કાન્તીલાલ વ્યાસ મહારાજશ્રીની કસોટીમાં નાપાસ થયા :

મહારાજશ્રી ધીરે ધીરે અમદાવાદનો સ્નેહ ઓછો કરીને બાકરોલમાં રહેવા મન તૈયાર કરતા હતા. જેથી અમદાવાદના હરિભક્તોમાં મહારાજશ્રીના પ્રીતીપાત્ર એવા શ્રી પુંજાકાકા, ગોવિંદભાઇ, ગોકળબાપા એવા ઘણા બધા હરિભક્તો બાકરોલમાં મહારાજશ્રી જાય પણ વધારે સમય ત્યાં ના રોકાય તેવો આગ્રહ કરતા

હતા. કારણ એટલું જ કે, મહારાજનો વિયોગ સહન કરવો પડે, બીજું કે તબિયત બગડે તો સારા ડૉક્ટરનો અભાવ, બધાયને દોડાદોડી કરવી પડે. એ સમયમાં આયુર્વેદિક ડૉક્ટર કાન્તીલાલ વ્યાસ મહારાજશ્રીને દિવસમાં બે-ત્રણ વાર ફ્રી ચેક-અપ કરવા આવતા ને મહારાજશ્રીને આયુર્વેદિકની દવાઓ મફત આપતા. અને વાતો સરસ કરતા ને કહેતા કે, મારી જરૂર પડે ત્યારે મને બોલાવજો. એ વખતે પુંજાકાકા આવ્યા હતા. તેમણે મહારાજશ્રીની ફ્રી સારવાર અને દવાઓ કરતા કાન્તીલાલ વ્યાસને કંઇક આપવા માટે મહારાજશ્રીને કાને વાત નાખી. મહારાજશ્રીએ આ વાત પર કંઇ ખાસ રસ દાખવ્યો નહિં. ત્યારે બચુભાઇએ મહારાજશ્રીને કહ્યું કે, કાન્તીલાલ ડૉકટક તમારી દિવસમાં બે થી ત્રણ વાર ફ્રી ચેક અપ કરે છે મફત દવા આપે છે ને પુંજાકાકા કહે છે કે, તેમને ભેટમાં એક સાઇકલ લઇ આપીએ. ત્યારે મહારાજશ્રીએ કહ્યું જે, મારી પરીક્ષામાં પાસ થાય ત્યારે જ તેની સેવાનો હું સ્વીકાર કરું. ત્યારબાદ મંદિરમાં સમૈયાની તૈયારીઓ ચાલતી હતી મંદિરમાં પચાસ-સાઇઠ હરિભક્તો હતા. ત્યારબાદ એક દિવસ સાંજે આઠ વાગ્યા પછી મહારાજશ્રીને જોરદાર શ્વાસ ચાલુ થઇ ગયો. બચુભાઇ તથા અન્ય ગભરાઇ ગયા. ને બચુભાઇ કાન્તીલાલ વ્યાસના ઘેર બોલાવા માટે ગયા કે, મહારાજશ્રીને ઇંજેકશન આપે તો તરત જ શ્વાસ બેસી જાય. ત્યારે કાન્તીલાલ ડૉકટરે બચુભાઇને કહ્યું કે, હું અત્યારે બહુજ થાકી ગયો છું. અને આવી શકુ તેમ નથી. તમે આણંદથી ડૉકટર બોલાવી દો. બચુભાઇએ કહ્યુ કે, અત્યારે રાત્રે આણંદથી ડૉકટર બોલાવવો શક્ય નથી. માટે તમે ફક્ત ઇંજેકશન મારવા પુરતા ચાલો. બચુભાઇએ લગભગ એક કલાક સુધી ડૉકટર સાથે રકઝક કરી પણ કાન્તીલાલ ટસના મસ ના થયા. છેવટે ડૉકટરની પત્નીએ તેમને સમજાવ્યા કે, અત્યારે તો તમે તેની સાથે જઇને પાછા આવી ગયા હોત. તેઓ મહામુસીબતે રાજી થયા ને મહારાજશ્રીને ઇંજેકશન આપીને જતા રહ્યા.

થોડીવારમાં શ્વાસ બેસી ગયો અને જાણે કે કાંઇ બન્યું જ નથી તેમ મહારાજશ્રીએ મોડા સુધી ભજન કર્યુ. બીજે દિવસે બચુભાઇ નિત્યક્રમ પરવારીને મહારાજશ્રીના દર્શને ગયા ત્યારે મહારાજશ્રીએ બચુભાઇને કહ્યુ જે, તું જેની વકિલાત કરતો હતો તે મારી પરીક્ષામાં નાપાસ થયો. ત્યારે બચુભાઇને ભાન થયુ કે, જે બન્યું તે ખરેખર આશ્ચર્યજનક છે. મહારાજશ્રીએ એમના ભત્રિજા શ્રી બચુભાઇ માટે બહુ કર્યુ. તેમને ભણાવ્યા, સરકારી નોકરી પણ તેમની ઇચ્છાથી સારી જગ્યાએ અપાવી, લગ્ન પણ મહારાજશ્રીએ યોગ્ય પાત્ર શોધી પરણાવ્યા, રહેવા માટે ઘર પણ તૈયાર કરી આપ્યું.

## ❖ શ્રી બચુભાઇને બાકરોલ ગામના વિકાસની ભવિષ્યવાણી કરતાં મહારાજશ્રી :

પરમ પૂજ્ય શ્રી ડાહ્યાભાઇ મહારાજ બાકરોલ ગામમાં રહેતા દરેક વર્ગના લોકોના કલ્યાણ અને ઉન્નાતિ માટે વિચારતા હતા. અહિંયા ગરીબી પુષ્કળ હતી. તેના નિવારણ માટે વિચારતા હતા. તેવા સમયમાં બચુભાઇ તથા મહારાજશ્રી, ભીખાકાકા બાકરોલના ધુળિયા રોડ ઉપર ચાલવા નીકળતા હતા. ત્યાં રસ્તાઓ ઉખડ-બાખડ સાચવીને ચાલવું પડતુ હતું. ત્યારે બચુભાઇએ મહારાજશ્રીને વાત કરીકે, અહિંયા અમદાવાદના રીલીફ રોડ ઉપર રોડ છે તેવો રોડ ક્યારે બનશે? ત્યારે મહારાજશ્રીએ બચુભાઇને કહ્યું કે, તું રોડની વાત કરે છે? અહિંયા તો અમદાવાદ-વડોદરાની બસો દોડશે. ને આ જમીનના પ્લોટ અને ખેતીલાયક જમીન સોનાના થઇ જશે. આ સાંભળી બચુભાઇને હસવાનો કોઇ પાર ના રહ્યો. ને ખરેખર, આજે આ ફોર લેન રોડ થઇ ગયો છે, અહિં જમીનનો એક ગુંઠાનો ભાવ બે લાખ રૂપિયાને પ્લોટના ભાવ વીસ થી ચાલીસ લાખ રૂપિયા બોલે છે તો ખરેખર મહારાજશ્રી કૃપાને આભારી છે. ગામનો વાઘરી સમાજ પણ જો ખેતી કરતો હશે તો

તેના નામે પણ અત્યારે બેંકમાં લાખો રૂપિયા બોલે છે.

એક દિવસ સાંજના બચુભાઇને મહારાજશ્રી મંદિરમાં બેઠા હતા. ત્યારે મહારાજશ્રીએ બચુભાઇને વાત કરી કે, મારી પાસે થોડાક પૈસા વધ્યા છે તે વિદ્યાનગર બેંકમાં ખાતુ ખોલાવીને મુકી દઇએ. તું કાલે સવારે તૈયાર થઇને આવી જજે. બીજે દિવસે બેંકમાં જવાનો ટાઇમ થઇ ગયો પણ મહારાજશ્રી કંઇ બોલ્યા નહિં. એટલે મહારાજશ્રીને બચુભાઇ કહે જે, બેંકમાં નથી જવું. ત્યારે મહારાજશ્રી બોલ્યા કે, બેંકમાં ખાતુ ખોલાવવાનો વિચાર માંડી વાળ્યો છે. કારણકે, વિદ્યાનગર જવા-આવવાનું અઘરું પડે. પરંતુ બીજો વિચાર અમલમાં મુકવા વિચારું છું. જે વાત મારી ને તારી વચ્ચે જ રહે તે તકેદારી તારે રાખવાની. મહારાજશ્રી બોલ્યા કે, જો સામે પૂર્વ દિશામાં આપણી પાસે બે રૂમ છે. તેમાની વચલી રૂમના બે-ત્રણ પથ્થર જરૂરિયાત મુજબ કાઢવાના અને એક ખાડો કરીને તેમાં રૂપિયા મુકવાના અને પાછો તે ખાડો એમને એમ કરી ઉપર પથ્થર મુકીને કોથળાથી ઢાંકી દેવાનું. પછી મહારાજશ્રીએ કંઇ કર્યુ નહિં ને પૈસા અમદાવાદ લઇ ગયા. પણ પછી થોડાજ સમયમાં મહારાજશ્રી જે જગ્યા પર ખાડો કરવા માંગતા હતા તે જગ્યાએ બેંક થઇ અને ત્યાં તેનું મુખ્ય લોકર(તિજોરી) મુકાઇ. વળી તેમા પહેલું ખાતુ મહારાજશ્રીએ ખોલાવ્યું. અને આજે બેન્કની પ્રગતિ જબરજસ્ત છે.

બાકરોલમાં પુરુષોત્તમ નિવાસ મહારાજશ્રીએ બનાવ્યું અને પાછળના ભાગમાં ફરતી રૂમો અને ભજન-હોલ ઉપર સિમેન્ટના પતરા લગાડ્યા. ત્યારે મહારાજશ્રીને બચુભાઇ કહે જે, અમદાવાદમાં પાકુ ધાબાવાળું મંદિર બનાવ્યું ને અહિં કેમ પતરા લગાડ્યા. ત્યારે મહારાજશ્રીએ બચુભાઇને કહ્યું હતુ કે, પાછળથી જે કામ થશે તેનો કરાવવાવાળો બીજો કોઇ મે શોધી રાખ્યો છે. અત્યારના સંજોગોમાં આ મંદિરનું બાંધકામ મારે મન બરાબર છે. જે પળે જે થાય તે બધુ જોયા કરવાનું.

મંદિરમાં ટાવર બનાવવા ઘણા બધા કારીગર, મજુર કામ કરતા હતા. પ્રથમ માળે એક માણેક નામની બાઇ મજુરણ નીચે કામ કરતી હતી. ટાવર ઉપરથી એક કારીગરના હાથમાંથી ઇંટ છુટી ને પેલી બાઇના માથા પર વાગી. એટલે તે બાઇ ત્યાંજ ઢળી પડી. મોટો અવાજ થયો એટલે મહારાજશ્રી તથા બધા દોડતા દોડતા તે જોવા આવ્યા. મહારાજશ્રીએ, તે માણેક નામની બાઇના માથે બે-ત્રણવાર હાથ ફેરવ્યો તેથી તરત જ તે બાઇ સજાગ થઇને બેસી ગઇ ને કામે લાગતા મહારાજે તેને તે દિવસ પુરતા પૈસા આપીને ઘરે જઇ આરામ કરવાની છુટી આપી. આમ, મહારાજશ્રીએ એ બાઇની રક્ષા કરી.

મહારાજશ્રી બાકરોલમાં રહેતા ત્યારે ઘણા ગામના હરિભક્તો રોજ મહારાજશ્રીના દર્શન આવતા. સર્વે વડીલ હરિભક્તો મહારાજશ્રી સાથે જ્ઞાનસભર વાતોની ચર્ચા કરતા અને આનંદ મેળવતા. એમાં એક બહેન જે મહારાજશ્રીના મિત્ર આશાભાઇના મામી થાય તે આવતા. તે પહેલા આફ્રિકામાં તેમના પતિ સાથે રહેતા હતા પણ સંજોગોવસાત તેમના પતિનું અવસાન થતા તેઓ ભારત આવી ગયા હતા. તેમની મિલકત વેચીને જે કંઇ પૈસા આવ્યા તે તેમના ભાણાને આપી દીધા પછી તે ભાણાભાઇ તેમને દેહ ગુજરાન કરાવવા દર મહિને પૈસા આપતા હતા. તેમને બે દિકરાને ચાર દિકરીઓ હતી. ને ઘરની પરિસ્થિતી અત્યંત ખરાબ હતી. ખૂબજ સુખ મેળવ્યા પછી દુઃખના દિવસો પસાર કરવાના કઠિન હોય છે. તેઓ સતત તેમના કુટુંબના ઉત્કર્ષ માટે ચિંતા કરતા અને મહારાજશ્રી સમક્ષ આવીને રડતા. મહારાજશ્રી તેમને આશ્વાસન આપીને કહેતા કે, બહેન તું હવે રડવાનું બંધ કર. અને મારામાં વિશ્વાસ રાખ આગળ સારા વાના થવાના છે. અને તારું દુઃખ જવા માટે થનગની રહ્યું છે ને તારે દરવાજે સુખ આવીને ઉભું છે. તે વખતે બચુભાઇ મહારાજશ્રી સાથે હતા. તેમણે મહારાજશ્રીને કહ્યું કે, તમે આ ગરીબ બાઇની મશ્કરી કરો છો તેને હવે સુખનો દહાડો જોવાનો

કોઇ અવકાશ મને દેખાતો નથી. ત્યારે મહારાજશ્રીએ બચુભાઇને કહ્યુ જે, આ દિવાલ પાછળ શું છે? તે તને દેખાય છે? હું જોઇ શકું છું. માટે તેને કહું છું. ને ખરેખર તે રીતે, પછી થોડાક જ સમયમાં તેમને બ્રિટીશ સરકાર તરફથી લંડન જવા માટેનું આમંત્રણ આવ્યું અને તેમના પરિવાર સહિત ઇંગ્લેંડમાં વસવાટ કરવાનો લાભ મળ્યો. અને દરેક વ્યક્તિને મહારાજશ્રીએ વિચાર્યુ હતું તેમ સુખના સાગરમાં વસવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

## ❖ સુરતવાળા લીંગડ ગામના બલ્લુભાઈ મગનભાઈ પટેલને મહારાજશ્રીએ દિવ્યરૂપે સહાય કરી :

લીંગડના બલ્લુભાઇ મગનભાઇ પટેલને સને ૧૯૬૧માં પ્રગટ પ્રભુના આશીર્વાદથી રેવન્યુ ખાતામાં નોકરી મળી. ૧૯૬૫માં મહારાજશ્રીએ લીંગડ પત્ર લખ્યો કે, બાકરોલમાં શ્રી પુરુષોત્તમ નિવાસનુ કામકાજ ચાલે છે. ત્યારે બલ્લુભાઇને એમ થયુ કે, ચાલો કોઇ દિવસ બાકરોલ ગયા નથી તો ગાંધીનગર ઓફિસના કામે જવાનું છે તો બાકરોલ ભેગા જતા આવું. એમ વિચાર કરીને ગાડીમાં બેસી આણંદ ઉતરી ત્યાર બાદ બસમાં વિદ્યાનગર બસ સ્ટેન્ડમાં રાત્રે ૮-૦૦ વાગ્યે ઉતર્યા. પ્રગટ પ્રભુને મળવાના વેગમાં બલ્લુભાઇએ વિચાર્યુ નહિ કે, વિદ્યાનગરથી બાકરોલ કેવી રીતે જઇશું? બાકરોલ જવા માટે કાચો ખેતરોમાં ચાલીને જવાનો રસ્તો હતો. રાત્રે અંધારામાં કઇ રીતે જવું એ એક પ્રશ્ન હતો. પગે ચાલીને ત્રણ થી ચાર કિલો મીટર જવાનું હતું. તેવામાં એક વૃધ્ધ લાકડી લઇને બલ્લુભાઇ પાસે આવ્યા. તેમણે કહ્યું ક્યાં જવુ છે હું તમને રસ્તો બતાવી બાકરોલ મુકી આવું. આમ સાંભળતા બલ્લુભાઇને હિંમત આવી કે, હવે હું બાકરોલ જઇ શકીશ. બલ્લુભાઇ તેમની સાથે ત્રણ થી ચાર કિલોમીટર વાતો કરતા કરતા ચાલતા હતા. બાકરોલ ગામની ભાગોળે ટાવરવાળુ નવું નિર્માણ પામેલું

મંદિર બતાવ્યું. બલ્લુભાઇએ તેમને પોતાને બાકરોલ મુકવા આવ્યા તે બદલ એક પાવલી આપી પછી તે વૃધ્ધ ક્યાં અંધારામા અદશ્ય થઇ ગયા તે બલ્લુભાઇ શોધતા જ રહ્યા. બાકરોલ મંદિરે પહોંચ્યા બાદ બલ્લુભાઇને મહારાજશ્રી એ પૂછ્યું ભાઇ, અત્યારે રાત્રિના અંધકારમાં તમે કેવી રીતે આવ્યા? કોણ તમને દોરી લાવ્યું એમ વારંવાર પૂછતા જાય અને ખાવાનું પૂછે બીજા સમાચાર પૂછે. પણ બલ્લુભાઇ મહારાજનું આ દિવ્ય ચરિત્ર આજ સુધી ભુલી શકયા નથી.

## ❖ અમદાવાદના હરિભક્તો સાથે છોટાઉદેપુર વિસ્તારમાં મહારાજશ્રીનો સંઘ :

છોટાઉદેપુરમાં મહારાજશ્રી પધરામણીએ જતા ત્યારે નાની ગાડીમાં બેસી વડોદરા વિશ્વામિત્રીથી બેસતાને સુસ્કાલ દમણ ભગતને ઘેર ઉતરતા. ત્યાંથી પાવી-જેતપુરથી આ બાજુના હરિભક્તો ગાડા-ડમણિયા લઇને તેડવા જતા. સાથે પુષ્કળ પ્રમાણમાં પ્રસાદ, ટેટી, તરબૂચ, પપૈયા વગેરે મહારાજશ્રી તથા બીજા સંતો માટે લઈ જતા. છોટાઉદેપુર જવાનું હોય ત્યારે મહારાજશ્રી દસ, પંદર દિવસ અગાઉથીજ અક્ષરભુવનમાં જે હરિભક્તો આવે તેને વારંવાર પૂછતા કે, તમારે છોટાઉદેપુર આવવું છે? અમે આ તારીખે આટલા વાગ્યે નીકળવાના છીએ. અને દસ થી પંદર દિવસનો જોગ કરીને આવજો. અને હરિબેનને નામ લખાવજો. નાના-મોટા હરિભક્તો થઇને આશરે ૪૫ થી ૫૦ હરિભક્તોનો સંઘ નીકળતો. મહારાજશ્રી બધાને માટે રસિલાબેન પાસે ૪ કિલો લોટની સુખડી બનાવી, તદુપરાંત શકકરપારા, પુરી બનાવડાવી. પુંજાકાકા ફરસી પુરી અને ખાખરા લાવ્યા. બીજા હરિભક્તો પણ મનમાં આવે તે રીતે નાસ્તો લાવ્યા નાસ્તાના જ ચારથી પાંચ મોટા ડબ્બા ભરાયા. અક્ષરભુવનમાં બધા

ભેગા થઈને સાથે નીકળતા. સુસ્કાલના હરિભક્તો મહારાજશ્રીને રોકવા વિનંતી કરતા પણ મહારાજશ્રી કહેતા કે, ચચેરમાં મગનકાકા રાહ જુએ છે. બધા ગાડામાં બેસી ચચેર(સિમલફળિયા) આવતા. ચચેરના હરિભક્તો મહારાજશ્રી તથા સંત મંડળનું ભવ્ય સ્વાગત કરતા. તેમની આરતી ઉતારીને પૂજન-અર્ચન કરાવતા. મગનભાઇ તથા ઇકાભાઇના સંયુક્ત બનાવેલા ડેલાની જગ્યા પર મહારાજશ્રીને મોટા પલંગ પર સારા જાડા ગાદલા પાથરીને બેસાડતા. મહારાજશ્રી તથા સંતો કીર્તનો બોલતા. દરેક હરિભક્તના ઘેર મહારાજશ્રી પધરામણીએ જતા. દરેકના ઘેર મહારાજશ્રી બે થી ત્રણ ભજનો બોલતા. પધરામણીઓ વધારે હોય તો થાળની પહેલી બે તથા છેલ્લી બે લીટી બોલતા. જે હરિભક્તોને ઘેર પ્રભુજી જાય ત્યાં જામો, પાયજામો, કાશ્મીરી ટોપી પહેરીને જતા. અતિ આનંદ ઉછરંગમાં કીર્તનો બોલાતા. મહારાજશ્રી પહેલા વહેલા છોટાઉદેપુર બાજુના ગામડાઓમાં જતા ત્યારે ત્યાં ગામડાઓની તથા હરિભક્તોની આર્થિક પરિસ્થિતી સારી નહોતી. ઘર પણ જુના માટીના નળીયાવાળા મકાનો હતા. તેમા જવું હોય તો માથુ નીચે રાખીને ઘરમાં પ્રવેશ કરવો પડતો. મહારાજશ્રી જે જે ગામ, ઘર, શેરી, નદી, પર્વત, વૃક્ષ વગેરે સ્થળોએ ફર્યા તે સર્વે તીર્થરૂપ કરી દીધા. આજે તેના પ્રતાપે હરિભકતોના લૌકિક તેમજ આધ્યાત્મિક જીવનમાં આમૂલ પરિવર્તન આવી ગયું છે.

ચચેરમાં મહારાજશ્રી મગનભાઇ, ઇકાભાઇ, છીંડાભાઇ, છેલુભાઇ, જોગીભાઇ વગેરે વડીલ હરિભક્તોના ઘેર જતા ને તેમનો ભાવ પૂરો કરતા. આ ઉપરાંત મહારાજશ્રી પાધરવાંટમાં, કાગુ ભગત, નન્નુ ભગત, ખાંપર ભગત, ચિલરવાંટમાં હરજી ભગત, પુનિયાવાંટમાં ધનજીભાઇ તથા તેમના પરિવારના ઘેર, બાંગાપુરામાં અરજન ભગત, ઉકેડ ભગતના ઘેર, સુસ્કાલના દમણ ભગત, જગન ભગત તથા

દુમાલીના ગોરધન ભગત, ફત્તુ ભગત, કેશવભાઇ વાંકોલના ભલાભગત, ગલા ભગત, મણીબેન, રાજપુરના ચંચળબા, દેવળીયાના કાંતિ ભગત, રામપુરાના કચા ભગત ઝોઝના શંકરભગત, ઓળીઆંબાના માનસીંગ ભગત તથા અન્ય વડીલ હરિભક્તોએ મહારાજશ્રીનો પ્રત્યક્ષ અથવા મહારાજશ્રી છોટાઉદેપુર બાજુ આવે ત્યારે તેમની ઘેર પધરામણીઓ કરાવી પ્રગટ ભગવાનનું દર્શનનું સુખ મેળવ્યું હતું. છોટાઉદેપુર બાજુના ભજનોમાં કદવારીયાથી રાયસિંગ ભગત તથા તેમના ભાઇ હિંમતભાઇ પણ આવતા. તેઓ ઉભા થઇને જોર જોરથી તાળીઓ પાળીને ભજન કરતા તેમનો અવાજ પહાડી હતો મહારાજશ્રી તેમના ભજનોથી ખૂબ રાજી થતા. પ્રગટ પ્રભુશ્રી ડાહયાભાઇ મહારાજ છોટાઉદેપુરના હરિભક્તોને પ્રથમ ચાર પ્રકારના નિશ્ચય દર્શન, વાતું, પ્રસાદીને મળવું તે રૂપી સત્સંગનો આનંદ પમાડતા હતા. મહારાજશ્રીનુ તડામાર ભજન કરતા હરિભક્તોને મહારાજે તેમની પ્રત્યેક તાળી પાડવાનું પુન્ય પાછુ આપીને સર્વ કોઇને સુખી કરી દીધા. બહુધા છોટાઉદેપુર બાજુ ચચેરના છીંડાભાઇ ભગત તથા પાધરવાંટનિવાસી કાગુભાઇભગત દ્વારા સત્સંગનો પ્રચાર પ્રસાર વધુ થયો.

## ❖ છોટાઉદેપુર વિસ્તારના એકાંતિક સંતોનો સંકલ્પ સિદ્ધ કરતા મહારાજશ્રી :

મુક્તશ્રી છીંડાભાઇ ભગતને સૌ પ્રથમ ભાદરણ શ્રી નારાયણ મુનિ મહારાજ દ્વારા પ્રગટ ભગવાનનો મેળાપ થયેલો. સને ૧૯૫૪માં શ્રી નારાયણ મુનિ મહારાજ અંતર્ધ્યાન થયા અને શ્રી ડાહ્યાભાઇ મહારાજ પ્રગટ થયા. આ વાતનો પ્રત્યક્ષ અનુભવ કરવા માટે ચચેર મુકામે, શ્રી છીંડાભાઇ ભગત, છેલુભાઇ ભગત, જોગીભાઇ ભગત વગેરેએ સંકલ્પ કર્યો કે, શ્રી ડાહ્યાભાઇ મહારાજ આપણને એક સરખા

દર્શન આપે તો ભગવાન માનવા. એક રાત્રિએ આ ત્રણ-ચાર ભગતને એવા દર્શન થયા કે, લટુભાઇ મગનભાઇના ઘર આંગણે આંબલીના વૃક્ષ નીચે ગોપ-ગોપીઓ સાથે શ્રી ડાહ્યાભાઇ મહારાજ રાસ-લીલા કરતા જોયા. આવા એક સરખા દર્શનની વાત અરસ-પરસ થતા શ્રી ડાહ્યાભાઇ મહારાજ ભગવાન છે તેવી તેમને પ્રતીતિ થઇ. ત્યારબાદ ચચેરથી ચાર-પાંચ હરિભક્તો શાહપુર શ્રી ડાહ્યાભાઇ મહારાજના દર્શને આવ્યા. રેલ ગાડીમાં બેસી કાલુપુર સ્ટેશને ઉતરીને ચાલતા શાહપુર આવતા. ત્યારે વળી ફરી છીંડાભાઇ ભગતને સંકલ્પ થયો કે, શ્રી ડાહાભાઇ મહારાજ ભગવાન હોય તો સામે ચાલીને શાહપુર ચાર રસ્તે તેડવા આવે ને કાન પકડીને મંદિરમાં લઇ જાય. અને સર્વેના અંતર્યામી એવા શ્રી પ્રગટ પુરુષોત્તમ ભગવાન છીંડાભાઇ ભગત તથા અન્ય સંતોને શાહપુર ચાર રસ્તા પર સામા મળ્યાને તેમા છીંડાભાઇ ભગતનો કાન પકડીને મહારાજશ્રી એમને લઇ ગયા.

## ❖ ચચેરના શ્રી છીંડાભાઇ ભગત તથા પાધરવાંટના શ્રી કાગુભાઇ ભગતને થયેલા મહારાજશ્રીના દિવ્ય દર્શનની અનુભુતિ :

પ્રગટ શ્રી ડાહ્યાભાઇ મહારાજ અમદાવાદ - શાહપુર મંદિરમાં સર્વે હરિભક્તોને તેડાવી લાડકોડ પૂરા કરતા. એક વર્ષે દેશકાળ ખરાબ હતો. મહારાજ સમૈયો બંધ રાખેલો. અને ગામગામના હરિભક્તોને પત્ર લખી જાણ કરી. સમૈયો બંધ છે તેવો પત્ર મળ્યો છતાં છીંડાભાઇ ભગત તથા કાગુભાઇ ભગત વગેરે ૬-૭ હરિભક્તો મહારાજશ્રીના દર્શન કરવા આવ્યા. મંદિરના દરવાજે મહારાજશ્રીએ સર્વે સંતોને પૂછ્યું જે, સમૈયો બંધ રાખ્યો છતા તમે કેમ આવ્યા? તો છીંડાભાઇ ભગત કહે કે, મહારાજ સમૈયો બંધ છે ને દર્શન પણ બંધ છે? ત્યારે મહારાજશ્રી કહે દર્શન બંધ નથી. ત્યારે તેઓ બોલ્યા જે, અમે તો દર્શન કરવા આવ્યા છે.

તે પછી તો સંતો ચાર-પાંચ દિવસ રોકાયાને મહારાજશ્રીનો દર્શન સમાગમ કર્યો. એક દિવસ બધા સંતો જમવા બેઠા હતા એટલામાં મહારાજશ્રી આવ્યા ભાણામાં ભોજન પીરસાઇ ગયુ હતું. તેવામાં કાગુભાઇ ભગતને સંકલ્પ થયો કે, મહારાજશ્રી આપણી ભેગા જમે તો સારું. અંતર્યામીપણે તેમનો સંકલ્પ જાણીને મહારાજશ્રી કાગુભાઇ ભગતની જોડમાં તેમના ઢીંચણ પર ઢીંચણ નાખીને જમવા બેસી ગયા. કાગુભાઇ ભગત ઢીંચણ સરખા કરે તો પણ મહારાજશ્રી તેમને ખસવા દેતા નહીં. મહારાજશ્રીએ જમીને પાણી પીધા બાદ ઢીંચણ ઉઠાવ્યો. એમ હરિભક્તનો મહારાજશ્રીએ સંકલ્પ પુરો કર્યો. સર્વે સંતો અમદાવાદથી નીકળીને પોતાને ઘેર પરત ફર્યા. છીંડાભાઇ ભગત પણ ઘેર આવ્યાને થેલી મુકી. ઘરના બળદ ભૂખ્યા જોયા એટલે ખેતરમાં ચાર લેવા દાતરડું લઇને ગયા. મોટો ભારો તૈયાર કર્યો તેને ચડાવવા આજુ-બાજુ જોયું પણ કોઇ વ્યકિત દેખાયું નહિ. પછી ઘર તરફ આવ્યા ને રસ્તામાં વિચાર કર્યો કે મહારાજ ખેતરમાં ભારા ચડાવા આવે છે તે મને પણ ચડાવશે. એમ વિચારી ખેતરમાં ભારો ચડાવવાની કોશિષ કરી તો સહેલાઇથી મોટો ભારો માથા ઉપર ચઢી ગયો. પછી ઘેર આવી ભારો નીચે ઉતારી. ઓળીઆંબા માનસીંગભાઇ ભગતને ઘેર જઇ તેમને બોલાવી લાવી કહ્યું જે, આ ભારો ઊંચકો. તો તેમનાથી ભારો ન ઊંચકાયો. પછી બીજા ચાર-પાંચ જણ ભારે શરીરવાળાને બોલાવ્યા. તેઓનાથી પણ ભારો ઊંચકાય નહિં. પછી છીડાભાઇ ભગતે બધી વાતો મહારાજશ્રીની લીલા અને પરચાની કરી એટલે બધા હરિભક્તો ખૂબજ રાજી થયા.

એકવાર મગનભાઇના ડેલામાં મહારાજશ્રી સાથે સર્વે હરિભક્તોએ ભજન રાખેલું. ત્યાં પાધરવાંટથી કાગુભાઇ ભગત તથા બીજા ચાર પાંચ સંતોએ વિચાર્યુ કે, આપણા ભગવાન આખા છે તેટલે એમના માટે આખો હાર પહેરાવા લઇ જઇએ. આખો હાર એટલે

ગળાથી લઇને પગ સુધીનો હાર. પાધરવાંટના આ હરિભક્તોનો મનોરથ જાણી મહારાજશ્રી સભામાં ઉભા થઇને આગળ આવ્યા. દરેક હરિભક્તે મહારાજશ્રીને આખો હાર પહેરાવ્યો. મહારાજશ્રી તે હાર પહેરીને ગાદીની આજુ-બાજુ બે-ચાર આંટા માર્યા. તેથી હરિભક્તોને આપણને આખા ભગવાન મળ્યા છે તેવી પ્રતીતિ કરાવીને ભરપુર આનંદ આપ્યો.

ચચેર મુકામે છીંડાભાઇ ભગતનું નવું મકાન બનતુ હતુ અને જુના મકાનનો કાટમાળ નીચે ઉતરાતો. ચાર-પાંચ સ્વજનો મકાન ઉપર કામ કરતા હતા. અને છીંડાભાઇ ભગત બાજુમાં નાની ઓરડીમાં આવેલા સ્વજનો માટે ચા મુકતા હતા. અને આ બાજુ તેમના મકાનની કરાની દિવાલ તુટવાની તૈયારીમાં હતી. જો તેમ બને તો સ્વજનોના જાનનું જોખમ હતું. આવી પળોમાં શ્રી છીંડાભાઇ ભગતની પાછળ રહી બોલ્યા કે, છીંડા ભગત તમારા ઘરનો કરો પડે તેમ છે. માટે જલ્દી દોડો. આવી મહારાજશ્રીની વાણી સાંભળી છીંડાભાઇ ભગત ચ્હા ઉકળતી પડતી મુકીને દોડયા ને બધાને બૂમ પાડીને કહ્યું કે, હે છેલુ ભગત જલ્દી નીચે ઉતરો હમણા કરો પડવાનો છે. આથી સર્વે અચાનક ગભરાઇને જલ્દીથી નીચે ઉતરી ગયા. જેવા તે નીચે ઉતર્યા તેવો તરત જ કડડડ કરતો કરો તૂટી પડ્યો. આમ પ્રગટ પુરૂષોત્તમ શ્રી ડાહ્યાભાઇ મહારાજે છીંડાભાઇ ભગત તથા તેમના ગામના સત્સંગી સ્વજનોની રક્ષા કરી.

પાધરવાંટના કાગુભાઇ ભગત શાકભાજીની વાડી કરતા હતા. અને સિંચાઇ માટે લાકડાના હુડચાથી વાડીમાં પાણી પવાતું, એક વખત કાગુભાઇ ભગત અમદાવાદ સમૈયામાં ગયા હતા ત્યારે તેમના ઘેરથી ખમકીબેન કુવા ઉપર હુડચાથી વાડીમાં પાણી પાતા હતા. તેવામાં હુડચાથી પાણીની ભરેલી ડોલ ખમકીબેનના હાથમાં આવતાની સાથેજ તૂટી ગઇ ને આંચકાની સાથે ખમકીબેન કુવામાં પડી ગયા. ઘરમાં કે આજુ-બાજુ કોઇ હતુ નહિં. ખમકીબેને આવા સંકટમાં ભગવાનને

સંભાર્યા તેથી શ્રી ડાહ્યાભાઇ મહારાજે ખમકીબેનને હાથનું કાડું પકડી ઊંચકીને કુવાની બહાર મુકી દીધા ને અદશ્ય થઇ ગયા. ખમકીબેનને દશ વેઢ વીંટીવાળા હાથ સહિત શ્રી ડાહ્યાભાઇ મહારાજના દર્શન થયા. તે હજુ પણ એમને સાંભરે છે.

એક વાર બાકરોલ શ્રી પુરુષોત્તમ નિવાસ મંદિરમાં સમૈયો હતો અને મંદિરમાં લાડુની રસોઇ હતી. તેમાં સંખેડા તાલુકાના સમધી ગામના એક બેનને લાડુ બહુ ભાવે તેથી રસોડામાં જઇને ધીમેથી દસ લાડુ થેલીમાં મુકીને જતા હતા. ત્યાંજ શ્રી ડાહ્યાભાઇ મહારાજ પ્રસાદની થેલી લઇને સામેથી આવ્યાને કહ્યું કે, બેન આ પ્રસાદની થેલી તમારા ઘર માટે આપું છું તે તમારે ઘેર લઇ જશો ને તમારી થેલીમાં તમે જે માટીના ઢેખારા લાવ્યા છો તે કાઢી મુકો. તેથી તેમણે થેલીમાં જોયું તો દસ લાડુની જગ્યાએ દસ માટીની ઢેખારા નીકળ્યા. તેથી બહેન મહારાજશ્રી સામે ભોંઠા પડી ગયા. ને માફી માંગી. પછી મહારાજે સાંત્વના આપીને પ્રસાદ આપી તેમને ઘેર જવા વિદાય કર્યા.

છોટાઉદેપુર પાવી જેતપુર વિસ્તારમાં બાંડી કરીને ગામ છે. ત્યાં મહારાજશ્રીના અનન્ય ઉપાસક નરસિંહભાઇ ભગત રહેતા હતા. એક રાત્રિએ તેમને ઘેર ૧૦-૧૨ ચોર ચોરી કરવા આવ્યા. ને નરસિંહભાઇને જાનનું જોખમ હતું. તેથી પ્રગટ શ્રી ડાહ્યાભાઇ મહારાજે સ્વપ્નમાં દર્શન દઇને ત્રણ વાર કહ્યુ જે, નરસિંહ ભગત તમારા ઘરમાં ચોર આવે છે. પાછલા દરવાજાથી બહાર નીકળી જાઓ. તેથી નરસિંહ ભગત ત્રણ વાર બેઠા થયા પણ ઊંઘમાં ને ઊંઘમાં મહારાજશ્રીની વાણી જાણે બરાબર સમજી શક્યા નહોય તેમ પાછા ઊંઘી ગયા. તેવામાં ચોર આવ્યા પછી નરસિંહભાઇએ તેમનો સામનો કર્યો. મહારાજશ્રીના ત્રણ બોલના ત્રણ ઘા હથિયારના તેમના શરીરે વાગ્યા હતા. પણ ચોર લોકોને તેમના ઘરમાંથી કંઇ મળ્યું નહિં ને કંઇ પણ લીધી વગર ભાગી ગયા.

## ❖ છોટા ઉદેપુરના હરિભક્તોની મહારાજશ્રીની સર્વોપરિ ઉપાસનાને દ્રઢતા :

શ્રી પ્રગટ પુરુષોત્તમ ડાહ્યાભાઇ મહારાજની એક સ્વરૂપનિષ્ઠા, નિશ્ચય અને આજ્ઞા-ઉપાસનાના પ્રતિકરૂપ દાસત્વ સંતોમાં છોટાઉદેપુર વિસ્તારમાં શ્રી છીંડાભાઇ ભગત તથા કાગુભાઇ ભગત મુખ્ય હતા. તેઓ મહારાજશ્રીની નાનામાંનાની આજ્ઞાનું પણ પાલન કરતા. મહારાજશ્રીની શું મરજી છે તે ઇશારામાં સમજી જતા. વળી મહારાજશ્રીએ આ બંને સંતોને રહસ્યમય વાત કરી છે કે, મારા પછી કેટલાય ભગવાન થઇ બેસશે પણ ગજ હાથ અધ્ધર કોઇ આવે તો પણ ભગવાન માનતા નહીં. અને ફોટો મુકીને ભજન કરજોને કરાવજો તથા પુરુષોત્તમ-પુરુષોત્તમ ભજન કરાવજો તમારા સર્વે મનોરથ પુરા થશે. જો રામ-રામ કરશો તો વૈકુંઠમાં જવાશે, કૃષ્ણ કૃષ્ણ કરશો તો ગૌલોકમાં જવાશે, નારાયણ નારાયણ કરશો તો બદરિકાશ્રમમાં જવાશે માટે પુરુષોત્તમ પુરુષોત્તમ કરશો તો જ અક્ષરધામની પ્રાપ્તી થશે એ વાતમાં કોઇ સંશય ન રાખતાં.

## ❖ મહારાજશ્રીની ઉદાસીનતા :

નારાયણ કુંજમાં એકવાર બધા હરિભક્તોને જાણે શું થયુ તે માંહોમાંહી વાતો કરતા હતા કે, હવે શ્રી ડાહ્યાભાઇ મહારાજમાં ભગવાન રહ્યા નથી. હવે તે આપણા જેવા થઇ ગયા છે. આ સાંભળી મહારાજશ્રી ખૂબ ઉદાસ થઇ ગયા. ને કહ્યું જે, જો એમ હોય તો હવે હું કાયમને માટે સરસપુર જતો રહું છું એવી વાત મહારાજશ્રીની સાંભળી પુંજાકાકા દોડતા મહારાજશ્રી પાસે આવ્યા ને તેમને કહ્યું કે, મહારાજશ્રી તમે ક્યાં જાઓ છો? એટલે મહારાજે બધી હકિકત કહી. ત્યારે પુંજાકાકા નારાયણકુંજ અને અક્ષરભુવન બંનેની વચ્ચે સૂઇ ગયા ને કહ્યું

કે, મહારાજશ્રી તમારે જવું હોય તો આ મારી છાતી ઉપર પગ મુકીને જવાનુ છે. જ્યાં સુધી હું નારાયણ કુંજમાં છું ત્યાં સુધી તમારે અક્ષરભુવન છોડીને બીજે ક્યાંય જવાનું નથી. પછી પુંજાકાકા મહારાજશ્રીને અક્ષરભુવનમાં લઇ ગયા. ગોવિંદભાઇના પિતાજી ગોકળબાપા પાલનપુર નોકરી અર્થે રહેતા હતા. ઉનાળાના વેકેશનમાં ગોવિંદભાઇનું આખું પરિવાર પાલનપુર જતા રહ્યા. એટલે ગોકળબાપાએ બધાને સાથે આવેલા જોઇ પૂછ્યું કે, અત્યારે બધા અચાનક આખુ ઘર તાળુ મારીને કેમ આવ્યા છો? ત્યારે ગોવિંદભાઇએ કહ્યુ કે, શ્રી ડાહ્યાભાઇમાંથી મહારાજ જતા રહ્યા છે. ત્યારે ગોકળબાપાએ બે-ત્રણ વચનામૃત કાઢીને ગોવિંદભાઇ તથા તેમના પરિવારને વાંચી સંભળાવ્યાને કહ્યું કે, ભગવાન લીલા કરે પણ ભગવાન જતા ના રહે. મારા પેટના દિકરા હોય તો પહેલા અક્ષરભુવન જઇને મહારાજશ્રીની માફી માગજો પછી ઘેર જજો. ●

## ❖ પુંજાકાકાનું ધામ ગમન :

મહારાજશ્રીને હવે વહેલું અક્ષરધામમાં જવુ હતું એટલે પુંજાકાકાને ધામમાં લઇ જવાનો નિર્ણય કર્યો. ઇ.સ ૧૯૬૭માં દિવાળીના ચાર દિવસ પહેલાજ પુંજાકાકા બિમાર પડ્યા. છાતીમાં દુઃખાવો થતા હાર્ટના ડૉક્ટરને બોલાવી નિદાન કરાવ્યું. મહારાજશ્રી પુંજાકાકાની ખબર જોવા ધનતેરસના દિવસે સવારમાં ૯-૦૦ વાગ્યે આવ્યા. બહું ઉદાસ મહારાજશ્રી જણાતા હતા. મહારાજશ્રીએ પલંગ પાસે ખુરશીમાં બેસી પુંજાકાકાની છાતીમાં હાથ ફેરવ્યો. ને પુંજાકાકા મહારાજશ્રીની સન્મુખ જોતામાંજ સવારેજ ધામમાં પધાર્યા. પુંજાકાકા વિશે મહારાજશ્રીએ મામીને કહેલું કે, આ પુંજાભાઇ છે એતો મારો હૈયાનો હાર છે. એ મારો જમણો હાથ છે ને મારો પડ્યો બોલ ઝીલે છે.

## ❖ કેરીઆવીના છોટાભાઇના પરિવારનો ભક્તિભાવ :

કેરિઆવીથી છોટાભાઇ તથા તેમના ઘેરથી ગંગાબા અમદાવાદ મહારાજશ્રી માટે થાળ અને દુધ લઇને આવતા. મહારાજશ્રી જમીને બેઠા હોય તો થાળ કાઢીને જમાડે. પછી મહારાજશ્રી કહે, હું હમણા જ જમ્યો છું ત્યારે છોટાભાઇ કહે કે, હું કેટલે દુરથી તમારા માટે થાળ અને દુધ લઇને આવ્યો છું. એટલે આ તો તમારે જમવું જ પડશે. મહારાજશ્રી તેઓના આગ્રહને વશ થઇ જમતા અને કોઇકવાર દુધ પીતા. કારણ કે, તેમને પ્રગટ ભગવાનનો નિશ્ચય પાકો હતો. કેરીઆવીના બીજા હરિભક્તો શ્રી પુરુષોત્તમદાસ, નર્મદા બેન, કમળાબેન તથા તેમનો પરિવાર ખૂબજ ભક્તિ ભાવવાળા હરિભક્તો હતા.

## ❖ મહારાજશ્રીની સેવામાં મામી તથા ઇન્દુબેન :

મહારાજશ્રી હતાને છેલ્લા પાંચ વર્ષ મામી અક્ષરભુવનમાં રહેવા આવ્યા હતા. મહારાજશ્રીને આંખે ઓછું દેખાતુ હતુ. મહારાજશ્રીએ ૧૪ વર્ષ તપ કર્યુ મગ અને રોટલો ખાધેલો એટલે દ્દષ્ટિમાં ઓછું દેખાતું હતું. કોઇએ મંદિરમાં કહ્યું કે, ડોડીની ભાજી લાવી બાફીને તેનુ પાણી કરીને સવાર સાંજ આપો. મહારાજશ્રીએ પંદર દિવસ તે પાણી પીધું. જેથી આંખે દેખાતું સાધારણ થયું. આ વર્ષોમાં મામીએ મહારાજશ્રીની ઘણી સેવા કરી હતી.

શ્રી ડાહ્યાભાઇ મહારાજને ડાયાબિટીસ બહુ રહેતો હતો. ગોળી લેવાથી કંટ્રોલમાં આવતો નહોતો. ડૉક્ટરે ઇન્સ્યુલીનના ઇંજેકશન આપવાના કહ્યા. પછી પુંજાકાકાએ કોઇ ઇન્સ્યુલીનના દરરોજ બે ઇંજેકશન આપવા તૈયાર ન થયા ત્યારે ઇન્દુબેનને તૈયાર કર્યા. ઇન્દુબેન ડૉક્ટરના બતાવ્યા પ્રમાણે શીરીન્ઝ ભરીને ઇંજેકશન હાથે આપતા હતા.

એક વખત મહારાજશ્રી ખાટલામાં સૂતા હતા. ત્યારે મણીબા, મધુબેન, મામી, લીલાબેન, કપિલાબેન આટલા જણા મહારાજશ્રી પાસે

બેઠા હતા. ત્યારે મહારાજશ્રીએ મધુબેનને ઉદ્દેશીને કહ્યું જે, મધુ મારો ફોટો મુકીને ભજન કરાવજે, ખાવાની ખોટ નહિ રહે. બધાએ મહારાજશ્રીને પૂછ્યું કે, કેમ એમ બોલો છો? ત્યારે મહારાજશ્રીએ કહ્યુ કે, અત્યારની વાત નથી, આતો પછીની વાત છે.

પુંજાકાકાના ધામમાં ગયા પછી જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ મહારાજશ્રીની તબિયત વધારેમાં વધારે બગડતી ગઈ. છેલ્લો એક મહિનો તો હરિબેન, કપિલાબેન, બચીબેન, ઇન્દુબેન, તારાબેન, પન્નાબેન, મામી મંદિરમાં ૨૪ કલાક મહારાજશ્રીની પાસે રહેતા. પોત પોતાને ઘેર વારાફરતી જમવાને ચ્હા પીવા જતા.

## ❖ અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઈ મહારાજની અંતર્ધ્યાન વેળા :

મહારાજશ્રીને તાવ બહુ આવતો હતો. ડૉકટરને બોલાવ્યા તાવ માપીને ઈંજેકશન આપ્યું પણ તાવ ઉતરતો નહોતો. નારાયણ કુંજના હરિભક્તોએ જોયું કે, મહારાજને સારું થતું નહોતું. એટલે બધાએ આજુ-બાજુના ગામડાના હરિભક્તોને ખબર આપી બોલાવી દીધા. મહારાજશ્રીનો તાવ વધતો જતો હતો. ને ઉતરતો ન હોવાથી કોઈકે કહ્યું કે, બરફની કોથળીઓ બનાવી શરીર પર મુકો. તો તાવ ઓછો થશે. તાવ એટલો બધો હતો કે મહારાજશ્રીનું આખું શરીર ઉછળતું હતું. પછી નારાયણ કુંજના હરિભક્તોએ મહારાજશ્રીનો તાવ થર્મોમિટરથી માપ્યો તો ૧૦૮ ડીગ્રી તાવ જણાયો. મહારાજશ્રી સુરજબા તથા બચુભાઇ કેમ આવ્યા નથી? તેની રાહ જોતા હતા. પછી થોડી વારમાં સુરજબા તથા બચુભાઇ બાકરોલથી આવ્યા. અક્ષરધામમાંથી પધારેલ છેલ્લા પરબ્રહ્મસ્વરૂપે હવે અંતિમ શ્વાસ લેવાનો નિર્ણય કરી લીધો હતો. પ્રગટ શ્રી ડાહ્યાભાઇ મહારાજે સંવત ૨૦૨૪ના અષાઢ સુદ દસમે બપોરે ૧-૩૦ વાગ્યે આ પંચભૂતના દેહનો ત્યાગ કર્યો. સૌ હરિભક્તો ભારે

કલ્પાંત કરવા લાગ્યા. હરિભક્તોએ મહારાજશ્રીને નીચે સુવાડ્યા. સર્વેએ ચાંલ્લા કર્યા. આરતી ઉતારી ભજનો બોલ્યાં પછી બેન્ડવાજાં સહિત ભજનો ગાતા ગાતા સર્વે સંતમંડળે સાબરમતી નદીના આરે દુધેશ્વર સ્મશાન ઘાટ પર મહારાજશ્રીનો અંતિમ સંસ્કાર કર્યો. આમ પરબ્રહ્મના અંતિમ સાકાર સ્વરૂપે પૃથ્વી ઉપરથી વિદાય લીધી. અક્ષરભુવનમાં એક મહિના સુધી સર્વે સત્સંગી ભાઇ-બહેનોએ ભેગા મળીને ભજન-સત્સંગ કર્યો.

ત્યારબાદ બે-ત્રણ મહિના પછી બાકરોલમાં દેવદિવાળી સમૈયો આવતો હતો. તેથી સર્વે નારાયણકુંજના હરિભક્તોએ મહારાજશ્રીની ફોટો કોપી કઢાવી બાકરોલ મંદિરમાં પાછળ હૉલમાં પધરાવી. ને બધાએ ભજન સમૈયા કર્યા. ભીખાકાકા, મણીબા, મધુબેન સત્સંગમંડળ વતી સર્વે હરિભક્તોને ભજન સત્સંગ કરવા તેડાવતા.

નારાયણ કુંજના હરિભક્તો રોજ સાંજે અક્ષરભુવનમાં ભેગા થતા. તેમને વિચાર આવ્યો કે, આપણે બધા ભેગા થઇને બાકરોલ મૂર્તિ ઘડાવીને પધરાવીએ. ગોવિંદભાઇ એન્જીનીયર તથા ભીખાકાકાને લઇને બાકરોલ ગયા. જગ્યા બતાવી ક્યાં મૂર્તિ પધરાવી તે નક્કી કર્યું. ઝાંપાની સામે બરાબર વચ્ચે હોય તો ગામના જતા આવતા હરિભક્તોને મહારાજશ્રીના દર્શન થાય. મોટો ઓટલો પિલ્લરવાળો કરવાનો જેથી ભક્તો સહેલાઇથી પ્રદક્ષિણા કરી શકે. ઉપર શિખર બનાવડાવ્યું જેથી દુર દુરથી મંદિરની ધજા અને શિખર જોઇ શકાય. ભીખાકાકાની દેખરેખ નીચે બાકરોલમાં મંદિરની વચ્ચે આવેલા શિખર બંધ મંદિર, ઓટલાનું કામકાજ ચાલુ થયું.

અક્ષરભુવનમાં બધા બેઠા હતા. ત્યારે પુંજાકાકાના દિકરા જસુભાઇએ બધાને કહ્યુકે, મહારાજશ્રીની મૂર્તિ મારા બાપુજી તરફથી ઘડાવું છું. વળી જસુભાઇએ મહારાજશ્રીના હાથના કડા, ઘડિયાળ, ગળાનો હાર, પાયમાં ઝાંઝર, બે જોડ કપડા વગેરે આપ્યું. મૂર્તિ તૈયાર

થતા સંપ્રદાયના તમામ ગામે ગામના હરિભક્તોને મણિબા, મધુબેન તથા ભીખાકાકાએ કંકોત્રી છપાવીને તેડાવ્યા.

આમ, સર્વે હરિભક્તોએ ભેગા મળીને સંવત ૨૦૨૮ના વૈશાખ સુદ પાંચમને ગુરુવારે તાઃ૧૮-૫-૧૯૭૨ના દિવસે યજ્ઞ પૂજન કરીને વિધિવત મહારાજશ્રીની મૂર્તિમાં પ્રાણ પ્રતિષ્ઠાનો મહોત્સવ સંપન્ન કર્યો. મહોત્સવના ગામના હરિભક્તોએ પણ પ્રતિષ્ઠા-દર્શન-પ્રસાદનો લાભ લીધો હતો. ત્યાર બાદ સંપ્રદાયના વડીલ હરિભક્તોએ દેવ દિવાળી (કારતક સુદ ચૌદસ/પૂનમ તથા વૈશાખ સુદ પાંચમ/છઠ્ઠનો સમૈયો એમ વર્ષમાં કુલ બે સમૈયા બાકરોલ મુકામે રાખ્યા. ને રામ નવમીનો સમૈયો છોટાઉદેપુરના હરિભક્તોના કહેવાથી ચચેર મુકામે આપ્યો. બાકરોલ મંદિરના શિખર ઉપર કળશ ચઢાવવા માટે મણિબા તથા બીજા એક-બે હરિભક્તોએ કળશને સોનાનો ઢોળ ચઢાવવા માટે સોનું આપ્યું.

આખું મંદિર તથા ઘુમટનું કામકાજ વીરસદવાળા સોમભાઇ મિસ્ત્રીએ ખુબજ ખંતથી કર્યુ.

શરૂઆતમાં, જેકાભાઇ ભગત, છીંડાભાઇ ભગત, મફતભાઇ ભગત વગેરેએ થોડા થોડા સમય સુધી બાકરોલ મંદિરમાં પુજારી તરીકેની સેવા બજાવી. ત્યાર બાદ બહુધા ભીખાકાકા તથા ત્યારબાદ સોખડાવાળા શનાકાકાએ મંદિરની જવાબદારી નીભાવી હતી. અને મહારાજશ્રીની સેવા-પૂજા-થાળ વગેરે માટેની સેવા વીરપુર (ઝોઝ)વાળા ફતાભાઇ પુજારી યદ્યપિ નીભાવે છે. બાકરોલ મંદિરમાં અત્યારે વર્ષમાં બે સમૈયા ઉપરાંત શ્રાવણ મહિનામાં કથા-સત્સંગ, હિંડોળા ઉત્સવ, જન્માષ્ટમી ઉત્સવ, બેસતા વર્ષે અન્નકૂટ ઉત્સવ વગેર ખૂબ ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાય છે.

તદુપરાંત ગામનું શ્રી પ્રગટ પુરુષોત્તમ યુવક અને સત્સંગ મંડળ ભેગા મળીને દર શનિવારે રાત્રે ૯-૦૦ થી ૧૧-૦૦ સત્સંગ સભાનું

આયોજન કરે છે. તેમાં ઘણા ખરા ગામના તથા બીજા બહારગામના હરિભક્તો પણ સત્સંગ સભાનો લાભ લે છે. આજેય પણ પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઇ મહારાજ મૂર્તિ, પ્રતિમા દ્વારે પ્રગટ રહી હરિભક્તોના મનોરથ પુરા કરે છે. અને એકાંતિક ભક્તિ સિદ્ધ કરાવી પોતાના પરાવર અક્ષરધામમાં મહારાજશ્રીએ આપેલા વચન મુજબ લઇ જાય છે.

**બ્રહ્મવિદ્યા પીઠ**
**બાકરોલ ધામ**



**શ્રી પ્રગટ પુરુષોત્તમ ભગવાન - બાકરોલ ધામ**

**સમૈયાના શણગાર દર્શન**




શ્રી બાકરોલ ધામ

